એકમેકને ઓળખવાનો
# જ્ઞાતિસેતુ
વર્ષ : ૬ ● અંક : ૬
ઓગસ્ટ - સપ્ટેમ્બર '૧૧

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**મુદ્રણ આયોજન**
મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮
જયેશ ઘડીયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨

**વેબ સાઈટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

**વિતરણ વ્યવસ્થા**
કનુભાઈ બીજલાણી ૯૨૭૬૮ ૪૦૯૧૩
(સંપર્ક સમય : રાત્રે ૯ થી ૧૧)

**નાણાકીય વ્યવસ્થા**
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**જાહેરાત - લવાજમ માટે સંપર્ક**

● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
(રૂલપ્રેસવાળા)

● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
(ઉદય સ્ટેશનરી માર્ટ)

● **માધાપર**
હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

● **નાગપુર (મહારાષ્ટ્ર)**
ભાણજીભાઈ સોની

**માનદ્ સંયોજક (ભુજ)**
શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪
પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની
ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે,
દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

**કાર્યાલય :**
રાજેન્દ્ર સોની
ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક,
અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮
**વેબ સાઈટ** : www.gnyatisetu.com
**ઈ-મેલ** : editor@gnyatisetu.com
છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

## તંત્રી સ્થાનેથી



ગત માસે શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની મહામંડળની સાધારણ સભામાં નવી કારોબારીનું ગઠન થયું, હોદ્દેદારોનું ચયન થયું. અગાઉના વર્ષો દરમ્યાન મહામંડળે કરેલી સંગઠનાત્મક વિકાસલક્ષી પ્રવૃત્તિઓની સમીક્ષા થઈ. આગામી પ્રવૃત્તિઓના આયોજન વિશે વિવિધ વિચારો પ્રસ્તુત થયા.

સભામાં રજૂ થયેલી બાબતો પરથી સ્પષ્ટ વરતાય છે કે દેશના વિવિધ વિસ્તારોમાં છુટોછવાયો વસેલો આપણો નાનકડો સમુદાય, હવે મહામંડળ, એના અસ્તિત્વ અને એના મહત્ત્વ વિશે સારી પેઠે જાગ્રત થયો છે. એટલું જ નહીં, **આપણા સમાજના લોકો હવે મહામંડળ દ્વારા સમસ્ત સમાજને ઉપયોગી થાય એવા કાર્યો, પ્રવૃત્તિઓની અપેક્ષાઓ પણ રાખે છે.** આશા છે, આપણું મહામંડળ સમાજની અપેક્ષાઓનું યોગ્ય રીતે વિશ્લેષણ કરશે તેમજ સમસ્ત સમાજના હિતમાં એની પ્રવૃત્તિઓનું આયોજન - નિયોજન હેતુ સંન્નિષ્ઠ પ્રયાસો કરશે.

આપણો સમાજ હવે ભૌગોલિક, આર્થિક, સામાજીક અંતરો / અંતરાયો પાર કરીને સંગઠિત થયો છે, જેનું પ્રતિબિંબ આપણું મહામંડળ છે, જે આપણા સહુનું 'સહિયારૂં' છે. એના થકી આપણું સામુહિક વજુદ પ્રસ્થાપિત થાય છે. જે વર્તમાન સંદર્ભે અત્યંત આવશ્યક છે અને એટલે જ **મહામંડળની સ્થાપના અને તેનું છેલ્લા પાંચ વર્ષથી કાર્યરત રહેવું એ જ આપણા સમાજની સૌથી મોટી અને મહત્ત્વની ઉપલબ્ધિ છે.** મહામંડળ થકી આપણા નાનકડા સમાજનો અવાજ અવશ્ય બુલંદ થશે. દા.ત. હાલમાં જ બુલિયન મર્ચન્ટ એસોસિએશને 'સોના ચાંદી કસબ'ને 'ગૃહ ઉદ્યોગ'નો દરજ્જો આપવાની ભલામણ કરી. મહામંડળ થકી આપણે આ ભલામણને સરકારના દ્વારે અસરકારક રીતે રજૂ કરવા સક્ષમ થશું. આપણા સમાજની આવી જ બીજી અનેક સામૂહિક મહત્ત્વની સમસ્યાઓના સમાધાન માટે આપણને મહામંડળનું સંગઠિત પીઠબળ આવશ્યક છે. અને એ માટે, આ મહામંડળની જાળવણી આપણા સમાજના પ્રત્યેક સભ્યની સામૂહિક ફરજ છે. દેશના વિવિધ ભાગોમાં વસતા આપણા પ્રત્યેક પરિવાર સુધી મહામંડળની 'મહેક' પ્રસરાવવી આવશ્યક છે. આપણા વચ્ચે અરસપરસ 'સંવાદ'નું સાતત્ય જાળવવું જરૂરી છે. જોકે અન્ય સમાજોની સરખામણીએ આપણા માટે એ કઠીન છે, છતાં શક્ય તો છે જ. આપણા સમાજના સમસ્ત પરિવારો વિશે પૂર્ણ માહિતી એકત્ર કરી, સીમાંત પરિવારોની સમસ્યાઓ / આવશ્યક્તાઓનું સંકલન થવું આવશ્યક છે કારણકે એના આધારે જ સમાજોપયોગી પ્રવૃત્તિઓનો અગ્રતાક્રમ (પ્રાયોરીટી) નક્કી થઈ શકે.

**વર્તમાન સંયોગોમાં સમાજે મહામંડળ પાસેથી માત્ર એવી જ પ્રવૃત્તિઓની અપેક્ષા રાખવી જોઈએ કે જે સમાજના સીમિત આર્થિક અને માનવ સંશાધનો પર ભારરૂપ ન હોય, બલકે જે મહદાંશે પ્રસ્તાવ કર્તાઓ દ્વારા સ્વયં નિર્ભર હોય, સમસ્ત સમાજલક્ષી હોય તેમજ સંગઠિત સમાજની પ્રભાવી છબી ઉપસાવવા સક્ષમ હોય.**

આશા છે, આગામી વર્ષો દરમ્યાન આપણા સમાજના પ્રજ્ઞાવાન વડીલોના માર્ગદર્શન તેમજ યુવા વર્ગના સક્રિય સંયોજને આપણું મહામંડળ સમસ્ત સમાજને ઉપયોગી એવી પ્રવૃત્તિઓનું આયોજન તેમજ નિયોજન કરશે.

संघम् शरणम् गच्छामि ।

| અતુલ સોની | મનુભાઈ કોટડીયા | હંસરાજ કંસારા |
|---|---|---|
| માનદ્ મંત્રી | પ્રમુખ | મુખ્ય તંત્રી |

# જીવનનું લક્ષ્ય અને જરૂરિયાતો

કુ. એકતા કટ્ટા - અંજાર

*"लोभश्चेदगुणेन किं पिशुनता यद्यस्ति किं पातकैः
सत्यं चेत्तपसा च किं शुचिमनो यद्यस्ति तीर्थेन किम् ।
सौजन्यं यदि किं निजैः सुमहिमा यद्यस्ति किं मण्डनैः
सद्विद्या यदि किं धनैरपयशो यद्यस्ति किं मृत्युना ॥"*

*-ભર્તૃહરિ રચિત નીતિશતક માંથી.*

અર્થાત્ જો લોભ છે તો અવગુણોની શી જરૂર છે? જો દુષ્ટતા હોય તો પાપોની શી જરૂર? જો સત્ય હોય તો તપની શી જરૂર છે? મન પવિત્ર હોય તો તીર્થની શી જરૂર છે? સૌજન્ય હોય તો સ્વજનોની શી જરૂર છે? જો સારો મહિમા (કીર્તિ) હોય તો શણગારની શી જરૂર છે? જો સારી વિદ્યા હોય તો ધનની શી જરૂર છે? જો અપયશ હોય તો મૃત્યુની શી જરૂર છે?

ઉપરોક્ત સુભાષિતમાં સુભાષિતકારે જાણે જીવનનો સાર સ્પષ્ટ કરવા પ્રયત્ન કર્યો છે. જીવનનો લક્ષ્ય અને જરૂરિયાતો જણાવવા પ્રયાસ કર્યો છે. જીવનમાં કઇ બાબતને મહત્ત્વ આપવું તે વિષે પ્રકાશ પાડવા પ્રયાસ કર્યો છે. લોભ, દુષ્ટતા, સત્ય, પવિત્રતા, સૌજન્ય, મહિમા (કીર્તિ), સુવિદ્યા અને અપયશ આપણા જીવન ને કેવી રીતે અને કેટલું પ્રભાવિત કરે છે તેનો ચિતાર આપ્યો છે તો સામે પક્ષે અવગુણ, પાપ, તપ, તીર્થ, સ્વજન, શણગાર, ધન અને મૃત્યુની સાચી વ્યાખ્યા આપી તેનો પર્યાયવાચી અર્થ સમજાવ્યો છે.

માણસ તે પછી કોઇ પણ ધર્મ, જાતિ, કુલ કે દેશનો હોય સદ્‌ગુણ અને અવગુણ તેના જીવન સ્તરનાં માપદંડ બને છે. ત્યારે સુભાષિતકારનાં મત પ્રમાણે એક 'લોભ'નો ગુણ તમામ અવગુણોનો પર્યાય બને છે. એક લોભ જીવનમાં અવગુણો હોવાનો કારણ બને છે. જેનાં જીવનમાં લોભ છે તેને અવગુણની જરૂર જ નથી! છે? ગુજરાતીમાં કહેવાયું છે કે, "લોભે લખણ જાય!" ગમે તેટલાં ગુણો હોય, જીવનમાં ગમે તેટલી સિદ્ધિઓ મળે પણ જો એક લોભ રૂપી અવગુણ આવે તો મેળવેલું બધું જ ચાલ્યું જાય છે. માટે જ કોઇ પણ બાબતે લોભથી બચી જેટલું અને જે મેળવ્યું તેમાં સંતોષ જ ઉચિત ગણી શકાય.

ઈશ્વરે આ દુનિયામાં જીવન તો કેટલાય પ્રાણીઓ ને બક્ષ્યું છે. પરંતુ, માણસ સર્વશ્રેષ્ઠ શા માટે? માત્ર તેની માનવતા થકી જ! જ્યારે માણસનાં જીવનમાં માનવતાનાં સ્થાને દુષ્ટતા આવે છે ત્યારે તેનું જીવન સૌથી નીચા સ્તરનું બની જાય છે! આ દુનિયાનાં દરેક માણસનાં શબ્દકોષમાં 'પાપ' શબ્દનું સ્થાન છે જ! દરેક ધર્મ-સંપ્રદાય પાપથી બચવા નિર્દેશ આપે છે. કારણ પાપ જીવન માટે ઝેર સાબિત થાય છે. જીવનનાં પતનનું કારણ બને છે. ત્યારે વાસ્તવમાં દુષ્ટતા મોટામાં મોટું પાપ ગણી શકાય! જે માનવતાનાં હનનનું કારણ બને છે અને માનવતા જ તો માનવ જીવનનો આધાર છે! માનવ અને બીજા પ્રાણીઓ વચ્ચેનાં તફાવતને દૂર કરી દે છે. તેથી જો જીવનમાં દુષ્ટતા હોય તો માનવનું મન કોઇ પણ પ્રકારનાં પાપ કરવા પ્રેરાય છે. જીવનની કોઇપણ સિદ્ધિ કે ઉપલબ્ધિ મેળવવાનાં માર્ગમાં માનવતા ખોવાય નહીં અને દુષ્ટતા આવે નહીં તેની તકેદારી રાખવી જ ઘટે!

જે પ્રકારે રાંધેલું અન્ન સરળ અને સુપાચ્ય બને છે, અનાજમાં રહેલાં તમામ દોષો અગ્નિનાં તાપથી બળી નષ્ટ થાય છે. તેવી જ રીતે જીવનમાં આવેલી તકલીફો, ઊતાર-ચઢાવ, ચડતી-પડતીથી જીવન પ્રત્યેનો અભિગમ સરળ બને છે અને સિદ્ધિ કે ઉપલબ્ધિ ને જીરવવાની, પચાવવાની ક્ષમતા આપોઆપ આવે છે. જીવન સરળ બનવાથી કોઇપણ પ્રકારનાં અવગુણ કે પાપરૂપી દોષ પણ નાશ પામે છે! માત્ર શર્ત આટલી જ રહે છે કે, આવનારી તકલીફો સામે અડગ રહી તેને સહન કરવું! જેવી રીતે અન્નને રાંધવા માટે પૂરતાં સમય સુધી તેને અગ્નિ પર રાખવું આવશ્યક છે, તેવી જ રીતે તકલીફો સામે અડગ રહેવું પણ આવશ્યક છે અને કદાચ એ જ સાચો 'તપ' કહેવાય છે. જીવનમાં જે સત્ય છે- સાચું છે તેને જ મહત્ત્વ આપવું જોઇએ. જીવનની સાચી સિદ્ધિ પણ તેમાં જ રહેલી છે! અને વાસ્તવિકતા એ છે કે સત્યનાં પાલનમાં ડગલે ને પગલે તકલીફો-અડચણો આવે છે! દરેક ધર્મ-સમ્પ્રદાય પણ આ જ તથ્યને સ્વીકારે છે કે, સાચા માર્ગે જવાથી જ તકલીફો આવે છે, જ્યારે ખોટો માર્ગ ઘણો સરળ હોય છે. તેથી જ જેણે જીવનમાં સાચો માર્ગ-સત્યનો માર્ગ અપનાવ્યો છે તેને લાંબા સમય સુધી કોઇ એક આસને બેસી, એક પગે ઊભાં રહી 'તપ' કરવાની આવશ્યકતા નથી, તે તો આપો-આપ તપસ્વીનાં સ્તરે પહોંચી જશે!

મનની શાંતિ જ જીવનનું લક્ષ્ય છે. આ શાંતિ શોધવા આપણે તીર્થયાત્રાઓ કરતાં હોઇએ છીએ. કારણ તીર્થક્ષેત્ર સાર્વભૌમિક હોય છે, કોઇ પણ પ્રકારનાં અવગુણો, પાપો કે તકલીફોથી પરે થઇ પવિત્ર હોય છે. એની પવિત્રતામાં થોડા સમયનો વસવાટ પણ જીવનમાં આવેલાં દોષો દૂર કરવાનો માર્ગ મોકળો કરી આપે છે! (તીર્થક્ષેત્રોનો વ્યાપારીકરણ, ગેરવહીવટ, સામ્પ્રદાયિકતા જેવાં દુર્ગુણો આપણાં તીર્થક્ષેત્રોની દુર્દશા નોતરે છે તે ભારતીય સંસ્કૃતિની વિટંબણા છે!) ત્યારે મનની 'પવિત્રતા' જીવનમાં તીર્થો જેવી જ શાંતિ પ્રસરાવવા સક્ષમ છે, કારણ કે મનમાં રહેલ મેલ-દોષ જ શાંતિ હણતા હોય છે. તેથી જેઓનું મન પવિત્ર છે તેને તીર્થોમાં જવાની શી જરૂર છે તેઓ તો ઝૂંપડીમાં પણ તીર્થ સમી શાંતિ મેળવી લે છે.

માણસ સામાજીક પ્રાણી છે. એક-બીજાનાં સહકાર કે સૌજન્ય વિના તેનું જીવન વિકસિત થતું નથી! જન્મથી લઇ મરણ સુધી તે પરિવારજનો-સ્વજનો પર નિર્ભર રહે છે. જો કુટુંબ-પરિવારમાં પરસ્પર સહકારની ભાવના ન હોય તો કુટુંબ-પરિવાર હોવા છતાંયે તેનાં સભ્યો એકલવાયું જીવન જીવતા હોય છે ત્યારે બીજી તરફ જેઓનાં મનમાં 'સહકાર'ની ભાવના હોય છે, તે કોઇ અજાણ્યા પ્રદેશમાં પણ કુટુંબ-પરિવાર ઊભું કરવા સક્ષમ હોય છે. તેથી જ જેઓમાં સહકારની ભાવના છે તેઓને સ્વજનની ખામી નથી રહેતી!

માણસ સૌને પ્રભાવિત કરવા પોતાનાં આંતરિક સૌંદર્ય કરતાં બાહ્ય દેખાવ ને વધુ મહત્ત્વ આપે છે અને કદાચ આ મહત્ત્વનાં કારણે જ વિવિધ પ્રકારનાં શણગારોનું જન્મ થયું હશે. ઘણું ખરું આ શણગારોનાં આધારે વ્યક્તિત્ત્વની પરખ થતી હોય છે. પરંતુ જેઓએ પોતાનાં સદ્‌ગુણો, પવિત્રતા, સહનશક્તિ અને સહકારથી 'સુકીર્તિ' મેળવી હોય છે તેઓ કોઇપણ શણગાર વિના જ સૌને પ્રભાવિત કરવા સક્ષમ હોય છે.

જીવનનાં પ્રત્યેક લક્ષ્ય ને મેળવવા પરોક્ષ કે અપરોક્ષરૂપે 'ધન' આવશ્યક હોય છે. તેથી જ તેનો સંગ્રહ પણ જીવનનો એક મહત્ત્વનો લક્ષ્ય બની રહે છે! પરંતુ, જેમણે જીવનની સાચી વિદ્યા મેળવી છે, કમ સે કમ પોતાનાં જીવનને ટકાવવા, વિકસાવવા આવશ્યક કળા સીખી છે તેઓને જ્યારે ધનની જરૂરત ઊભી થઇ ત્યારે તે ધન મેળવવા સક્ષમ બની રહે છે. દેશ, ધર્મ, જાતિ કુળ અને સમયને અનુરૂપ સાચી વિદ્યા (શિક્ષા) જેમનાં પાસે છે, તેમને ધન સંગ્રહ પાછળ જીવનનો અમૂલ્ય સમય ગુમાવવાની આવશ્યકતા રહેતી નથી!

પોતાની આસપાસ પોતાનો પ્રભુત્વ દુનિયાનાં દરેક માણસનાં જીવનનો વણલખ્યો લક્ષ્ય હોય છે. તે પ્રભુત્વ પછી કુટુંબ-પરિવારનો હોય, જ્ઞાતિનો હોય, ગામ-શહેરનો હોય કે પછી રાષ્ટ્રનો હોય, જેવી તેની ક્ષમતા તે મુજબ તે પ્રભુત્વ ઇચ્છતો જ હોય છે! અને આ પ્રભુત્વ દૂર થતાં જ તેનો જીવન નિરસ અને નિષ્ક્રિય બની જાય છે. જીવનની નિરસતા અને નિષ્ક્રિયતા મૃત્યુતુલ્ય હોય છે. ત્યારે એક પણ કલંક કે અપયશ દાયકાઓનાં પ્રભુત્ત્વ ને દૂર કરવા પૂરતો હોય છે! માટે જ જેઓ ને જીવનમાં કોઇપણ ક્ષેત્રે અપયશ મળે છે, તેઓ જે તે ક્ષેત્ર પૂરતો પણ પોતાનો પ્રભુત્વ ગુમાવે છે અને નિરસતા તથા નિષ્ક્રિયતા મેળવે છે!

આમ, જીવનમાં સંતોષને, માનવતાને, સહનશીલતાને, પવિત્રતાને, સહકારને, સુકીર્તિને, સાચી વિદ્યાને અને સુયશને મહત્ત્વ આપવું જોઇએ તે જ આ સુભાષિતનો સાર છે! ■

## પ્રેરણા

ગઇકાલ સ્વપ્નતુલ્ય છે, આવતીકાલ માત્ર અભ્યાસરૂપ છે. માટે મરેલા ભૂતકાળની તેમજ નહિં જન્મેલા ભવિષ્યની ચિંતા કરો નહીં પણ શાશ્વત વર્તમાનકાળ પર જ મનને કેન્દ્રિત કરો. આજનો દિવસ છેલ્લો હોય તેમ માનીને તેને સારામાં સારી રીતે જીવો. દરેક ક્ષણ ખુબ જ અગત્યની છે. દરેક દિવસ એ જીવનમાં પલટો લાવવા માટે શ્રેષ્ઠ અને દરેક વર્ષ એ જીવનમાં આશાનું નવું કિરણ પ્રેરવાને માટે સારામાં સારો સમય છે. આરામ કે પ્રમાદને ચાહો નહીં. અર્ધી ક્ષણ જેટલાં સમયને પણ વ્યર્થ ગુમાવો નહીં. ખૂબ બળવાન બનો. કીર્તનમાં તેમજ સંત અને ગરીબની સેવામાં લીન બનો, ધ્યાન ધરો. સત્યનો અહીં અને અત્યારે સાક્ષાત્કાર કરો. કાળને પેલે પાર લઇ જઇ કાલાતીત બનો.

*બુધ્ધભટ્ટી દિવ્યા શાંતિલાલ - અંજાર*

## સાચો પ્રેમ કેમ પિછાણવો?

લગ્ન પહેલાં યુવક-યુવતી એકમેકને બરાબર ઓળખે તે જરૂરી છે. એકમેક માટે અંધવિશ્વાસ રાખવો નહીં જોઇએ. બન્નેએ એકબીજાના સદ્‌ગુણો અને દુર્ગુણોનો પણ સાચો ખ્યાલ મેળવી લેવો જોઇએ. કોઇએ બીજાને સંપૂર્ણ કે આદર્શ માની નહીં લેતાં. એ પણ સામાન્ય માણસ છે ને માણસની જેમ સારાં ને નરસાં તત્ત્વોનું વિચિત્ર મિશ્રણ છે એમ માનવું જોઇએ. લગ્ન પૂર્વે એકમેકનો પૂરો પરિચય ન થાય તો લગ્ન પછી ધાર્યું ન નીકળતાં એક પ્રકારની નિરાશા મનનો કબજો લઇ લે છે. વિવાહિત યુવક અને યુવતી એકબીજાંને પૂરેપૂરાં પિછાને અને પછી સ્વીકારે એ ઇષ્ટ છે. સમજીને અપનાવવાથી પછી છેતરાયા જેવું લાગે નહીં.

એકબીજાના સદ્‌ગુણોની સાથોસાથ તેમની ત્રુટિઓ પણ ધ્યાનમાં રહે એ ખૂબ જરૂરી છે. વળી પ્રેમ બળવાન હોય તો બીજા કશાની ફિકર નહીં એમ માનીને અન્યોન્યની ટેવો, રીતભાત, રુચિ અને સ્વભાવ તરફ દુર્લક્ષ ન સેવવું. અલબત્ત, નાની નાની બાબતો પર વધુ પડતો ભાર નહીં મુકાવો જોઇએ પણ સાથોસાથ આ નાની નાની લાગતી બાબતો જ કેટલીક વાર મતભેદ કરતી હોય છે એ પણ નહીં ભૂલવું જોઇએ. એટલે લગ્નની સફળતા માટે લગ્ન પહેલાં બન્ને સંપૂર્ણ નિખાલસ બની રહે એ અનિવાર્ય છે. આર્થિક સ્થિતિ, શારીરિક સંપત્તિ, જીવન તરફનું વલણ, નોકરી, કારકિર્દીનો ખ્યાલ, એ બધું સ્પષ્ટ થવું જોઇએ. ટૂંકમાં એવી કોઇ મુખ્ય બાબત અણકથી નહીં રહેવી જોઇએ જે પાછળથી કહેવાથી બેમાંથી એકને આઘાત લાગે કે છેતરાયા જેવું લાગે. અલબત્ત, જ્યાં પ્રેમ હોય ત્યાં આ બધું ગૌણ બની જાય છે પણ પ્રેમ એ અજ્ઞાનનો આશીર્વાદ નહીં બનતા જ્ઞાનનો વિશ્વાસ બનવો જોઇએ.

પ્રેમ કાંઇ લાયકાત માગતો નથી. એમ હોત તો સંસારનાં મોટા ભાગનાં સ્ત્રી-પુરુષો સંસારની આ મહાન ભાવનાથી વંચિત જ રહી જાત. કોઇ પ્રેમીઓ એકબીજાની લાયકાતનો જ વિચાર કરતાં નથી પણ દરેક પોતાના પ્રેમીને લાયક બનવા તો મથે જ છે. એકબીજાને લાયક થવાની અને રહેવાની આ વૃત્તિ ન હોય તો સમાનતાની લાગણી રહેતી નથી અને લગ્નમાં સમાનતા જે સુખ આપી શકે છે એ બીજી કોઇ વસ્તુ આપી શકતો નથી.

મન... આમ તો કાનોમાત્ર વિનાનો બે અક્ષરનો શબ્દ. પણ એની તાકાત અગાધ. મનની સાથે બુદ્ધિ સંકળાયેલી છે. બુદ્ધિ સાથે કાવાદાવા, દલીલબાજી, તર્ક, પ્રપંચ સંકળાયેલાં છે. બુદ્ધિ એ ગલીકૂંચી છે, રાજમાર્ગ નથી. બુદ્ધિ ગુનેગાર પણ છે, વકીલ પણ છે અને ન્યાયાધીશ પણ છે. એની પાસે અદાવત અને અદાલત બંને છે. અદાવત બીજા સાથેની નહીં, પણ પોતા સાથેની વિશેષ હોય છે. બીજા સાથેની તો દેખાય છે, પણ પોતાની સાથેની દેખાતી નથી અને જીવનના અંત સુધી એની ખબર પણ નથી પડતી. બુદ્ધિ સાથે અહમ સંકળાયેલો છે. અહમ્ બીજાને વાગ્યા વિના રહે જ નહીં. અને જ્યારે અહમ્ ઘવાય ત્યારે માણસ અંદરથી ભાંગી પડે.

FACE BOOK

# Facebook પર 'જ્ઞાતિસેતુ' યુથ ફોરમ

**અતુલ સોની**

*આ અંકથી આ નવી શ્રેણીનો પ્રારંભ થાય છે. શ્રી અતુલ સોનીએ લખ્યું છે તેમ 'યુવાવર્ગ'ને સમાજનો 'સેતુ' બનાવવા આવશ્યક છે કે તેઓ 'સમાજ'માં રસ લેતા થાય. આજની યુવા પેઢીનું સંવાદ માધ્યમ 'Face-book' છે. સેતુ સાથે એનું જોડાણ આવકાર્ય છે. આશા છે, આપણો યુવાવર્ગ એને યોગ્ય પ્રતિસાદ આપશે અને વડીલો સંવાદના આવા આધુનિક માધ્યમનો સદુપયોગ આવકારશે.*

*– મુખ્યતંત્રી*

## FACE TO FACE WITH OUR YOUTH

સમગ્ર દુનિયામાં છેલ્લા કેટલાક વર્ષોથી કોમ્યુનિકેશન ક્ષેત્રે ખૂબ પ્રગતિ થઈ છે. નવી ટેકનોલોજીથી સંપર્કના નવા નવા માધ્યમો વિક્સી રહ્યા છે. ઈન્ટરનેટનો વ્યાપ વધવાની સાથે સામાજીક નેટવર્કિંગ વેબસાઈટ ખૂબ લોકપ્રિય બની રહી છે. તાજેતરમાં અન્ના હજારેના ભ્રષ્ટાચાર વિરૂધ્ધના આંદોલનમાં બહોળી સંખ્યામાં યુવા વર્ગ જોડાયેલ. અને જોતજોતામાં તેનો વ્યાપ વધી ગયો. આ ચળવળની સફળતામાં Facebook જેવી વેબસાઈટનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે.

આપણા જ્ઞાતિ સમાજમાં યુવા વર્ગ ઈન્ટરનેટનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરે છે. મોબાઈલ પર પણ Facebook સાઈટ સહેલાઈથી ઉપલબ્ધ છે. આ માધ્યમનો ઉપયોગ કરી સમાજના યુવા વર્ગ સાથે સંપર્ક સાધવાનો એક વિચાર આવેલ. અનુભવે એવું જણાયું છે કે સમાજના ૧૯થી ૩૦ વર્ષની વયજુથના યુવક યુવતીઓને અભ્યાસ સિવાયના ઈતર વાંચન પ્રત્યે ખાસ અભિરૂચિ હોતી નથી.

હાલમાં 'જ્ઞાતિસેતુ' આપણા સમાજના ૨૫૦૦-૩૦૦૦ પરિવારોમાંથી ૧૦૦૦ જેટલા પરિવારોમાં નિયમિત જાય છે. તેનો બહોળો ચાહક વર્ગ છે તે હકીકત હોવા છતાં એવું મહેસુસ થઈ રહેલ હતું કે સમાજના નવ યુવાવર્ગની સાથે તાદાત્મ્ય સાધવા તેમની રૂચિને અનુરૂપ કોઈ માધ્યમ હોવું જરૂરી છે. વળી એ પણ જણાયું કે આ નવ યુવાવર્ગના યુવક - યુવતીઓ સામાજીક નેટવર્ક સાઈટ Facebookનો ખૂબ મોટા પ્રમાણમાં સતત ઉપયોગ કરી રહેલ છે.

સમાજના ભવિષ્ય એવા આ વર્ગની સમાજ પ્રત્યેની અભિરૂચિ વધે તે હેતુથી હાલમાં Facebook પર 'જ્ઞાતિસેતુ યુથ ફોરમ'ની રચના કરવામાં આવેલ.

Facebook પર "Gnyatisetu Youth Forum" ગ્રુપની રચનાના માત્ર ચાર દિવસમાં જ તેમાં ૧૦૦થી વધારે સભ્યો જોડાઈ ગયા. હાલમાં ૨૦૦થી વધારે ગ્રુપ મેમ્બર દરરોજ એકબીજા સાથે સંપર્કમાં રહે છે અને જ્ઞાતિ - સમાજ પ્રત્યે તેમના વિચારો કોઈપણ રોકટોક વગર અભિવ્યક્ત કરે છે.

આ ગ્રુપની વિશેષતા એ છે કે હાલે તો માત્ર કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિના જ સભ્યો જોડાયેલ છે. પરંતુ Facebookનો વ્યાપ તો વિશ્વવ્યાપી છે. એટલે આપણી સમસ્ત કંસારા જ્ઞાતિના કોઈ પણ યુવા યુવતી, તડા કે પડાના ભેદભાવ વિના આ "Facebook Youth Forum"માં જોડાઈ પરસ્પર Face to Face થઈ શકે છે. ઉંમરના બાધ વગર મનથી યુવાન એવા ઉત્સાહી જ્ઞાતિજનો સતત પોતાના પ્રેરણાદાયી વિચારોથી Facebookને સમૃધ્ધ બનાવી રહેલ છે.

આ ગ્રુપના મેમ્બર થવા આપ મને Friend Request મોકલાવી શકશો.

### Facebook – એક નેટવર્કિંગ વેબસાઈટ

*Facebook.com એ એક લોકપ્રિય સોશિયલ નેટવર્કિંગ સાઈટ છે. દુનિયાભરમાં આજે અંદાજે ૭૫ કરોડથી વધારે લોકો ફેસબુક પર છે.*

*Facebookમાં પોતાનું એકાઉન્ટ બનાવ્યા બાદ વ્યક્તિ લાખો લોકોના સંપર્કમાં આવી શકે છે. આ પૈકી પોતાના ઓળખીતા, જાણીતા, સગા - સંબંધી - મિત્રોને તે Friend Request મોકલે છે. જે સ્વીકારવામાં આવતા તરત Friend - મિત્ર બની જાય.*

*દરરોજ Facebook પર કોઈને કોઈ લખાણ, વિચારો, ફોટોગ્રાફ, વિડીયો મૂકવામાં આવે છે. કોઈ પણ મેમ્બર એના વિચાર અને અનુભવ Facebook પર મૂકી Share કરી શકે છે, જે તેના સર્વે મિત્રો જોઈ - માણી શકે અને તેના પર કોમેન્ટ પણ કરી શકે — કોઈપણ બાધા વગર.*

*Facebook મેમ્બર દ્વારા મહદ્ અંશે પોતાના - પરિવારના ઘરમાં, પ્રવાસ દરમ્યાન વિશેષ પ્રસંગ પર લેવામાં આવેલ ફોટાઓ મૂકવામાં આવે છે, જે તરત જ તમામ Facebook Friends જોઈ - માણી શકે છે.*

*કોઈ પોતાના મનપસંદ વિડીયો મૂકે, તો કોઈ જાણવાલાયક અન્ય વેબસાઈટની લીંક પણ મૂકે.*

*તાજેતરમાં અન્ના હજારેના સમર્થનમાં લાખો - કરોડો લોકોએ Facebook પર વિચારો પ્રદર્શિત કરેલ. આ મુવમેન્ટની સફળતા પાછળ Facebook અને Twitter જેવી વેબસાઈટની ભૂમિકા ખૂબ મહત્ત્વની રહી છે. અન્ના હજારેની ટીમે આ ચળવળમાં યુવાવર્ગને જોડવામાં આ માધ્યમનો ભરપૂર ઉપયોગ કરેલ છે.*

### આંકડાકીય દૃષ્ટિએ FACEBOOK

- ❖ માર્ક જુકેરબેગ દ્વારા ૨૦૦૪માં Facebookની શરૂઆત થઈ.
- ❖ દુનિયાભરમાં ૭૫ કરોડ લોકો તેના સક્રિય મેમ્બર છે.
- ❖ ૨૫ કરોડ લોકો મોબાઈલ દ્વારા Facebookનો ઉપયોગ કરે છે.
- ❖ ૩૫ કરોડ લોકો દરરોજ Facebook પર હોય છે.
- ❖ ૧૯૦ દેશોમાં Facebook ઉપલબ્ધ છે.
- ❖ દર મહિને ત્રણ અબજ જેટલા નવી વાર્તા, બ્લોગ, નોંધ, મેસેજ, ફોટોગ્રાફ, વિડીયો, આલ્બમ વિ. મૂકવામાં આવે છે.

## જ્ઞાતિસેતુ યુથ ફોરમ પર મૂકાયેલ કેટલાક વિચારો

**(http://www.facebook/#!/groups/258146944201272)**

- બારમેડા ભદ્રેશ એ સમસ્ત બ્રાહ્મણ સુવર્ણકાર (મારૂ કંસારા)ના જ્ઞાતિજનોના પૂજનીય તથા વંદનીય બારમેડા નુખના પ્રાગટ્યદેવ શ્રી પંછીદેવજી મહારાજનો સુંદર ફોટોગ્રાફ મૂકેલ છે.
- રશ્મિન બારમેડાએ ખૂબ સુંદર લેખ મૂકેલ છે – 'પ્રાર્થનાચિઠ્ઠી'. (જે આ અંકમાં અન્યત્ર લીધેલ છે.)
- ભરત બુધ્ધભટ્ટી - અંજારમાં મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ દ્વારા ઉજવાયેલ કાર્યક્રમના ફોટા તથા વિગતો રજૂ કરેલ છે.
- તુલસીદાસ કંસારાએ ભુજ - કચ્છમાં મળતી સ્વાદિષ્ટ વાનગીઓનું લીસ્ટ બનાવવાનું જણાવતા સંખ્યાબંધ મિત્રોએ ઘણીબધી વાનગીઓ જણાવી. જેના પર રસપ્રદ કોમેન્ટ પણ થઈ.
- અતુલ સોનીએ સિલ્વર નાઈટ્રો ઓક્સાઈડથી કેન્સર થાય છે તેની વિગત મૂકી. આપણા કારીગરો માટે ચિંતાની વિગત મૂકેલ.
- ચેતન સોનીએ રાજકીય ક્ષેત્રે ફોરેન સર્વિસ તથા સરકારી અધિકારીશ્રી, નોકરીમાં આપણી સંખ્યા ઓછી હોવાનું ભવિષ્ય માટે આશા વ્યક્ત કરી.
- રસીકભાઈ મહીચ્છાએ જણાવેલ છે કે મહીચા નુખના કુળદેવી સચ્ચા માતા મૂળ બેરાજામાં બિરાજે છે પરંતુ ઘણા વર્ષોથી ભુજમાં શ્રી ચંદુભાઈ અને તેમના ઘરમાં સ્થાપના કરી સેવા કરી રહ્યા છે. મહા સુદ-૧૪ના રોજ નૈવેદ્ય / હવન સમૂહ પ્રસાદ લેવાય છે. એની સાથે ફોટોગ્રાફ મૂકેલ છે.
- સુનીલ સોનીએ જય મહા કાલીકામાંનો સુંદર ફોટો મૂકેલ છે.
- રશ્મિન બારમેડાએ શ્રી સાબરકાંઠા જીલ્લા કચ્છ મારૂ સોની મંડળની જનરલ મિટીંગ દહેગામ ખાતે યોજાયેલ તેની વિગતો - ફોટાઓ મૂકેલ છે.

આ ઉપરાંત પ્રજ્ઞેશ સોની, ભદ્રેશ બારમેડા, પંકજ સોની, મનુભાઈ કોટડીયા, સુનીલ સોની, ગીરીશ સોની, મેહુલ બુધ્ધભટ્ટી, ભરત સોની, નેહા બગ્ગા, તુલસી કંસારા, નમ્રતા સોની, ભરત બુધ્ધભટ્ટી વિ. મિત્રો 'જ્ઞાતિસેતુ યુથ ફોરમ'માં સક્રિય રહેલ છે.

## લગ્ન વિચ્છેદ જેવા ગંભીર વિષય પર 'ફેસબુક' જ્ઞાતિસેતુ યુથ ફોરમ પર રજુ થયેલ વિચારોના કેટલાક અંશો

**Pragnesh Soni :** After success of 25th Samu Lagan.I have heard that nearly 8 to 10 couples have got divorce. nearly 20% that to in span of 4 to 6 months. If we can form a committee for samu lagan to get Two Souls together. Then we can also form a counseling committee that this Two soul don't get depart from each other, that too for little misunderstanding. Divorce is viewed as a last resort, to be avoided at all costs if possible and not to be lightly granted. we should council it to resolve to build sound and permanent marriages.

***Tulsi Kansara, Sunil Soni, Mehul Budhbhatti*** and ***2 others*** like

**Rashmin Barmeda :** I m in completely agreement, not only this i m proposing my self to be a part of the commitee, let us initiate & take it forward.....

**Pragnesh Soni :** then let start it.

**Atul Soni :** ભાઈ પ્રજ્ઞેશને ખૂબ અગત્યના વિષય પર ચર્ચા શરૂ કરવા બદલ અભિનંદન. આ ખૂબ દુ:ખદાયી બાબત છે. આપણી સંસ્કૃતિ મુજબ લગ્ન એ માત્ર બે વ્યક્તિઓનું જ નહીં પણ બે પરિવારોનું મિલન ગણાય. પરંતુ મોટાભાગના કિસ્સાઓમાં પારિવારિક અહમ્ જ આવા પરિણામો માટે જવાબદાર હોય છે. કમિટી બનાવવા માત્રથી કદાચ ધાર્યા પરિણામો નહીં આવે. સમાજમાં જાગૃતિ લાવવા સતત અભિયાન ચાલુ રાખવું પડશે. આ બાબતમાં સમિતિ માર્ગદર્શન જરૂર કરી શકે. આ બાબતે હું સદા આપની સાથે રહેવા તૈયાર છું. આભાર.

**Manubhai Kotadia :** દરેક વ્યક્તિએ પોતાનો અહંકાર છોડીને બીજાની ભાવનાઓ સાથે સંમત થવું જરૂરી છે.

**Rashmin Barmeda :** Manubhai, Atulbhai; we really put forward this initiation & request you to guide/advise for further line of acions or how we should work toward objective of this very imp initiative commenced by pragneshbhai.

**Rashmin Barmeda :** I really appriciate your views on this issue.

**Mehul Budhbhatti :** Atulbhai, I think we should publish this post as well as your comments in

"GNYATISETU" so that, not only we, but all families can read it....

**Bharat Budhbhatti :** Atulbhai, I think, Rashminbhai and other peoples who are keen to work in this social matter shall be recommended to be made a member of Social Committee of Mahamandal. As you know that we already have formed a committee for such matters and Mr. Shivlalbhai Soni of Anjar is the chairman. We shall make this committee strong by keeping the members who are really interested to work.

**Pragnesh Soni :** first of all warmness thanks to all of who like this suggestion.

**Atul Soni :** Pragnesh - keep posting

**Pragnesh Soni :** Oh sirji good afternoon.

**Pragnesh Soni :** Dear, Atulbhai, Let us start to work on this matter with all your co-operations & experience. And try to see that we get a fruitful efforts from it. I like the suggestion of Mehulbhai that we can post it in Gnyatisetu. As Bharatbhai said that there is Social committee for such matter that's very nice of it. I also like post of Manubhai.

**Atul Soni :** શિવુભાઈ ખૂબ ઉત્સાહી અને સેવાભાવી છે. તેઓને હાર્દિક શુભેચ્છા.

**Pragnesh Soni :** That's nice.

**Atul Soni, Pragnesh Soni :** Yes, we taking all comments on next issue of Setu. We r also starting one permanent column dedicated to this issue. First we contact all like minded persons and start addressing basic issue responsible for such result. Debut program can be arranged at all Gnyati gathering, youth can prepare some drama like programs. These all steps could have long term effect. So we should be persistent for issue for long time.

**Tulsi Kansara :** Is it really divorce or temporary seperation? Committee members can carry out a study, by interviewing parents of both sides, wishes of both spouses and common reasons for seperation or proposed divorce... solutions for reunion may be there only.

**Atul Soni :** Counselling can be one aspect of the solution but committee should work to study the root causes of problem and create atmosphere so that number of such incidents can minimised. I am optimistic.

**Pragnesh Soni :** Problem arises due to lack adjustibility, lack of passions, more involvement of in-laws. I think we should publish every not then articles in Setu regarding strong marriage relationship & causes of divorce.

**Chetan Soni :** Intellectual gap between the both the life partners also plays a role to intensify the problem. An opportunity to know each other well prior to marriage should be provided by both the familises to minimise such incidents. Of course, counselling by the committees such as one proposed will be valuable.

**Bharat Budhbhatti :** Another problem persist in our community is that the parents are very reluctant to discuss such problems with their wards. We need to get bit friendly with our children and should discuss each and every problem concerning their life. This will also help to minimize such problems to some extent.

**Bharat Budhbhatti :** We need to bring such awareness by counselling.

**Atul Soni :** Sure.

**Sanjeev Kansara :** Yes, I will agree with you and thanks to u that very serious about this matter.

# સૌને સતાવતી વર્તમાન સમસ્યા : "સગાઈ-લગ્ન વિચ્છેદ"નું વધતું પ્રમાણ

જયાબેન કાકુભાઈ બુધ્ધભટ્ટી - અંજાર

આપણી ઉચ્ચ જ્ઞાતિ, ઉચ્ચ વિચારો, ઉચ્ચ સમાજમાં આપણી ગણના થાય. કાર્યો પણ સારા અને વિચારો પણ સારા. સંગઠન પણ સારૂં. આપણો સમુદાય મોટો અને હવે તો અખિલ ભારતીય સ્તરે મહામંડળ પણ બન્યું. જેથી ઘણા-ઘણા સારા કાર્યો કરવાની ઘણી બધી શક્તિનો સમુદાય ભેગો થયો. ઘણા નવા-નવા કાર્યોની શરૂઆત પણ કરી. પરંતુ હજુ આપણે જાણે ઘણાં પાછળ હોઈએ તેવું એક બાબતમાં લાગે છે. અને તે છે : "સગાઈ - લગ્ન વિચ્છેદની સમસ્યાનું સમાધાન." આ સમસ્યાનાં સમાધાન માટે શું કરવું ઘટે?

પ્રથમ તો આ અંગે જ્ઞાતિનાં સર્વે ઘટકોને આવરી લેતા નિયમ - કાયદાની વ્યવસ્થા હોવી જરૂરી જણાય છે. નિયમ - કાયદાની બીકે એક તો આવા પ્રશ્નો ઊભા થતાં અટકશે, તો બીજી તરફ ઊભા થયેલા પ્રશ્નોના સમાધાન માટે વચલો માર્ગ કાઢવામાં પણ સરળતા રહેશે.

આપણી જ્ઞાતિમાં એવી કોઈ વ્યવસ્થા હોવી જરૂરી છે જે મુજબ પ્રત્યેક ઘટક ટ્રસ્ટોની સમિતિઓ સગાઈ-લગ્નની જાણકારી અને નોંધ રાખે. જેથી બંને પક્ષકારોને સાથ-સહકાર અને સલાહ-સૂચન મળી રહે અને થોડી ગણી માહિતીનાં આધારે એકબીજાને વિચાર કરવાનો સમય મળી રહે.

સગાઈ-લગ્ન વિચ્છેદનાં કારણો તો ઘણાં અપાતાં હોય છે પરંતુ મુખ્ય કારણોની જાણકારી અને પૂરા પુરાવા વિના વિચ્છેદ ન થઈ શકે તેવો પણ સખત કાયદો જરૂરી જણાય છે.

નાની-નાની બાબતોને આગળ ધરી દઈ, સંબંધને થોડા જ સમયગાળામાં પૂરો કરી દઈ બંને પક્ષો દ્વારા સામ-સામા આક્ષેપો તો બંને પાત્રો ઉપરાંત વડીલોની પણ ઓછી સમજશક્તિ અને સહનશક્તિ જ દર્શાવે છે!

આ સમસ્યાના સમાધાન માટે પ્રત્યેક ઘટકમાં એક અલાયદી સમિતિ હોવી જોઈએ. જે આ અંગેના નિયમ-કાયદાની વ્યવસ્થા જાળવવાની સાથોસાથ પ્રશ્નોનાં સમાધાન સમયે બંને પાત્રોની જુબાની લેવા તથા છુટાછેડા અંગેના સરકારી કાયદા-કાનૂનની માહિતી આપે.

અખિલ ભારતીય સ્તરે મહામંડળ દ્વારા પણ આ અંગેની એક સમિતિની વ્યવસ્થા હોવી જોઈએ જે સમગ્ર જ્ઞાતિમાં સગાઈ-લગ્ન અંગેનાં એક સમાન નિયમો - કાયદાઓ ઘડે. નિયમો કે કાયદાઓની એક સમાનતાનું સખતપણે પાલન કરાવવા સક્ષમ હોય અને આવશ્યક્તા જણાય ત્યાં થોડાઘણા દંડની જોગવાઈની પણ સત્તા ધરાવે. જ્ઞાતિનાં નિયમ - કાયદાની થોડીઘણી બીકનાં હિસાબે, અમુક બદનામીની બીકે કે પછી દંડના હિસાબે પણ બંને પક્ષો અંદરોઅંદર સમજુતી કરવા તૈયાર થઈ જશે.

નિયમો - કાયદાઓની વ્યવસ્થા હોવાથી અજાણ્યા કુટુંબમાં સંબંધ કરવામાં પણ કોઈને ડર નહીં લાગે કારણકે જ્ઞાતિનાં ચોપડે આ બાબતની નોંધ હોય અને કોઈ કારણસર કોઈ પ્રશ્ન ઊભો થાય તો જ્ઞાતિ કાર્યકરોનો સાથ અને સલાહ-સૂચન મળી રહે.

ઘણુંખરૂં બંને પક્ષોએ માતા-પિતા કે વડીલો પોતાનાં સંતાનોને પૂરાં સમજી શકતાં નથી. સંતાનોની કેવી પસંદગી છે, શું આશા કે જરૂરિયાત છે તે સમજી શકતા નથી. તો સાથે સગાઈ - લગ્ન બાદ તેઓનાં શું કર્તવ્યો છે તે પણ સમજાવી શકતા નથી. ભલે સુધરેલા જમાના પ્રમાણે વાતચીત કરવા દે છે પણ બંને પક્ષો ચોખ્ખી વાત કરતા નથી અને ઉતાવળા પગલાં ભરી લે છે.

**એકબીજાને વહેવારની દ્દષ્ટિએ સમજવામાં ઘણી ભૂલો કરી બીજાને મોઢે વાત કરે પણ સામસામે બેસીને ચર્ચા કરીને સમાધાન કરી લેતા નથી.** તેમાં ઘણાં મનદુઃખ થાય છે. ઉતાવળે સંબંધ વિચ્છેદ સુધીનો નિર્ણય લઈ તરત વાતનો પ્રચાર પણ કરી દે છે. ત્યારે સંબંધ વિચ્છેદની બંને પક્ષોએ આ અંગેની સમિતિમાં નોંધ કરાવ્યા બાદ જ સંબંધ વિચ્છેદ માન્ય ગણાય તેવા નિયમની વ્યવસ્થા પણ કરી શકાય. જેથી સંબંધ વિચ્છેદ પૂર્વે જ્ઞાતિ કાર્યકરો સમાધાન માટે પૂરતા સમય સાથે પ્રયાસો કરી શકે.

બંને પક્ષે પોતાના સંતાનની ભૂલ પહેલાં જોવાની રહે છે. પોતાના સંતાનની ભૂલને ઢાંકવા માટે સામેનાં પક્ષને દોષ દઈને જ સંબંધ વિચ્છેદની વાત કરવાથી સામેનો પક્ષ વગોવાઈ જાય છે તે પણ એક દુઃખની વાત છે. એના માટે પણ જ્ઞાતિનાં કાર્યકરોની સલાહ-સૂચન જરૂરી થાય છે. તો તેની પણ વ્યવસ્થા કરી શકાય.

સંબંધ વિચ્છેદ બંને પક્ષો માટે દુઃખ, તનાવ અને બદનામીનાં કારણ બને છે ત્યારે સંબંધ પ્રત્યેની થોડી ગંભીરતા, થોડી ધીરજ અને જ્ઞાતિનાં નિયમો તથા કાયદાઓ પ્રત્યેનો આદર, વિશ્વાસ અને તેના પાલનની તૈયારી આ સમસ્યાના સમાધાન સાથે ભાવિ પેઢીના સારા ભવિષ્યનો માર્ગ ખોલી આપશે. ■

## "જ્ઞાતિસેતુ" અંકો બાબત
## વિગતો મોકલવાની અંતિમ તારીખ ૩૦-૯-૨૦૧૧

જુન-જુલાઈ અંકમાં પૃષ્ઠ-૫ પર ઉપરોક્ત બાબતે આમંત્રિત વિગતો જે ૩૧-૮-૧૧ સુધીમાં મોકલવાની હતી તે હવે લંબાવીને ૩૦-૯-૨૦૧૧ રાખવામાં આવી છે. "સેતુ" સાચવણી શોખીન વાચકોને વિગતો મોકલવા ફરી એકવાર અનુરોધ કરવામાં આવે છે. આપની વિગતો મોકલો અને યોગ્ય ઈનામ મેળવવા ભાગ્યશાળી બનો.

*— મુખ્યતંત્રી*

# શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ

કુ. એકતા કટ્ટા - અંજાર

## "મહામંડળની સામાન્ય સભામાં શિક્ષિત અને સંગઠિત સમાજ માટે કાર્ય કરવાનું આહ્વાન કરતા મહામંડળ પ્રમુખશ્રી"

શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળની સામાન્ય સભા મહામંડળનાં પ્રમુખ શ્રી પ્રભુદાસભાઇ ખેતશીભાઇ ગુજરાતીનાં અધ્યક્ષ સ્થાને તા. ૨૪-૦૭-૨૦૧૧નાં રોજ ટાઉનહોલ, ભુજ ખાતે મળેલ હતી. મહામંડળનાં પાંચ વર્ષ પૂર્ણ થતાં આગામી ત્રણ વર્ષનાં કાર્યકાળ માટે સર્વ સહમતિથી ફરી પ્રમુખપદ સંભાળતાં શ્રી પ્રભુદાસભાઇ દ્વારા રચાયેલ નવી કારોબારી સમિતિની જાહેરાત કરવામાં આવી હતી.

મહામંડળ પ્રમુખશ્રી, મહામંત્રીશ્રી ઉપરાંત ભારતભરનાં જ્ઞાતિનાં ૧૯ ઘટકોમાંથી ઉપસ્થિત ઘટક પ્રમુખશ્રીઓ, 'જ્ઞાતિ સેતુ'નાં તંત્રીશ્રી તથા ભુજ જ્ઞાતિનાં પ.પૂ. ગોર શ્રી સુમનચંદ્ર વ્યાસનું ભુજ મહિલા મંડળ સભ્યો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું અને મંચસ્થ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્યથી સામાન્ય સભાનું પ્રારંભ કરાયું હતું.



*મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળની બેઠકમાં દીપ પ્રાગટ્ય કરતાં અધ્યક્ષ પ્રભુદાસભાઈ ગુજરાતી, ભુજ જ્ઞાતિના પ્રમુખ કિશોરભાઈ ચનાણી, સુમનભાઈ વ્યાસ*



નખત્રાણા મુકામે મળેલ જનરલ મીટિંગ તથા ભુજ મુકામે મળેલ કારોબારી મીટિંગની પ્રોસિડિંગનું વેચાણ કુ. એકતા હેમેન્દ્રકુમાર કટ્ટા, અંજાર દ્વારા કરવામાં આવ્યું હતું તો મહામંડળનાં નાણાંકિય હિસાબોની રજૂઆત મહામંડળનાં ખજાનચી શ્રી ચંદ્રકાંતભાઇ જટુભાઇ ચનાણી દ્વારા કરવામાં આવી હતી. તમામ ઘટક પ્રમુખોનાં સમાવેશ સાથે ૫૧ સભ્યોની કારોબારી સમિતિ, ૧૨ આમંત્રિત સભ્યો, ચાર પેટા સમિતિ કન્વીનર તથા મહિલા સેલ કન્વીનરનાં નામોની જાહેરાત કરવામાં આવી હતી.

હોદ્દેદારોનાં સંક્ષિપ્ત પરિચય બાદ સામાન્ય સભાને સંબોધિત કરતાં પ્રમુખશ્રી પ્રભુદાસભાઇએ મહામંડળ દ્વારા સમગ્ર ભારતભરનાં જ્ઞાતિજનોને સંગઠિત કરવાનાં કાર્ય થયા હોવાનાં સંતોષ સાથે જ્ઞાતિની બહેનોની જેમ જ ભાઇઓને પણ શિક્ષણક્ષેત્રે આગળ આવવા પર ભાર મૂક્યો હતો. તો મેડિકલ અને શિક્ષણ ક્ષેત્રે કાર્ય માટે મજબૂત ફંડની જરૂરિયાત માટે સ્વૈચ્છિક ડોનેશન માટે જ્ઞાતિજનોને અપીલ કરી હતી.

મહામંત્રી શ્રી પ્રેમજીભાઇ કેશવજીભાઇ સોલંકી એ આગામી ત્રણ વર્ષમાં સમાજોત્કર્ષ માટે શક્ય તેટલી મહેનત કરવા તથા પોતાના વિસ્તારનાં પ્રશ્નોની લેખિત રજૂઆત કરવા ઘટક પ્રમુખશ્રીઓને અપીલ કરી હતી. સાથો-સાથ મહામંડળ કારોબારીનાં સભ્ય હોય કે ન હોય મહામંડળમાં યોગદાન આપવા ઇચ્છુક પ્રત્યેક વ્યક્તિની મદદ અવશ્ય લેવાશે તેવું જણાવ્યું હતું.

ભુજનાં પ.પૂ. ગોરશ્રીનાં આર્શીવચન બાદ મહામંડળનાં અન્ય હોદ્દેદારો ઉપરાંત મુંબઇ, અમદાવાદ, ભુજ, અંજાર, માંડવી તથા નખત્રાણા સહિત પશ્ચિમ કચ્છનાં ઉપસ્થિત આગેવાનો એ ફંડ વિષયક, કાર્ય પદ્ધતિ વિષયક, મહિલા જાગૃતિ વિષયક, જાહેર ક્ષેત્રે જાગૃતિ વિષયક પોતાનાં વિચારો રજૂ કર્યા હતાં.

સામાન્ય સભાનું સંચાલન શ્રી ચંદ્રકાંતભાઇ જટુભાઇ ચનાણી એ સંભાળ્યું હતું. તો સામાન્ય સભા તથા ભોજનની સુવ્યવસ્થા શ્રી સુનિલભાઇ માધવજી પોમલનાં નેતૃત્વ હેઠળ ભુજ જ્ઞાતિ કારોબારી સભ્યો, યુવક મંડળ સભ્યો તથા મહિલા મંડળ સભ્યોએ સંભાળી હતી. ■

# "સામાજીક સમિતિ" સમાજ માટે ખૂબ જ જરૂરી છે

**પોમલ વીરેન્દ્ર એસ.**

શ્રી મારૂ કંસારા સોની મહામંડળની સામાન્ય સભામાં આ સમિતિના પુનઃ ગઠન માટે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ગત પાંચ વર્ષમાં આ સમિતિ દ્વારા સમાજ માટે દષ્ટાંતરૂપ કહી શકાય એવી કોઇ જ કાર્યવાહી થઇ શકી નથી તે વાતને બાજુ પર મૂકીને પણ આપણે સૌએ એક બાબત સમજવી ખૂબ જરૂરી છે કે સમાજ માટે આવી સમિતિ એક ઢાલનું કામ કરે છે, બચાવનું કાર્ય કરે છે. તેના સક્રિય સભ્યો સમાજમાં ઊભા થતાં કૌટુંબિક વિખવાદોને રોકવાનું કામ કરી શકે છે.

સામાજીક સમિતિ દ્વારા તમામ ઘટક પ્રમુખોને સમય અનુસાર યોગ્ય માર્ગદર્શન મળી રહે છે. પક્ષકારોને સમાધાનના - સમજાવટના માર્ગેથી કોઇપણ વિખવાદ-સમસ્યા પર ઉકેલ સાધવામાં મદદરૂપ થઇ શકે છે. કાનૂન માર્ગેથી જે કંઇ ખર્ચ થાય છતાં પણ સંતોષકારક નિવડો ન આવી શકે તેવું ઘણાએ અનુભવ્યું હશે. જ્યારે સામાજીક સમિતિ દ્વારા સમાજ માટે સમાધાનકારી વલણ અપનાવીને બંને પક્ષોને સંતોષ થાય તેવું ન્યાયી કાર્ય કરીને ફરી પાછો સુમેળ સાધીને સમાજના હિતમાં હોય તેવું ઉમદા કામ કરી પ્રેરક ઉદાહરણ પૂરૂં પાડી શકે છે.

મારૂ કંસારા સોની સમાજમાં મિલ્કતને લગતા, કૌટુંબિક સંબંધોને લગતા, જવાબદારીમાંથી છટકવાની કોશિષને લગતા કે સમાજ માટે લાંબેગાળે નુકસાનકારક નિવડતા હોય તેવા વિવાદોને તાત્કાલિક ડામવાની જરૂર હોય છે. ત્યારે પ્રાચીન કાળમાં જ્ઞાતિપંચ દ્વારા સમાધાનકારી વલણ અપનાવીને સમસ્યાનો નિવેડો લાવી દેતા તેવા ન્યાયીક પંચની રચના હતી જ. હવે એ જ કાર્ય દરેક ઘટક પ્રમુખોએ પણ કરવાની જરૂર છે. જરૂર પડ્યે સામાજીક સમિતિના કન્વીનર અને સમિતિના સભ્યો તેમાં દરમ્યાનગીરી કરી શકે છે અને મદદરૂપ થઇ શકે છે.

વર્તમાન યુગમાં આર્થિક ઉદારીકરણ બાદ વૈશ્વિક દોડમાં ભૌતિક સુખ સગવડોની સૌને ઝંખના જાગી છે. પરિણામે વ્યક્તિગત રીતે સૌ એક યા બીજી રીતે સ્ટ્રેસ અનુભવે છે. સહનશીલતા દિન-પ્રતિદિન ઘટતી જાય છે તેવા સમયમાં એકમાત્ર સમજણ જ સેતુનું કાર્ય કરે છે. કોઇપણ નાની બાબતને મોટું સ્વરૂપ ન અપાય તેમ વધુ પડતું સહન ન કરાય તે વખતે વાત કરવાથી કે વિગતો જણાવવાથી, સમજાવટથી સામાજિક ઉકેલ સાધી શકાય છે અને હળવાશનો આનંદ મેળવાય છે. સામાજિક સમિતિ આવા ઉદ્દેશ સાથે સમરસતા જાળવવાની સેવા કરે છે.

ભવિષ્યની પેઢી અને વર્તમાન યુવા પેઢી પણ આજ રીતે વૈશ્વિક દોડમાં સ્ટ્રેસ ન અનુભવે પરંતુ વાસ્તવિક સ્થિતિનું મહત્વ સમજે, સંયમિત જીવન જીવી શકે છે તેમજ પરસ્પરના સહકારથી દરેક પ્રશ્નનો ઉકેલ શોધી શકે તેવું વાતાવરણનું નિર્માણ સામાજીક સમિતિના ઉમદા કાર્યથી થઇ શકે છે. તેથી દરેક યુગમાં, દરેક સમાજમાં મોટા લોકોની આમન્યા, મર્યાદા સૌ જાળવતા હતા. વડીલો જ કુટુંબોમાં સમરસતા જળવાઇ રહે તેવી ભાવનાથી, ઉદાર બનીને સમાજની ઉમદા સેવા કરતા, સમાજનું જતન કરતા હતા.

આજે પણ વડીલોની વાતોને ધ્યાન દેવાની, સમજવાની જીવનમાં ઉતારવાની એટલી જ જરૂર છે. વડીલોની સાચી સલાહ કોઇનેય ક્યારેય નુકસાનકારક નથી નીવડતી. એટલું જ નહીં આપણામાં થોડુંક જતુ કરવાની ભાવના નિર્માણ થાય તો સામે પક્ષે પણ એવી ભાવના પેદા થાય જ તે નિર્વિવાદ છે. આમ મારૂં માનવું છે કે સામાજિક સમિતિ ખૂબ જ જરૂરી છે. ■

## શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ

**તા. ૨૪-૦૭-૨૦૧૧, સામાન્ય સભામાં વરાયેલ હોદ્દેદારો (૩ વર્ષ માટે)**

**હોદ્દેદારો :-**

| | |
|---|---|
| પ્રમુખશ્રી | :- પ્રભુદાસભાઇ ખેતશી ગુજરાતી (ભુજ), |
| મહામંત્રીશ્રી | :- પ્રેમજીભાઇ કેશવજીભાઇ સોલંકી (વડાલી), |
| ખજાનચીશ્રી | :- ચંદ્રકાંત જટુભાઇ ચનામી (ભુજ), |
| ઉપપ્રમુખશ્રી | :- હરિલાલ લખમશી વિસા પરમાર (અંજાર), |
| ઉપપ્રમુખશ્રી | :- અમૃતલાલ જેઠાલાલ સોલંકી (ભુજ), |
| ઉપપ્રમુખશ્રી | :- લખમશીભાઇ ઇશ્વરલાલ કોટડિયા (નખત્રાણા), |
| ઉપપ્રમુખશ્રી | :- પ્રકાશચંદ્ર ભગતલાલ બારમેડા (રાયપુર), |
| મંત્રીશ્રી | :- ઇન્દુભાઇ હરિરામ સોલંકી (ભુજ), |
| મંત્રીશ્રી | :- ભરતભાઇ તુલસીદાસ બગ્ગા (ગાંધીધામ), |
| મંત્રીશ્રી | :- હિરાલાલ મોહનલાલ બગ્ગા (નખત્રાણા), |
| સહમંત્રીશ્રી | :- જયંતીલાલ હીરજી સાકરિયા (મુંબઇ), |
| સહમંત્રીશ્રી | :- કુ. એકતા હેમેન્દ્રભાઇ કટ્ટા (અંજાર). |

**પેટા સમિતિ કન્વીનરશ્રીઓ :-**

- મેડિકલ સમિતિ કન્વીનર શ્રી : સુનિલભાઇ માધવજી પોમલ (ભુજ),
- શિક્ષણ સમિતિ કન્વીનરશ્રી : ચેતનકુમાર ઇશ્વરલાલ બારમેડા (ભુજ),
- કલા-સાંસ્કૃતિક સમિતિ કન્વીનરશ્રી : સુધાબેન અમૃતલાલ બુદ્ધભટ્ટી (ભુજ).

*નવી વરાયેલ કારોબારી સમિતિ દ્વારા મળેલ પ્રથમ કારોબારી મીટિંગમાં સર્વાનુમતે રચાયેલ....*

- સામાજીક સમિતિ કન્વીનરશ્રી : શિવલાલ શામજી મૈચા (અંજાર).
- મહિલા સેલ કન્વીનરશ્રી : લતાબેન ઇન્દુભાઇ સોલંકી (ભુજ).

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

**'સેતુ'ના ભુજ ખાતેના સહયોગી શ્રી પી. જી. સોની 'દાસ' દ્વારા પ્રેષિત માહિતી**

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ દ્વારા આયોજીત ધોરણ-૧થી કોલેજ સુધીનાં તેજસ્વી વિદ્યાર્થીઓનો સરસ્વતી સન્માન સમારંભ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ, ભુજ જ્ઞાતિ પ્રમુખ કિશોરભાઈ ચનાણીનાં અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. મુખ્ય મહેમાનપદે જાણીતા શિક્ષણવિદ્ અને પ્રખર વક્તા ગીજુભાઈ ભરાડ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ટાઉનહોલ ખાતે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત શ્રોતાજનોને ગીજુભાઈ ભરાડે સતત ૫૦ મિનિટ સુધી સરળ અને અસ્ખલિત વાણીમાં સંબોધતા જણાવ્યું હતું કે આજનાં બાળકો ખૂબ હોંશિયાર છે, ચપળ છે, ચતુર છે. એમને શિખામણ કે ઠપકો આપવાની જરૂર નથી. બાળક કહ્યામાં ન હોય કે તોફાની હોય તો એને પ્રેમથી સમજાવો, પછી જ ઠપકો આપો. પણ આજના મા-બાપો આથી ઉલટું કરે છે. પ્રથમ ખૂબ વઢે, પછી પ્રેમ કરે છે. તો ક્યારે ધોલધપાટ પણ કરે છે. જેનાથી બાળકના મનમાં દ્વેષ પેદા થાય છે. બાળક વિદ્રોહી બને છે અને બાળક મોટો થતાં મા-બાપને ગાંઠતો નથી. ખાસ કરીને ધોરણ-૧થી ૯ સુધીનાં બાળકોને માત્રને માત્ર પ્રેમ આપો. પોતાનાં મનનીય પ્રવચનમાં જ્ઞાતિજનોને જકડી રાખતાં ગીજુભાઈએ વધુમાં કહ્યું કે, દરરોજ માતા-પિતાએ અડધો કલાક બાળકો સાથે ગાળવો જ જોઈએ. દરેક ઘરમાં સારા અને સંસ્કારી પચાસેક પુસ્તકો હોવા જ જોઈએ. જેનાં દરરોજનાં વાંચનથી બાળકોમાં સારા સંસ્કારો અને ચારિત્રનું નિર્માણ થશે. આજે મા-બાપો પોતાનાં બાળકોમાં અભ્યાસનાં ટકાવારીની દૃષ્ટિએ વધારે પડતી આશા રાખે છે, જે બરાબર નથી. આ ટાંકણે તેમણે અનુભવોનાં નિચોડ સાથે દૃષ્ટાંતો આપી શ્રોતાઓની દાદ મેળવી હતી.

પ્રમુખ સ્થાનેથી કિશોરભાઈએ તેજસ્વી બાળકોને અભિનંદન આપ્યા હતા અને આજના સમારોહમાં ભાગ લેવા બદલ જ્ઞાતિજનોનો આભાર માન્યો હતો. આ પ્રસંગે તેમણે ગીજુભાઈનું ચાંદીના મોમેન્ટો અને શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. તથા ભરતભાઈ બગ્ગા (ગાંધીધામ)નું ખાતાકીય પદોન્નતિ થતાં શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. ધોરણ-૧થી ૩ ક્રમાંકે આવેલા તેજસ્વી બાળકોને અગ્રણીઓનાં હસ્તે સન્માનવામાં આવ્યા હતા. અગ્રણી અમૃતલાલ સોલંકીએ એજ્યુકેશન ટ્રસ્ટની, પ્રારંભથી વિગતો વર્ણવી હતી. મુળજીભાઈ કટ્ટાએ શૈક્ષણિક કાયમી ફંડના હિસાબો રજૂ કર્યા હતા. મહિલા મંડળના પ્રમુખ લતાબેન સોલંકીએ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની ઝલક વર્ણવી હતી.

દાતાઓએ દાનની સરવાણી કરી હતી.


બીજા સત્રમાં બાળ કલાકારોએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. આ પ્રસંગે સુધા બુધ્ધભટ્ટીએ સરસ્વતી વંદના કરી હતી. કુ. રૂપ ગુજરાતી, જયશ્રી છત્રાળા, જયશ્રી બુધ્ધભટ્ટી, અરૂણા બુધ્ધભટ્ટી વિ.એ આયોજન સંભાળ્યું હતું.

સરસ્વતી સન્માન પ્રસંગે મહામંડળના અધ્યક્ષ પ્રભુદાસભાઈ ગુજરાતી, શૈલેષભાઈ કંસારા ('કચ્છમિત્ર'ના મેનેજર), રસીકભાઈ બુધ્ધભટ્ટી, ચંદ્રકાંત બારમેડા, લખમશી સોની, હિંમતલાલ, પ્રફુલ્લ કંસારા (નખત્રાણા), પ્રદીપ ચનાણી, ભરત બગ્ગા (ગાંધીધામ), ભરત બગ્ગા (નખત્રાણા) મંચસ્થ રહ્યા હતા. અગ્રણીઓને 'વેલકમ ડ્રિંક્સ' પીરસાયું હતું.

ચંદ્રકાંત ચનાણી, દિલીપભાઈ બગ્ગા, સુનીલ કંસારા, ઈન્દુભાઈ સોલંકી, અનિલ છત્રાળા, હસમુખ મૈચા, નીતિન હેડાઉ, રાજેશ વીસાપરમાર (અંજાર), વિનોદભાઈ (માંડવી), મહેશ કંસારા, ભાવેશ બગ્ગા, મનસુખ બુધ્ધભટ્ટી, અશોક બુધ્ધભટ્ટી, ગંગારામભાઈ (નખત્રાણા), હેમેન્દ્ર કંસારા (નખત્રાણા), કિશોર ચૌહાણ, પ્રકાશ હરિૐ (નખત્રાણા), સંજય બુધ્ધભટ્ટી વિ. ઉપસ્થિત રહ્યા હતા.

સંચાલન, કન્વીનર ચેતન બારમેડા, શિક્ષણ સમિતિના મંત્રી હિતેશ પોમલ તથા રાજેશ સોલંકીએ સંભાળ્યું હતું.

## ભુજમાં સમુહ લગ્નનું આયોજન



શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ ભુજ દ્વારા આગામી સમુહ લગ્ન માગશર સુદ સાતમ, તા. ૧-૧૨-૨૦૧૧ ને ગુરૂવારના યોજવાનું નક્કી કરવામાં આવેલ છે.



**મંત્રી**
**શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ**
**ભુજ**

# શ્રી અખિલ કચ્છ મારૂ કંસારા સોની કેળવણી ટ્રસ્ટ

## કચ્છનાં વિવિધ ઘટકોનાં જરૂરતમંદ તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અપાઈ

સન ૧૯૬૩માં સમગ્ર કચ્છ વિસ્તારનાં જ્ઞાતિજનોને શૈક્ષણિક, કેળવણી ક્ષેત્રે ઉપયોગી થવાનાં ઉમદા આશય સાથે પગરવ માંડનાર શ્રી અખિલ કચ્છ મારૂ કંસારા સોની કેળવણી ફંડ ટ્રસ્ટ દ્વારા ગત વર્ષ મુજબ સમગ્ર કચ્છનાં જરૂરતમંદ તેજસ્વી વિદ્યાર્થીઓને છાત્ર શિષ્યવૃત્તિ અપાઈ હતી.

ટ્રસ્ટનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકી અને શ્રી ચંદ્રકાંત જટુભાઈ ચનાણીનાં વ્યવસ્થાપન તથા અન્ય ટ્રસ્ટીઓનાં સૂચનો અને સહયોગ દ્વારા લાંબા સમય સુધી નિષ્ક્રિય રહેલ આ ટ્રસ્ટ ગત વર્ષથી પુનઃ સક્રિય થઈ, ફંડનાં વ્યાજની મર્યાદાને ધ્યાને લઈ સમગ્ર કચ્છનાં જરૂરતમંદ પરંતુ તેજસ્વી વિદ્યાર્થીઓને છાત્ર શિષ્યવૃત્તિ દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે ઉપયોગી થવા પ્રયત્નશીલ થયેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે જુલાઈ-૨૦૧૦માં ભુજ, અંજાર, કોઠારા, માનકુવા અને મોથાળાનાં કુલ ૧૩ વિદ્યાર્થીઓને કુલ રૂા. ૨૦,૫૦૦/-ની શિષ્યવૃત્તિ અપાઈ હતી.

ગત વર્ષ મુજબ જુલાઈ-૨૦૧૧માં પણ જરૂરતમંદ તેજસ્વી વિદ્યાર્થીઓની સમાચાર પત્રોનાં માધ્યમે અરજીઓ મંગાવાઈ હતી. જેનાં પ્રતિસાદરૂપે ભુજ, અંજાર, માધાપર, નલીયા, દયાપર, માનકુવા અને મોથાળાનાં કુલ-૧૭ વિદ્યાર્થીઓએ અરજી મોકલાવેલ. જેઓને કુલ રૂા. ૩૦,૫૨૦/-ની શિષ્યવૃત્તિ અપાઈ હતી. ગત વર્ષની સરખામણીએ અરજીકર્તા વિદ્યાર્થીઓની વધેલી સંખ્યા અને જ્ઞાતિજનોનાં આર્થિક સહયોગથી વધેલી ફંડ વ્યાજની મર્યાદાએ ટ્રસ્ટને વધુ સક્રિય કરવા ઉત્સાહ પૂરો પાડ્યો હતો. આ બાબતને ધ્યાને લઈ ટ્રસ્ટનાં સ્થાપના સમયનાં ઉદ્દેશયો અને જે તે સમયે થયેલાં કાર્યોનાં અનુસંધાને ટ્રસ્ટ ફરી સક્રિય થાય તે માટે સમગ્ર કચ્છનાં ઘટક ટ્રસ્ટો તથા જ્ઞાતિશ્રેષ્ઠીઓ - જ્ઞાતિજનોનાં સૂચનો, સહકાર અને સ્વૈચ્છિક આર્થિક સહયોગ મેળવવા પ્રયત્નો કરવાનો નિર્ણય લેવાયો હતો. જેમાં ટ્રસ્ટનાં કાર્યો માટેની પ્રથમ અને મહત્ત્વપૂર્ણ આવશ્યકતા એવી ફંડ મર્યાદાને વધારવાનાં પ્રયાસના પ્રતિસાદરૂપે જ્ઞાતિજનોનો સ્વૈચ્છિક આર્થિક સહયોગ સાંપડેલ હતો. જેની સહયોગ પ્રાપ્તિના વર્ષ સાથેની નોંધ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| રૂા. | ૨૫,૦૦૦/- | સ્વ. શ્રી કરશનદાસ મુરજી મૈચા (કેરાવાલા)ના સ્મરણાર્થે હા. પ્રદ્યુમનભાઈ મૈચા (મિલવાળા) - ભુજ (જુલાઈ-૨૦૧૦) |
| રૂા. | ૫,૦૦૦/- | શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકી - ભુજ (જુલાઈ-૨૦૧૦) |
| રૂા. | ૩,૫૦૦/- | સ્વ. શ્રીમતી રૂક્ષ્મણીબેન જટુભાઈ ચનાણી - ભુજ (જુલાઈ-૨૦૧૦) |
| રૂા. | ૧,૦૦૦/- | ગં.સ્વ. પોમલ મોંઘીબેન રામદાસ ઘડિયાલી - અંજારનાં સ્મરણાર્થે હા. હેમેન્દ્રકુમાર કટ્ટા - અંજાર (જુન-૨૦૧૧) |
| રૂા. | ૫૦૦/- | સ્વ. નયન હેમેન્દ્રકુમાર કટ્ટાનાં સ્મરણાર્થે - અંજાર (જુન-૨૦૧૧) |
| રૂા. | ૧૦,૦૦૦/- | સ્વ. શ્રી સોની શંકરલાલ ચાંપશી બગ્ગા - અંજારનાં સ્મરણાર્થે હા. અતુલભાઈ શંકરલાલ બગ્ગા - અમદાવાદ (જુલાઈ-૨૦૧૧) |
| રૂા. | ૧,૦૦,૦૦૦/- | શ્રી જટુભાઈ વેલજી ચનાણી પરિવાર - ભુજ (જુલાઈ-૨૦૧૧) |
| રૂા. | ૧,૦૦,૦૦૦/- | શ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતી પરિવાર - ભુજ (જુલાઈ-૨૦૧૧) |
| રૂા. | ૨૫,૦૦૦/- | સ્વ. શ્રી લક્ષ્મીદાસ આણંદજી સોલંકીનાં સ્મરણાર્થે હા. પ્રવીણભાઈ લક્ષ્મીદાસ સોલંકી (નાગલપર, તા. માંડવી) (ઓગસ્ટ-૨૦૧૧) |
| રૂા. | ૫,૦૦૧/- | શ્રી જગદીશચંદ્ર દયારામ ચૌહાણ - ભુજ (ઓગસ્ટ-૨૦૧૧) |
| રૂા. | ૫,૫૫૫/- | સ્વ. શ્રી ઓધવજી રતનશી બારમેડાનાં સ્મરણાર્થે હા. ચંદ્રકાંતભાઈ અને ઓધવજી બારમેડા - ભુજ (ઓગસ્ટ-૨૦૧૧) |
| રૂા. | ૧,૧૦૦/- | સ્વ. શ્રી અમૃતલાલ વાલજી હેડાઉનાં સ્મરણાર્થે હા. અનિલભાઈ તથા શિશિરભાઈ અમૃતલાલ હેડાઉ - ભુજ (ઓગસ્ટ-૨૦૧૧) |
| રૂા. | ૧,૦૦૧/- | સ્વ. શ્રી નાનાલાલ લાલજી કટ્ટાનાં સ્મરણાર્થે - ભુજ (ઓગસ્ટ-૨૦૧૧) |
| રૂા. | ૫,૦૦૦/- | શ્રી રાજેશભાઈ કેશવલાલ વીસા પરમાર - અંજાર (ઓગસ્ટ-૨૦૧૧) |
| રૂા. | ૩,૦૦૦/- | સ્વ. શ્રી કંસારા ચીમનલાલ ભુધુભાઈનાં સ્મરણાર્થે હા. નરેન્દ્રભાઈ - અંજાર (ઓગસ્ટ-૨૦૧૧) |
| કુલ રૂા. | ૨,૯૦,૬૫૭/- | |

## શ્રી અખિલ કચ્છ મારૂ કંસારા સોની કેળવણી ફંડ ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ



| | | | |
|---|---|---|---|
| અમૃતલાલ જેઠાલાલ સોલંકી | ભુજ | મેનેજીંગ ટ્રસ્ટી | ૯૪૨૬૯ ૬૮૨૨૦ |
| ચંદુભાઈ જટુભાઈ ચનાણી | ભુજ | મેનેજીંગ ટ્રસ્ટી | ૯૮૨૫૪ ૩૧૬૮૩ |
| જગદીશભાઈ દયારામ ચૌહાણ | ભુજ | ટ્રસ્ટી | ૯૪૨૬૨ ૩૧૩૭૩ |
| અનિલભાઈ કાંતિલાલ બારમેડા | ભુજ | ટ્રસ્ટી | ૯૯૭૯૮ ૯૨૪૪૭ |
| ધર્મેન્દ્રભાઈ ઓધવજી બારમેડા | ભુજ | ટ્રસ્ટી | ૯૮૨૫૨ ૨૭૪૪૬ |
| કમલેશભાઈ કાંતિલાલ બુધ્ધભટ્ટી | ભુજ | ટ્રસ્ટી | ૯૪૨૭૨ ૮૮૯૪૦ |
| દિનેશ જેઠાલાલ બગ્ગા | નખત્રાણા | ટ્રસ્ટી | ૯૪૨૭૭ ૬૦૭૧૭ |
| કુ. એકતા હેમેન્દ્ર કટ્ટા | અંજાર | ટ્રસ્ટી | ૯૮૭૯૧ ૯૪૩૩૪ |

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ

**રોહિણી ભરત બુધ્ધભટ્ટી**

*ગત અંકમાં મહિલા મંડળોને એમની સ્થાપના અને પ્રવૃત્તિઓ વિશે પૂર્ણ માહિતી આપતા લેખ માટે ઇજન આપેલું. એના પ્રતિભાવે ભુજ મહિલા મંડળે પ્રસ્તુત વિગતો મોકલી છે. અન્ય મહિલા મંડળોને પણ ફરી એક વખત અનુરોધ છે કે તેઓ એમની માહિતી મોકલે. આ મહિલા મંડળની વિગતો, અન્ય મહિલા મંડળોને નમુનારૂપે માર્ગદર્શન આપી શકે તેમ હોવાથી આ અંકમાં પ્રસ્તુત કરી છે. એ મુજબ અન્ય મંડળો પણ એમની વિગતો મોકલશે ત્યારે બધા મહિલા મંડળોનું સંકલન વ્યવસ્થિત રૂપે પ્રસ્તુત થશે.* – મુખ્યતંત્રી

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ છેક ૧૯૯૪થી કાર્યરત થયું એમ કહું તો જરાય અતિશ્યોક્તિ નહીં લાગે કારણકે શરૂઆતમાં મહિલા વિભાગ, યુવક મંડળ સાથે રહીને કામ કરતું હતું. ત્યારબાદ તા. ૭-૭-૨૦૦૭માં 'મહિલા મંડળ - ભુજ' વિધિસર પોતાની સ્વતંત્ર રીતે કાર્યરત થયું. જો કે અહીં વખતોવખત યુવક મંડળ-જ્ઞાતિ પ્રમુખ કારોબારી વગેરેએ મહિલા મંડળને જોઇતી સહાય કરેલ છે. જ્યારે જ્યારે જરૂર પડી, ભાઇઓએ જરૂરી યોગદાન આપેલ છે.

વર્ષ દરમિયાન અમારૂં મહિલા મંડળ જ્ઞાતિની બહેનો બાળકો તેમજ ભાઇઓ માટે પણ વિવિધ ક્ષેત્રે પ્રવૃત્તિ કરતું રહેલ છે. આરોગ્યલક્ષી કાર્યક્રમો જેવાકે કેલ્શિયમ ચેકઅપ કેમ્પ, બ્લડ ગ્રુપીંગ કેમ્પ, રમતગનત ક્ષેત્રે બાળકો-બહેનો માટે વિવિધ રમતગમત સ્પર્ધાઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો જેવાકે અંતાક્ષરી કાર્યક્રમ, વન મિનિટ, ડાન્સિગ, એક્ટીંગના વર્ગો, બહેનો માટે વિવિધ ક્રાફ્ટસના વર્ગો, મડવર્ક, ભરતગુંથણ, વગેરે. તદુપરાંત વ્યવસાયલક્ષી માહિતી પુરી પાડવી, અલગ-અલગ સરકારી ખાતાઓમાંથી વ્યવસાયને લગતી માહિતી પૂરી પાડવા માટેના સેમિનાર યોજવા, ઉદ્યોગો માટેની માહિતી પૂરી પાડવી તે માટે ઉદ્યોગ કેન્દ્રના વરિષ્ઠ અધિકારીઓને આમંત્રીને તેમની પાસેથી સમાજોપયોગી ઉદ્યોગ ક્ષેત્રે માહિતી મેળવવી, હાલમાં બહેનો માટે વિવિધ ક્રાફ્ટ્સના ક્લાસીસ, મડવર્કના ગર્વ. એપ્રુવ્ડ ક્લાસીસ ત્રણ માસ સુધી ચલાવવામાં આવ્યા. જેનાથી બહેનો પોતાના કુટુંબને પણ અર્થોપાર્જન કરી મદદરૂપ થઇ શકે છે. હાલમાં બહેનો વિવિધ ડેકોરેટીવ આઇટેમ્સ બનાવી તેનું વેચાણ કરીને આર્થિક મદદ મેળવે છે. વધુમાં સમરકેમ્પ દરવર્ષે યોજવામાં આવે છે જેનાથી બાળકોમાં વિવિધ આર્ટ્સ અને જ્ઞાનવર્ધક સ્પર્ધાઓને કારણે તેમનામાં ખેલદિલી, સદ્ભાવ અને સમાજ પ્રત્યેની તેમની ફરજોનું પણ તેમને ભાન થાય તેવી પ્રવૃત્તિઓ મહિલા મંડળ તરફથી કરવામાં આવે છે હાલમાં શ્રાવણ માસ નિમિત્તે ઠાકર મંદિર મધ્યે તા. ૪-૮-૧૧થી તા. ૧૨-૮-૧૧ (૯ દિવસ) 'ભાગવત પારાયણ'નું આયોજન કરવામાં આવેલ છે જેમાં મહિલા મંડળની દરેક બહેનો પૂજન, દર્શન, કથા શ્રવણનો લાભ મેળવે છે અને જ્ઞાતિની ઘણી બહેનો પણ કથા શ્રવણ માટે હાજર રહે છે

★ વિશેષમાં ભાવિ આયોજન અંગે કહું તો બહેનો માટે કાયમી ધોરણે સીલાઇ, એમ્બ્રોયડરી તેમજ મશીન નિટીંગના વર્ગો ચલાવવા તેમજ નાના બાળકો માટે નર્સરી ચાલુ કરવી. જેમાં ગુજરાતી-અંગ્રેજી બન્ને મીડિયમમાં બાળકોને તાલીમ આપવી. જેમાં જ્ઞાતિના દાતાઓએ અમને હંમેશાં સાથ આપ્યો છે અને આપતા રહેશે એવી આશા છે.

★ મહિલા મંડળ સમૂહ લગ્ન વખતે પણ ભાઇઓની સાથે રહીને કાર્યમાં મદદરૂપ થાય છે.

★ સમૂહલગ્નની પૂર્વ સંધ્યાએ સાંસ્કૃતિક કાર્યક્રમો મહેંદી રસમના આયોજનમાં પણ મહિલા મંડળ અગ્રેસર રહ્યું છે.

★ આ બધી માહિતી વખતોવખત 'જ્ઞાતિસેતુ'માં પ્રકાશિત થયેલી જ છે. છતાં પણ અહીં ફાળવવામાં કંઇ રહી જતું હોય તો વાંચકો ક્ષમા કરે અસ્તુ....

## મહિલા મંડળ - ભુજ

***પ્રમુખશ્રી*** : શ્રીમતી લતાબેન આઇ. સોલંકી

***ઉપપ્રમુખ*** : કુ. સુધાબેન એ. બુધ્ધભટ્ટી

***મંત્રી*** : શ્રીમતી રોહિણીબેન ભરતભાઇ બુધ્ધભટ્ટી

***સહમંત્રી*** : શ્રીમતી જયશ્રીબેન એ. છત્રાળા

***ખજાનચી*** : શ્રીમતી અરૂણાબેન એન. બુધ્ધભટ્ટી

***કારોબારી સભ્યો :***

શ્રીમતી ભાવનાબેન એ. ચનાણી
શ્રીમતી નયનાબેન વી. ચનાણી
શ્રીમતી નીલાબેન એમ. પોમલ
શ્રીમતી ભાવનાબેન વી. બુધ્ધભટ્ટી
શ્રીમતી રીટાબેન ડી. બુધ્ધભટ્ટી
શ્રીમતી શીતલબેન એ. બુધ્ધભટ્ટી
શ્રીમતી પ્રીતીબેન ડી. બગ્ગા
શ્રીમતી ખ્યાતિબેન જે. બુધ્ધભટ્ટી
શ્રીમતી ખુશાલીબેન એસ. બુધ્ધભટ્ટી
શ્રીમતી માલતીબેન એન. ગુજરાતી
કુમારી જયશ્રીબેન જે. બુધ્ધભટ્ટી
જુલીબેન આર. સોલંકી
શ્રીમતી ઇંદીરાબેન વાય. સોલંકી
શ્રીમતી જયેષ્ઠાબેન બારમેડા

***તદુપરાંત અન્ય ૧૦૦ બહેનો મહિલા મંડળમાં સભ્યો બનેલ છે.***

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ

**રોહિણી ભરત બુધ્ધભટ્ટી**

## બહેનો માટે અંતાક્ષરીનો કાર્યક્રમ

ફક્ત એક જ મિનિટ કે સેકંડ એવું વિચારીએ કે જો આ પૃથ્વી પર નારીનું અવતરણ ન થયું હોત તો આ પૃથ્વી - જગત કેવું હોત! નારી તું નારાયણી, શક્તિ સ્વરૂપા, માતા, બહેન, પુત્રી, કે પુત્રવધૂ બનીને કુટુંબના કલ્યાણ અર્થે દરેક રીતે મથી રહી છે. ત્યારે અમારા મહિલા મંડળે પણ બહેનોને જ સાથે રાખીને એક કાર્યક્રમ નામે 'અંતાક્ષરી' રાખ્યો જેમાં ૫૦ થી ૬૦ બહેનોએ ભાગ લીધો હતો.



રોજબરોજના ઘરેલુ કાર્યોમાંથી થોડો સમય પોતાના માટે પણ કાઢવું જોઇએ એવો વિચાર અમારા મનમાં આવતાં જ મહિલા મંડળ-ભુજના 'ચાર્ટર-ડે' ૭-૭-૧૧ના રોજ સાંજે ૫.૦૦ કલાકે ચનાણી પાર્ટી પ્લોટ મધ્યે આ કાર્યક્રમ સુધાબેન એ. બુધ્ધભટ્ટીના નેતૃત્વ હેઠળ યોજાયો. ૧૬ વર્ષથી ઉંમરની બહેનોએ તેમાં ઉમંગભેર ભાગ લીધો. અતિથિ વિશેષપદે શ્રીમતી ઈલાબેન ચંદુભાઇ ચનાણી, શાંતાબેન બારમેડા, જયશ્રીબેન પરમાર રહ્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષા રીટાબેન ડી. બુધ્ધભટ્ટી અને સુધાબેન એ. બુધ્ધભટ્ટી રહ્યા હતા. કાર્યક્રમ અંગેની વિગતો રોહિણીબેન બી. બુધ્ધભટ્ટીએ આપી હતી. પ્રમુખ લતાબેન સોલંકીએ પ્રાસંગિક પ્રવચનમાં બહેનો આવા કાર્યક્રમોમાં વધુને વધુ ભાગ લઇ પોતાની શક્તિને બહાર લાવે તેવો અનુરોધ કર્યો હતો. પ્રાસંગિક પ્રવચનમાં જયશ્રીબેન પરમારે બહેનોને ખેલદિલીપૂર્વક નિર્ણયને વધાવીને આવા કાર્યક્રમોમાં ભાગ લેવાનો અનુરોધ કર્યો હતો.

મહેમાનોનું સ્વાગત મહિલા મંડળના હોદ્દેદારો તેમજ કારોબારી સભ્યોના હસ્તે પુષ્પગુચ્છ વડે કરવામાં આવ્યું હતું. વિજેતા બહેનોને ઇનામો શ્રી પ્રભુદાસભાઇ સોની તરફથી આપવામાં આવ્યા હતા. જ્ઞાતિની મહિલાઓ તેમજ બાળકો પણ હાજર રહી સ્પર્ધક બહેનોનો જુસ્સો વધાર્યો હતો. કાર્યક્રમના અંતે હાજર રહેલા સૌ મહેમાનો તથા આમંત્રિતોને હળવો નાસ્તો આપવામાં આવ્યો હતો. સ્કોરર તરીકે જેષ્ઠાબેન એ. બારમેડાએ સેવા આપી હતી. કાર્યક્રમને અંતે આભારવિધિ મંત્રી રોહિણી બી. બુધ્ધભટ્ટીએ કરી હતી.

વિજેતા ગ્રુપના નામ નીચે મુજબ છે.

પ્રથમ વિજેતા : ચનાણી ગ્રુપ


દ્વિતીય વિજેતા : સત્સંગ ગ્રુપ

તૃતીય વિજેતા : ધારા ચૌહાણ-માધાપર ગ્રુપ

સર્વે વિજેતાઓને ખૂબ ખૂબ અભિનંદન.

## હેન્ડીક્રાફ્ટ્સના ક્લાસીસ

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ-ભુજ આયોજિત હેન્ડીક્રાફ્ટ્સના ક્લાસીસ તા. ૨૭-૬-૧૧થી ૯-૭-૧૧ સુધી શીતલબેન એ. બુધ્ધભટ્ટી તેમજ જિજ્ઞાબેન એન. બુધ્ધભટ્ટીના નિદર્શન હેઠળ જ્ઞાતિની લગ્નવાડીમાં સાંજે ૪-૦૦ કલાકે થી યોજવામાં આવ્યા હતા. જેમાં ૨૦ બહેનોએ ભાગ લીધો હતો. જેમાં એમ્બ્રોયડરીના વિવિધ ટાંકા શીખવવામાં આવ્યા હતા. આ વર્ગોમાં જ્ઞાતિની બહેનો નિઃશુલ્ક સેવા આપે છે. જે દર વર્ષે સમગ્ર વર્ષ દરમ્યાન આવા વર્ગો ચલાવનાર બહેનોનું શૈક્ષણિક-સાંસ્કૃતિક કાર્યક્રમમાં જાહેર સન્માન કરવામાં આવે છે.



જ્ઞાતિની વાડી મધ્યે અન્ય વર્ગ 'મડવર્ક'ના વર્ગ પણ ત્રણ માસ માટે ચલાવવામાં આવી રહ્યા છે. જેમાં પણ ૪૦-૪૫ બહેનો ભાગ લઇ રહી છે.

આગામી કાર્યક્રમોની જાહેરાત પછીથી કરવામાં આવશે.

## મહિલા મંડળો જોગ નિવેદન

**ગત અંકમાં મહિલા મંડળોને, એમની સ્થાપના, ઉદ્દેશો, સભ્ય સંખ્યા અને હાલે થતી પ્રવૃત્તિઓનો સંક્ષેપ, જરૂરી તસવીરો (ઉપલબ્ધ હોય તો) સાથે મોકલવા અનુરોધ કર્યો હતો. આ વિગતો એકત્રિત થયે, દિવાળી અંકમાં પ્રસ્તુત કરવાની છે. અતઃ મહિલા મંડળોને ફરી વિનંતી છે કે તેઓ એમની વિગતો મોડામાં મોડી ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં 'સેતુ'ના સરનામે મોકલી આપે.**

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ

રોહિણી ભરત બુધ્ધભટ્ટી

## બાળકો માટે રમત-ગમત સ્પર્ધાનું આયોજન

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ-ભુજ દ્વારા ગત ૨૫-૬-૧૧ના રોજ ૫ થી ૧૪ વર્ષ સુધીના બાળકો માટે રમત-ગમત સ્પર્ધાનું આયોજન ગોઠવવામાં આવ્યું આ સ્પર્ધામાં લગભગ ૫૦ થી ૬૦ બાળકોએ ભાગ લીધો હતો સ્પર્ધામાં વિવિધ રમતો જેવી કે 'રીવર્સ દોડ', 'લીંબુ ચમચી', મેમરી ગેમ, એક મિનિટ વગેરે રમતોમાં બાળકોએ હોંશભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધા 'ચનાણી પાર્ટી પ્લોટ' મધ્યે સાંજે ૪ થી ૭ કલાક દરમ્યાન યોજવામાં આવી હતી. જેના અધ્યક્ષા માલતીબેન એન. ગુજરાતી તેમજ અરૂણાબેન એન. બુધ્ધભટ્ટી રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં મહિલા મંડળના હોદ્દેદારો તેમજ સભ્યોએ પોતાની સેવા આપી હતી. જ્ઞાતિની બહેનોએ અને બાળકોએ બહોળી સંખ્યામાં હાજર રહી સ્પર્ધકોનો જુસ્સો વધાર્યો હતો. વિજેતાઓને મહિલા મંડળ તરફથી ઇનામો આપવામાં આવ્યા હતા.

વિજેતાઓના નામ નીચે મુજબ છે.

**૫ થી ૯ વર્ષના બાળકો**

- **લીંબુ ચમચી :**
  - પ્રથમ : રાજવી હર્ષભાઇ સોલંકી
  - દ્વિતીય : યશ્વી કમલેશભાઇ પોમલ
- **રિવર્સ દોડ :**
  - પ્રથમ : હર્ષવી સંજયભાઇ બુધ્ધભટ્ટી
  - દ્વિતીય : જીત અશોકભાઇ બારમેડા
- **વન મિનિટ :**
  - પ્રથમ : દેવાંશી હર્ષભાઇ સોલંકી
  - દ્વિતીય : વિશુ જયભાઇ છત્રાળા
- **સંગીત ખુરશી :**
  - પ્રથમ : રીશી જયભાઇ બુધ્ધભટ્ટી
  - દ્વિતીય : રૂદ્ર નિલેશભાઇ ચૌહાણ

**૧૦ થી ૧૪ વર્ષ સુધી બાળકો**

- **લીંબુ ચમચી :**
  - પ્રથમ : ચિંતન હિતેશભાઇ બગ્ગા
- **રિવર્સ દોડ :**
  - પ્રથમ : ધ્રુવ અનિલભાઇ છત્રાળા
  - દ્વિતીય : કૃણાલ પ્રશાંતભાઇ કટ્ટા
- **વન મિનીટ :**
  - પ્રથમ : વિધી વસંતભાઇ છત્રાળા
  - દ્વિતીય : વરૂણ મધુભાઇ વ્યાસ

**સંગીત ખુરશી :**
- પ્રથમ : મોહિત યોગેશભાઇ છત્રાળા
- દ્વિતીય : કેશ્વી અનિલભાઇ બારમેડા

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં મહિલા મંડળની બહેનોએ જહેમત ઉઠાવી હતી.

પ્રમુખ શ્રીમતી લતાબેન સોલંકીએ સહુનો આભાર માની કાર્યક્રમની સમાપ્તી ઘોષિત કરી હતી.





## મહિલા મંડળોનું મહત્ત્વ

**શહેરીકરણ, આધુનિકરણ અને અનુકરણ – આ ત્રણ 'કરણો'એ સાંપ્રત સમયમાં પ્રત્યેક નાના મોટા સમાજમાં મહિલા મંડળનું મહત્ત્વ અનેકગણું વધારી દીધું છે. ફળીયા સંસ્કૃતિ હતી ત્યારે, મહિલાઓ ફળીયામાં કોઈ એક ઘરના ઓટલે સાંજે એકઠી થતી. સુખ-દુઃખની વાતો કરતી. ભજન, ગીત આદિ દ્વારા મન પ્રફુલ્લિત કરતી. હવે એ ફળીયા, 'ફ્લેટ' થયા. રોજબરોજના જીવનમાં ટોળા વચ્ચે વસતો પરિવાર કે વ્યક્તિ એકલો થયો. આ સંજોગોમાં સંબંધિત સમાજનું મહિલા મંડળ એના પ્રત્યેક સભ્ય પરિવારની મહિલાઓને હુંફ આપી શકે છે. અરસપરસ સંવાદનું સાધન બની શકે છે.**

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ અંજાર મહિલા મંડળ

**અંજનાબેન એન. પોમલ - સહમંત્રી**

## શ્રાવણોત્સવ અહેવાલ

શ્રાવણ માસ આવે એટલે શિવાલયો ગાજે છે તો સ્વામિનારાયણ મંદિરમાં તથા હવેલીમાં પણ વૈષ્ણવોની ભીડ હોય છે. આ માસમાં હિંડોળા, સૌનું આકર્ષણનું કેન્દ્ર છે. સૌના લાડીલા કાન્હાનો જન્મ પણ આ માસમાં જ હોય છે. પર્વો, ઉત્સવો, તહેવારો તથા મેળાની હારમાળા હોય છે. પર્વો - ઉત્સવો આપણે પરિવાર સાથે તો ઉજવતા જ હોઈએ છીએ પણ એ ઉત્સવો જ્ઞાતિની બહેનો સાથે ઉજવવાની મજા વિશેષ રહે છે. એને ધ્યાનમાં લઈને અંજાર મહિલા મંડળે શ્રાવણ સુદ-નોમથી એકાદશી સુધી સળંગ ૩ દિવસ ધાર્મિક ઉત્સવનું આયોજન કર્યું હતું. પ્રથમ દિવસે બાળકો માટે વેશભૂષાનો કાર્યક્રમ, બીજા દિવસે શિવ મંદિરમાં રૂદ્રીનું તથા ત્રીજા દિવસે હિંડોળા શણગાર સ્પર્ધાનું આયોજન કર્યું હતું.





પ્રથમ દિવસે, તા. ૭-૮ના કાલીકા માતાજી મંદિર મધ્યે બાળકો માટે વેશભૂષાનું આયોજન રાખ્યું હતું. તેમાં દરેક બાળકોએ દેવી-દેવતાઓના વેશભૂષા ધારણ કરવાના હતા. જેમાં ૨૦ બાળકોએ ભાગ લીધો હતો. દરેક બાળકો જાણે સાક્ષાત્ દેવી દેવતાઓ જ લાગી રહ્યા હતા. ત્યારબાદ દરેક બાળકોએ દેવી દેવતાઓના જ સ્વરૂપમાં ઢોલીના ઢોલ તથા કેસીયોના તાલે રાસલીલા રચાવી હતી. એ રાસલીલાનું દૃશ્ય તો જાણે સ્વર્ગમાંથી બધા દેવી દેવતાઓ સાથે પૃથ્વીલોકમાં ઉતર્યા છે કે પછી આપણે સ્વર્ગમાં છીએ એવું લાગી રહ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત દરેક બહેનોએ રાસ-ગરબા રમી તેમાં સામેલ થયા હતા.

આ વેશભૂષાના કાર્યક્રમમાં ભાગ લેનાર દરેક બાળકોને મહિલા મંડળ તરફથી ગીફ્ટ આપવામાં આવી હતી. તેમજ ચંદુભાઈ હેડાઉ તરફથી રૂા. ૫૧/-, રાજુભાઈ વીસાપરમાર તરફથી રૂા. ૨૫/- અને ઉપસ્થિત બહેનો તરફથી રૂા. ૭૫/- આપવામાં આવ્યા હતા. રૂદ્રાક્ષી ગોહિલ (શંકર ભગવાન), ધ્વનિ કટ્ટા (કાલીકા માતાજી) તથા જોડીમાં આવેલ ઝીલ બારમેડા તથા મીતાલી બુધ્ધભટ્ટી (રિધ્ધિ-સિધ્ધિ)ને વિશેષ સ્પેશિયલ પ્રાઈસ આપવામાં આવી હતી.

બીજા દિવસે તા. ૮-૮ને સોમવારે શ્રી માનકેશ્વર મહાદેવ મંદિર મધ્યે રૂદ્રીનું આયોજન કરવામાં આવ્યું હતું. દેવેનભાઈ વ્યાસે પૂજાવિધિ કરાવી હતી. રૂદ્રીના સમાપન બાદ બપોરે ગોરબાપાના પરિવાર તથા બાવાજીના પરિવાર તથા જ્ઞાતિ કારોબારી સભ્યો અને મહિલા મંડળ સભ્યોએ સાથે ફળાહાર કરી કાર્યક્રમની સમાપ્તિ કરી હતી.

ત્રીજા દિવસે તા. ૯-૮ના એકાદશીના હિંડોળા શણગાર સ્પર્ધા રાખી હતી. તેમાં ૧૧ બહેનોએ ભાગ લીધો હતો. દિપ્તીબેન બુધ્ધભટ્ટી, સુરૂચિબેન બારમેડા, કુ. હેતલ સાકરીયા, કુ. દામિની છત્રાળા, ઈલાબેન બારમેડા, અંજનાબેન પોમલ, ખુશ્બુ બારમેડા, કુ. માનસી કટ્ટા, કુ. પ્રિયા બારમેડા, હેતલ બુધ્ધભટ્ટી તથા આરતીબેન ગોહિલે ભાગ લીધો હતો. દરેક બહેનોએ હિંડોળાની ખૂબ જ સુંદર સજાવટ કરેલ હતી. તેથી નિર્ણાયકને નિર્ણય લેવો અઘરો થઈ રહ્યો હતો. નિર્ણાયકના નિર્ણય તથા ઑડિયન્સના મત મુજબ કુ. માનસી કટ્ટા પ્રથમ રહ્યા હતા. જેઓએ મોગરાની કલીથી હિંડોળાને શણગાર્યો હતો. સાથે ગોપીઓની રાસલીલાની પ્રતિકૃતિ રચાવી હતી. જ્યારે બીજા નંબર પર અંજનાબેન પોમલ રહ્યા હતા. એ દિવસે પવિત્રા એકાદશી હોવાથી તેઓએ પવિત્રાથી હિંડોળોન શણગાર્યા હતા અને સાથે વ્રજભૂમિનો માહોલ રચાવ્યો હતો. કાનાની મટકીફોડ લીલા, ગોપીઓની રાસલીલા, જમુનાજી તેમજ ગિરીરાજજી બનાવ્યા હતા. નિર્ણાયક તરીકે જીજ્ઞાબેન આસર તથા મીતાબેન કાનાણી રહ્યા હતા.

***અંજાર ગામ અજેપાર ધણી***
***વસતિ થોડી ને વહાલપ ધણી.***

## શ્રાવણોત્સવ અહેવાલ



ઓગસ્ટ મહિનો એટલે આઝાદીનો મહિનો અને આ તો ૨૧મી સદી, પ્રગતિની સદી. આપણા ભારત દેશે સર્વે દિશામાં પ્રગતિ કરી. મોંઘવારીમાં પણ. પણ આ બધી દિશાઓ વચ્ચે મહિલાઓમાં પણ ઘણી પ્રગતિ થઈ.

આ પ્રગતિની દિશામાં મુંબઈની મહિલાઓએ પણ આગળ ડગ માંડ્યા છે. ઓગસ્ટ મહિનો, આઝાદીના મહિનાને ધ્યાનમાં રાખીને મહિલા મંડળે આ મહિનાની મિટીંગ નિશાબેન ડોલર સાકરીયાને ઘેર આઝાદીના થીમ ઉપર કરી.

# મુંબઈ મહિલા મંડળ

**વીણા બગ્ગા**


સર્વે મહિલાઓને તિરંગા કલરને ધ્યાનમાં રાખી ડ્રેસ પહેરવાનો હતો. અને નાની મોટી બધી જ બહેનોએ આમાં સાથ આપ્યો હતો. કોઈએ તિરંગા કલરનો ડ્રેસ, તો કોઈએ તિરંગા કલરની ચૂડી, જ્વેલરી, ટોપી પહેર્યા હતા. અરે! એક બહેને તો તિરંગા નખ રંગ્યા હતા. આખરે આ બધામાંથી એક બહેનને ઈનામ માટે ચૂંટવામાં આવ્યા. પણ ઈનામ એમ જ ન મળે. તેમને તિરંગા ઝંડાના ત્રણ કલર ઉપર સવાલ પૂછવામાં આવ્યા. આમાં પણ આપણી બહેનો કેમ પાછળ રહે? અને આખરે એ ઈનામ મેળવીને જ ઝંપ્યા.

ત્યારપછી બીજી ગેમ રમ્યા. ગેમ પણ કેવી રસીક! આંખે પાટા બાંધીને અનાજ અને કઠોળ ઓળખવાના. ત્રીજી ગેમ મૌખિક હતી. 'શ્રુતિની પુત્રી કૃતિ' આ વાક્ય બોલવાનું હતું. એક બહેન પચ્ચીસ વખત બોલીને વિજેતા બન્યા. છેલ્લે નિશાબહેને નાસ્તો પણ કેવો સુંદર અને સ્વાદિષ્ટ રાખ્યો હતો – 'તિરંગા પુલાવ.' સૌ બહેનોએ નાસ્તો કર્યો અને બીજા મહિનાની મિટીંગની તારીખ નક્કી કરી. હનુમાન ચાલીસા બોલીને સહુ છૂટા પડ્યા.

*- વીણા બગ્ગા*

***મહિલા મંડળ - મુંબઈનો આ પ્રથમ અહેવાલ આવકાર્ય છે. આશા છે, આ બહેનો એમના હવે પછીના અહેવાલોમાં મંડળનું પૂરૂં નામ, કાર્યાલય સંપર્ક સુત્ર ફોન નંબર, સભ્ય સંખ્યા તેમજ મંડળની સભ્ય થયેલી બધી બહેનોમાં અગ્રણી બહેનોના નામ આદિ વિગતો મોકલશે.***

## જ્ઞાતિ ગૌરવ



★ **રીતુ કિશોરભાઈ સોની**એ વર્ષ ૨૦૧૧માં S.Y.B.A.માં ENGLISH મુખ્ય વિષય સાથે શ્રી શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીમાં ૭મો ક્રમાંક પ્રાપ્ત કરેલ છે અને ભુજ મારૂ કંસારા સોની જ્ઞાતિના ઇનામ વિતરણ કાર્યક્રમમાં પ્રથમ નંબરના ઈનામ સાથે યુનિ. ટોપટેનમાં સ્થાન મેળવ્યા બદલ જ્ઞાતિ પ્રમુખ શ્રી કિશોરભાઈ ચનાણીના વરદ્ હસ્તે સીલ્વર મેડલ દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ. કુ. રીતુએ ગત વર્ષે F.Y.B.A.માં પણ યુનિ. ટોપ ટેનમાં સ્થાન મેળવેલ હતું. તેમજ ધોરણ-૧૨ની પરીક્ષામાં ૮૭.૧૪% માર્કસ મેળવીને ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડનું વાર્ષિક રૂા. ૧૦,૦૦૦/- લેખે ઈનામ પ્રાપ્ત કરેલ છે. જે તેમને ઉચ્ચ અભ્યાસ મેરીટ સ્કોલરશીપ તરીકે પાંચ વર્ષ સુધી મળવાપાત્ર છે. કુ. રીતુ ઑલ્ફ્રેડ હાઈસ્કુલ, ભુજના ઉચ્ચ. માધ્ય. શિક્ષક શ્રી કિશોરભાઈ સોની તથા કેરા હાઈસ્કુલના ઉ.મા. શિક્ષિકા શ્રીમતી જ્યોત્સનાબેન બુધ્ધભટ્ટીના સુપુત્રી છે અને હાલે શ્રી આર.આર. લાલન કોલેજ - ભુજમાં T.Y.B.A. માં અભ્યાસ કરે છે.



★ **બીનલ બિપીનભાઈ સાકરીયા** વર્ષ ૨૦૧૧માં S.Y.B.A.માં હિંદી મુખ્ય વિષય સાથે શ્રી શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીમાં ૯મો ક્રમાંક પ્રાપ્ત કરેલ છે અને ભુજ મારૂ કંસારા સોની જ્ઞાતિના ઈનામ વિતરણ કાર્યક્રમમાં દ્વિતીય નંબરના ઈનામ સાથે યુનિવર્સિટીમાં ટોપ ટેનમાં સ્થાન મેળવ્યા બદલ જ્ઞાતિ પ્રમુખ શ્રી કિશોરભાઈ ચનાણીના વરદ્ હસ્તે સીલ્વર મેડલ દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ. કુ. બીનલ હાલે શ્રી મુક્તજીવન મહિલા કોલેજ - ભુજ ખાતે T.Y.B.A.માં અભ્યાસ કરે છે. કુ. બીનલ, કેરા નિવાસી શ્રી બિપીનભાઈ સાકરીયા તથા મુક્તાબેનના સુપુત્રી છે.



★ **નિર્વિષા કિશોરભાઈ સોની** વર્ષ ૨૦૧૧માં ચિત્રકલા પરિષદ, અમદાવાદ દ્વારા આયોજીત નેશનલ ડ્રોઈંગ કોમ્પિટીશનમાં ભાગ લઈ સુવર્ણ ચંદ્રક અને પ્રમાણપત્ર પ્રાપ્ત કરી વિશિષ્ટ સિદ્ધિ મેળવેલ છે અને ભુજ મારૂ કંસારા સોની જ્ઞાતિના ઈનામ વિતરણ કાર્યક્રમમાં આ સિદ્ધિને બિરદાવી તેમને પ્રમાણપત્ર તથા ટ્રોફી એનાયત કરવામાં આવેલ છે. કુ. નિર્વિષા પણ શ્રી કિશોરભાઈ સોની તથા જ્યોત્સનાબેનના સુપુત્રી છે અને હાલે શ્રી માતૃછાયા કન્યા વિદ્યાલય - ભુજમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરે છે.

# આપણાં પરિવારો : મણકો (૨)

**તુલસીદાસ કંસારા**

*આપણા નાનકડા સમાજના વિભિન્ન પરિવારોની વંશ-પરંપરાગત માહિતી એકત્ર કરવા શ્રી તુલસીદાસભાઈએ શરૂ કરેલા અભિયાનને પ્રોત્સાહક પ્રતિસાદ મળ્યો છે. આ માહિતી ઇતિહાસમૂલક તો છે જ, ઉપરાંત છુટાછવાયા વસતા આપણા સમાજના અનેક પરિવારોને સાંકળવાનું, એમની વચ્ચે રક્ત-સંબંધે લાગણી મજબૂત કરવાનું અતિ મહત્ત્વનું કાર્ય પણ એતત દ્વારા થઈ રહ્યું છે. એક સૂચન છે કે, પરિવારમાં જન્મ લેતી કન્યાઓ, ભલે તત્પરિવાર પૂરતા, પરિવારનો પણ હિસ્સો તો ગણાય જ. એટલે એમના નામો પણ આપવા જોઈએ.*

*– મુખ્યતંત્રી*

આ પ્રોજેક્ટના પ્રથમ જ લેખનો પ્રતિભાવ જોતાં, આ આયોજનમાં ઘણોજ સહકાર મળી રહેશે એવું લાગે છે. મારા હાથમાં હજુ તો જ્ઞાતિસેતુનો અંક આવેલ ન હતો, અને મને રાજકોટથી ભાઈ મયુર બુધ્ધભટ્ટીનો ફોન આવ્યો, કે અમે આ પરિવાર સાથે સંકળાયેલ છીએ અને મારા દાદીમાં સાથે વાત કરીને હું તમને ઈ-મેઈલથી વિગતો મોકલાવીશ. ત્યારબાદ બીજે દિવસે સવારના જ વરસોથી મને જાણતા તેવા શ્રી કિરીટભાઈ વિઠ્ઠલભાઈનો ઘીકાંટાથી ફોન આવ્યો કે આપણે આટલા નઝદીકના ભાઈઓ થઈએ, એ તો ખબર જ નહિં! તેમણે પણ વિગતો મોકલાવવાનું બીડું ઝડપ્યું છે.

આજથી ૪૨૪ વરસો પૂર્વે મારૂ કંસારા જ્ઞાતિનું ભુજમાં આગમન ૫૦ થી ૬૦ કુટુમ્બો સાથે સંવત ૧૬૪૪, કારતક સુદ-૧૧, સોમવારને દિવસે તા. ૧૪-૧૦-૧૫૮૭ ના રોજ કાલિકા માતાજીની મુર્તિ સાથે થયેલ, અને તે મુર્તીનું સ્થાપન બે માસના ટૂંકા ગાળામાં ૧૬-૧૨-૧૫૮૭ રોજ કરવામાં આવેલ. આ પ્રથમ આવેલા પરિવારો સાથે ત્યાર બાદ રાજસ્થાન અને ગુજરાતના અન્ય ભાગોમાંથી સ્થળાંતર કરીને આવેલ જ્ઞાતિ પરિવારો જોડાતા ગયા.

આપણી જ્ઞાતિની નુખો કે અટક, જે એક ઓળખ ઊભી કરવાની પદ્ધતિ છે તે જોતાં, કેટલીક અટકો રાજપૂતોમાં તેમજ અન્ય જ્ઞાતિઓમાં સામાન્ય છે, દા.ત. સોલંકી, પરમાર, ગોહિલ, ઈત્યાદિ. કેટલીક રાજસ્થાનના કોઈ ગામ કે શહેર માંથી, તો કેટલીક અન્ય પ્રદેશોમાંથી ઉતરી આવેલ હોય તેવું લાગે છે. દા.ત. બારમેડા, હેડાઉ, કોટેડીયા, ગુજરાતી, ઈત્યાદિ, તો કેટલાક કુટુંબોએ બાપ-દાદાના નામ ઉપરથી ઓળખ રાખેલ છે, દા.ત. જેઠા, ચનાણી, દામાણી, વિગેરે. આ બધી ઓળખોમાં, આ મણકામાં જેની ચર્ચા આગળ ધપાવી રહ્યા છીએ તે બુદ્ધભટ્ટી વિશે વિચારીએ તો તે બે શબ્દો બુદ્ધ = જેને જ્ઞાન થયું હોય તેવા, જ્ઞાતા, સમજુ, પ્રબુદ્ધ, ડાહ્યો માણસ, મુળ બુદ્ધીમાંથી નિષ્પન્ન થતો શબ્દ, અને ભટ્ટી = કારડિયા રાજપૂતોની એક અટક કે ઓળખ અને ત્યાર બાદ અન્ય જ્ઞાતિઓએ અપનાવેલ કે આ જ્ઞાતિના રાજપૂતોએ સંજોગ મુજબ વ્યવસાય બદલાવ્યા છતાં ચાલુ રાખેલ ઓળખ, ખેર ! જે હોય તે, પરંતુ, આ બુદ્ધભટ્ટી ઓળખ ને રાજસ્થાનના ભાટી નામના રાજપૂતો સાથે સંબંધ હોય તેવું જણાય છે. ભાટી એ રાજસ્થાનની લડાયક કોમ છે, અને તેમાંના સમજુ, પ્રબુદ્ધ, વિચારક લોકો, બુદ્ધી થી કામ લઈ, લડાઈઓના જમાનામાં સેનાપતિ કે સ્ટ્રેટેજિસ્ટ - યુદ્ધકળા, ચડાઈને અંગે, ધંધામાં કે, રાજકારણ, ઈત્યાદિમાં વ્યૂહરચના કરનાર તરીકે કામ કરતા હોવાની ધારણા કરી શકાય. મારા એક મિત્ર ભાટી, જે બી.એસ.એફ.ના ચીફ કમાન્ડન્ટ હતા, તેમની સાથેની ચર્ચામાંથી મને આ બાબત જાણવા મળેલ. અને તેમના પરિવારો નો હિસાબ-કિતાબ રાખનાર, રેકોર્ડ કિપર બ્રાહ્મણ તે ભાટ.

આજે આ લેખમાં થોડી મારા દાદાના પરિવાર તેમજ થોડી માં મેઘબાઈ વિશે મારા મોટાભાઈ (કઝીન) સ્વ. ઈન્દ્રવદનભાઈ-રાજકોટ પાસેથી સાંભળેલી વાત પણ કરવાની છે. મારા દાદા એટલે કેશવજી-પ્રેમજી-દયાળજી-કુંવરજી એતો આપણે પ્રથમ મણકા માં જોયું. આ કેશવજી દાદાએ પ્રથમ લગ્ન બાદ રાજકોટમાં પંચનાથ વિસ્તારમાં દુકાન કરીને ચાંદીનું કામકાજ કરેલ, અને તેઓ ત્યાં ભુજવાળા તરીકે ઓળખાતા. હજુ પણ તેમનો પરિવાર તેજ નામે ઓળખાવવાનું પસંદ કરે છે. તેમના મોટા પુત્ર પ્રાગજીભાઈ એક મોટા દરજ્જાના આર્ટીસ્ટ, તેઓ કહેવાય છે કે બન્ને હાથ સાબૂત હોવા છતાં પણ, મોઢામાં પેન્સિલ રાખીને સ્કેચ દોરતા, અને હરિફાઈમાં ભાગ લઈને પ્રથમ નંબર મેળવતા. તેઓ છેલ્લે રાજકોટ મધ્યે લક્ષ્મીવાડીમાં રહેતા હતા. તેમના બીજા ભાઈનું નામ દામજીભાઈ, તેઓ આર્ટિસ્ટ તો હતાજ, પરંતુ સાથે સાથે એક સારા શિક્ષક પણ હતા અને સાંભળવા મુજબ રાજકોટની ઓલ્ફ્રેડ હાઈસ્કુલમાં આર્ટ અને અંગ્રેજી શીખવાડતા, ભણાવતા. તેમના પુત્ર તે સ્વ. ઈન્દ્રવદનભાઈ, જેઓ વ્યવસાય ને કારણે પેઈન્ટર તરીકે ઓળખાતા, પરંતુ આર્ટ તેમની રગ-રગમાં હતું.

એમના સતી થવા વિશેના પ્રમાણોનો ઉલ્લેખ તો ભાઈશ્રી ઈન્દુભાઈ કેશવજી બુધ્ધભટ્ટી (કાકુભાઈ) એ તેમની તા. ૩-૧-૨૦૦૪માં પ્રસિદ્ધ કરેલ પુસ્તિકા "શ્રી આઈ સતીમાં મેઘબાઈ માં (જન્મ સ્થળ : કોઠારા તા. અબડાસા, જીલ્લો કચ્છ : સોમવાર તા. ૧૭-૫-૧૭૫૨, સંવત ૧૮૦૯, વૈશાખ વદ-૮, માવિત્રની અટક - બારમેડા)"માં કરેલ છે. (સતિ થવાનો દિવસ અને સમય : પોષ વદ-૪, સંવત ૧૮૩૪ તા. ૧૪-૨-૧૭૭૭, શુક્રવાર. લગભગ ૨૩૪ વરસ પહેલાનો સૂર્યાસ્તનો સમય) આ કદાચ રાજસ્થાનના રાજપૂતોની પરંપરાગત રૂઢી સૂચવી જાય છે. આ પુસ્તિકાના થોડા અવતરણો નીચે મુજબ છે.

*"પોતાના પતિના દેહના મસ્તક પાસે આથમણી દિશામાં જ્યાં સૂર્ય અસ્ત થવાની*

*તૈયારીમાં હતા તેને વંદન કરી પલાંઠીવાળીને ચિતા પર (તેમણે) પોતાના પતિનું મસ્તક ખોળામાં લઈ લીધું અને એમના જમણા પગના અંગુઠામાંથી અગ્નિ સ્વયં પ્રજ્વલિત થયો ત્યારે તેમણે કહ્યું કે મારા પુત્ર દામજીનાં નામે તમારો વંશ દામાણી કહેવાશે. તેમના સંતાનો સારૂં જ્ઞાન પ્રાપ્ત કરશે, રાજ્યના સારા હોદા ભોગવશે. મારા વંશમાં કુશળ કારીગરો થશે એમ કહીને પતિ સાથે અગ્નિઓળે સમાઈ ગયા" (ઉપરોક્ત પુસ્તકના પાના ક્રમાંક-૬).*

કુશળ કારીગરોની વાત કરીએ તો, કેશવજી બાપાના બીજા લગ્ન રાયણ-માંડવીથી વેલજીભાઇ (તેમની વાડી અને સિગરામ જોયાનું મને યાદ છે) ના બહેન સંતોક બહેન સાથે થયેલ, જેનું નામ જીવીબા રાખેલ (કદાચ પ્રથમ પત્નિ વહેલા ગુજરી ગયેલ તેથી બીજી પત્નીનું નામ બદલાવીને આવું રાખેલ હશે) આ જીવીબાને ત્રણ દિકરીઓ અને એક પુત્ર થયેલ. દિકરીઓમાં એક લક્ષ્મીબેન - લવીંગાબેન - અમદાવાદમાં વસવાટ કરતા, બીજા સાકરબેન નડિયાદમાં-પવાર કુટુમ્બના કંસારા નાગરદાસ વનમાળીદાસ સાથે પરણાવેલ અને ત્રીજા સૌથી નાના કમળાબેન મુંબઈમાં બાંડિયાવાળા બાબુભાઇ સાથે પરણાવેલ. અને, બે પુત્રી પછીના એક પુત્ર લક્ષ્મીચંદ (ભાઈલાલ)ના લગ્ન અંજારથી સાકરિયા રતનબેન સામજીભાઈની પુત્રી મટુબેન જોડે કરેલા.

એમના અવસાન બાદ, કેશવજીભાઈએ બીજા લગ્ન કર્યા. તેઓના માંડવીના વસવાટ દરમિયાન, કે તે પહેલાં રાયણ (મોટી)માં આવેલ જૈન દેરાસરના ચાંદીના નક્શીદાર દરવાજા તેમની રાહબરી હેઠળ બનાવાયેલ એવું મેં ત્યાંથી સાંભળેલ છે.

આ લખનારના અંજારમાં, તેના નાનાણે થયેલ જન્મ પછીના સમય ગાળામાં, કેશવજીબાપા ના પરિવારે ભુજ માં, પ્રથમ અંજારીયા ફળીયામાં અને ત્યારબાદ પબુરાઈ ફળીયામાં ઘર ભાડે રાખેલ. ત્યારે, એક રૂમનું ભાડું માત્ર બે રૂપિયા હતું, અને તેમાં સોળેક વરસ દરમિયાન કોઇ વધારો કરવામાં આવેલ નહિં. તેમનું અવસાન થયું ત્યારે મારી ઉમર છ-એક વરસની. તેમના બનાવેલ કચ્છવર્ક ના ચાંદીના સાવજ, ઘોડા, ફોટોફ્રેમ્સ, રાજ્યચિન્હો, ઇત્યાદિ નમૂના રાજકોટની રાજકુમાર કોલેજમાં જોયા હોવાનું યાદ છે.

માં મેઘબાઇ સતિ માં ની વાત કરીએ તો ભાઇશ્રી ઇંદુભાઇએ તેમની ઉપર્યુક્ત પુસ્તિકામાં તેમના લગ્ન જીવન બાબતમાં નીચે મુજબ જણાવેલ છે.

*"તેમનાં લગ્ન ભુજના કંસારા બુધ્ધભટ્ટી નુખનાં પ્રાગજી સાથે સંવત ૧૮૩૩ માગશર સુદ-૧૦, મંગળવાર તા. ૨૦-૧-૧૭૭૬ નાં રોજ થયેલ..... સાસરીયાં પરણી આવ્યા બાદ... સિમન્ત (ખોળા) પ્રસંગ બાદ કોઠારા ગયા બાદ ફરીથી ભુજ સાસરે આવ્યા જ નહિં અને માવિત્રે રીસામણે બેસી રહ્યા. બે અઢી માસે એમણે પુત્ર ને જન્મ આપ્યો જેનું નામ દામજી પાડવામાં આવ્યું...... અને થોડાજ ગાળામાં મહારાઓ શ્રી ગોળજીની વારીમાં સંવત ૧૮૩૪ના પોષ વદ-૩, ને ગુરુવાર તા. ૧૩-૨-૧૭૭૭ ના રોજ એમના પતિ પ્રાગજી કોઈ અસાધ્ય રોગથી રાત્રિના પ્રહરમાં અવસાન પામ્યા."*

ભાઇશ્રી ઇન્દુભાઇએ તેમની પુસ્તિકામાં સારી એવી માહિતી આપેલ છે. દા.ત. તેમણે એકવીસ પૂર્વ પેઢીના સતાજી, ખોંભાજી થી લઇને પ્રાગજી, દામજી, કુંવરજી સુધીના નામો આપેલ છે. (પાના નં. ૮) અને સાથે સાથે કેટકેટલા સારા કારીગરો, ઇજનેરો અને પાયલોટો વિગેરે ઉચ્ચ કક્ષાએ કાર્ય કરી ગયેલ વ્યક્તિઓને બિરદાવેલ છે, પરંતુ એક પરિવારનું વૃક્ષ બનાવવા માટે તેમાં કડીઓ ખૂટતી જણાય છે અથવા તો સરખા નામોને કારણે ગૂંચવાડો થતો જણાય છે. આમ છતાં, આ લખનારની માહિતી અને તે પુસ્તિકાને સહારે, કુંવરજી ના સાત પુત્રોની માહિતી આ મુજબ આગળ વધે છે.

પ્રથમ મણકામાં આપેલ ટેબલમાં કુંવરજીભાઇ (જે દામજીભાઇના દિકરા થાય તેવું ઉપરની પુસ્તિકામાં જણાવેલ છે) ને સાત પુત્રો થયેલા. અને આ વધતા વિસ્તાર સાથે, જે મકાનમાં માં મેઘભાઇએ સતિ થતાં પહેલાં પોતાના હાથના થપ્પા કરેલ, તેની આજુબાજુની જમીન-મકાન વખત જતાં ખરીદાયેલ હશે, દા.ત. તે મકાનના રસ્તાની સામેનું રવજી દેવશીવાળું મકાન, કે અંજારીયા ફળીયાનું પ્રાગજી-નાનજી-લધા-ડોસા નો ડેલો, પીપળા ફળીયાનું કેશવજી રણછોડનું મકાન કે આગળ જતાં આવતું મોતીલાલ રણછોડનું મકાન, વિગેરેના દસ્તાવેજોએ બાબતની તવારીખ છે કે કુંવરજીભાઇ ના દિકરાઓની પેઢીએ જરૂરત પ્રમાણે આજુબાજુમાં, મિલકતો ખરીદીને વસવાટ કરેલ.

આ કુંવરજીભાઇના ચોથા નંબરના દિકરા એટલે દેવકરણ. હવે તેમના વંશજ બાબતમાં નીચે મુજબ માહિતી મળે છે તો તે માહિતી પુષ્ટિ આપવા માટે તેમના ઉત્તરાધિકારીઓ તરફથી તેની સંલગ્નિત માહિતી મળે તો તે આવકાર્ય થશે.

દેવકરણના પુત્ર રણછોડ એકજ?

રણછોડના (ત્રણ પુત્રો?) (૧) મોતીલાલ, (૨) જદુભાઇ, (૩) કેશવજીભાઇ.

મોતીલાલભાઇના (ચાર પુત્રો?) (૧) કાન્તિભાઇ, (૨) મીઠુભાઇ, (૩) ઇશ્વરલાલભાઇ, (૪) શિવલાલભાઇ.

જદુભાઇના (પાંચ પુત્રો) (૧) મનહરલાલ, (૨) હિરાલાલ, (૩) જવેરલાલ, (૪) ચંપકલાલ, (૫) શાંતિલાલ.

અને કેશવજીભાઇના (પાંચ પુત્રો?) (૧) રતિલાલ, (૨) હરિલાલ, (૩) ઇન્દુલાલ, (૪) પ્રિતમલાલ, (૫) શશીકાન્ત.

રતિલાલભાઇના ચાર પુત્રો (૧) અશોક, (૨) ભરત, (૩) સતીશ અને (૪) શરદ.

હરિલાલભાઈનો એક પુત્ર હિતેશ.

ઇંદુલાલભાઈનો એક પુત્ર સંદીપ.

પ્રીતમલાલના ત્રણ પુત્રો : (૧) ઉત્તમ, (૨) દીપક અને (૩) મુકેશ.

શશીકાંતભાઇના બે પુત્રો (૧) ચિરાગ અને (૨) જય.

આપણે અહીં, આ સવાલો માહિતીને ચોક્કસ કરવા માટે મૂકેલ છે, અને આ સાથે દેવકરણ ભાઇની પેઢી વિશે આગળ અનુસંધાન મળ્યેથી આ બીજા મણકાને આગળ વધારીશું.

***તા.ક. :*** ઉપર આપેલ માહિતીમાં સુધારો અને વધારો સૂચવવા માટે tulsi_66@yahoo.com ઇ-મેઇલનો ઉપયોગ કરવા માટે વિનંતી. ■

**વ્યક્તિ વિશેષ**

# સંયુક્ત પરિવારના સફળ સુકાની : સ્વ. મથુરાદાસ કોટડીયા

**પરેશકુમાર કંસારા - દિલ્હી**



કોઈ પણ, ખાસ કરીને સંયુક્ત પરિવારના વડીલ વડલા સમાન હોય છે. એમની છત્રછાયામાં સમસ્ત પરિવાર સંપથી રહે છે. હામ અને હુંફ અનુભવે છે, પ્રગતિ કરે છે. આજે આપણે આવા જ એક વિવેકી વડલાની વાત કરીએ, જેમનું ૮૫ વર્ષની પાકટ વયે ૨ ઓગસ્ટ, ૨૦૧૧ના રોજ અવસાન થયું. આ સદ્‌ગત વડીલ હતા શ્રી મથુરાદાસભાઈ કોટડીયા. જબલપુરમાં આપણી જ્ઞાતિના એકમાત્ર પરિવારના તેઓ મોભી હતા. ત્રણ ભાઈઓમાં જયેષ્ઠ બંધુ તરીકે તેઓ પરિવારના આદરણીય વડીલ હતા.

સ્વભાવે ધીરગંભીર મથુરાદાસની જબલપુરના વેપારી આલમમાં, ઊંચી શાખ હતી. જબલપુરના સંભ્રાંત પરિવારોમાં એમનું સન્માન હતું.

મથુરાદાસભાઈના દાદા મોણજીભાઈ કોટડીયા, મૂળ કચ્છ મુંદ્રાના વતની હતા. યુવાવયે ધંધાર્થે તેઓ સપરિવાર કરાંચી ગયા. ત્યાં એમણે સોનાચાંદીના ઘાટ અને ઘડતરની દુકાન કરી. મોણજીભાઈના પુત્ર જયરામદાસ, એન્જીનીયરીંગનો અભ્યાસ કરી આર્કિટેક્ટ થયા. એમના ત્રણ પુત્રો હતા : સૌથી મોટા મથુરાદાસ, વચેટ ચમનલાલ અને સૌથી નાના ચંદુલાલ. મથુરાદાસનો જન્મ ૨૪ એપ્રિલ, ૧૯૨૭ના રોજ કરાંચીમાં થયો. તેઓ દસ વર્ષના હતા ત્યારે તેમણે પિતાની છત્રછાયા ગુમાવી. માતુશ્રી પ્રેમકુંવરબેને, ત્રણે બાળકોને ધીરજ અને હિંમતથી, આર્થિક કટોકટીનો સામનો કરી ઉછેર્યા. એમને ઉચ્ચ શિક્ષણ અપાવવાનાં સ્વપ્ન સેવ્યાં. પરંતુ નિયતિને એ મંજુર નહોતું.

મથુરાદાસે કરાંચીની વિખ્યાત શારદા મંદિરમાં મેટ્રીક સુધીનો અભ્યાસ કર્યો. ત્યારબાદ કોલેજમાં દાખલ થયા પરંતુ બરાબર એ જ વર્ષે ભારતના ભાગલા થયા. કરાંચીમાં વસતા હજારો પરિવારોની જેમ એમને પણ કરાંચી છોડવું પડ્યું. એ સમયની પરંપરા મુજબ એમના લગ્ન તો બે વર્ષ પહેલાં ૧૯૪૫માં જ થઈ ગયા હતા. તેઓ અને એમના પત્ની ઉપરાંત એમના માતુશ્રી અને તરૂણ વયના બે ભાઈઓ સહિતનો પરિવાર અચાનક ઘરબાર વિનાનો, સાધનહીન અને દિશાહીન થઈ ગયો. ત્યારે મથુરાદાસની ઉંમર માત્ર ૨૦ વર્ષની હતી. ભારતના ભાગલાએ એમને રાતોરાત વિદ્યાર્થી મટી, પરિવારના વડીલ બની જવું પડ્યું. એમનું ઉચ્ચ અભ્યાસનું સ્વપ્ન રોળાઈ ગયું.

પરિવારને લઈ, તેઓ ભારત આવ્યા. સૌરાષ્ટ્રના મોરબી શહેર પાસેના ગામ ટંકારામાં ઓળખીતાને ત્યાં આશ્રય લીધો. ત્યાંથી કામધંધો શોધતા, મોરબી અને પછી જામનગર આવ્યા. એક સુડીના કારખાનામાં કામ મળ્યું. કંઈક ઠરીઠામ થયા. પરંતુ આ એમની મંઝીલનો આખરી પડાવ નહોતો. બે વર્ષ પછી ૧૯૫૦માં તેઓ જબલપુર આવ્યા. એમના સાળા જમનાદાસ પોમલ સાથે ભાગીદારીમાં સેનીટરી વેરની દુકાન ખોલી. પરંતુ નસીબ બે ડગલાં આગળ હતું.

૧૯૫૨માં એમની પત્નીએ છુટાછેડા લીધા. ભાગીદારીમાં પણ ભંગાણ પડ્યું. ૧૯૫૬માં એમણે બંને ભાઈઓને સાથે રાખી ૧૯૬૦-૬૧માં ઈંદોર મધ્યે કોન્ટ્રાક્ટર તરીકેનું કામ શરૂ કર્યું. યુનાઈટેડ એન્જીનીયર્સ કોર્પોરેશન નામની ફર્મ ખોલી. મીલીટરી એન્જીનીયરીંગ સર્વિસનું કામ કોન્ટ્રાક્ટ પર લીધું. વ્યવહાર કુશળ ધૈર્યવાન માતુશ્રીની છત્રછાયા હેઠળ મથુરાદાસે ઘરના મોભી તરીકેની જવાબદારી પૂરી નિષ્ઠાથી અદા

"हमने कभी नहीं सोचा था कि आपकी हसती - मुस्कुराती तस्वीरें मौन हो जायेगी। पर हमें सदा एहसास दिलाती रहेगी की :

*आपके कुल का 'उपवन'*
*जो था हमारा 'नंदन-वन',*
*सदा याद रखेगा हम सबका 'मन'*
*आपका समर्पित जीवन....*

...रिश्ते में तो ये हमारे ताऊजी लगते थे पर हम सभी उन्हें 'दादाजी' कहते थे।...

...हमारे दादाजी की तपस्याकी बुनियाद पर इस परिवार की इमारत खडी हुई है।...

...दादाजीने भीष्म पितामह की तरह व्रत लेते हुए इस परिवार के प्रति अपना संपूर्ण जीवन समर्पित किया।...

...पिता का साया १० वर्ष की कोमल आयु में ही उनके सिर से उठ गया था...

...उसी समय उस नन्हे बच्चे में अंदर एक सुलझे हुए शंत पुरुषने जन्म ले लिया था।

...१९४७में विभाजन के समय, दादाजी सपरिवार, अपना सब कुछ छोडकर भारत आ गए। अपने जीवन की शुरुआत शून्य से की।

अपना पूरा जीवन एक तपस्वी के समान गर्व से व्यतीत करते हुए ८४ वर्ष की उम्र में २ अगस्त, २०११ को अंतिम सांस ली।

हमारा पूरा परिवार उनके कठोर तप का ऋणी रहेगा। वह हमारे लिये सदैव प्रेरणा स्रोत रहेंगे। उनके साथ बिताए लम्हें हमारी अनमोल धरोहर रहेगी।

***સ્વ. મથુરાદાસભાઈના લઘુબંધુ શ્રી ચીમનભાઈના સુપુત્રી શ્રીમતી હર્ષા કંસારાએ એમના વત્સલ દાદાજી (સંબંધે તાઉ)ને આપેલી હૃદયસ્પર્શી શ્રધ્ધાંજલીના અંશ.***

*– મુખ્યતંત્રી*

કરી. એમના પોતાના પારિવારિક જીવનમાં થયેલો આઘાત શાંત ચિત્તે સહન કરી કોન્ટ્રાક્ટ તેમજ સેનીટરી વેરના કામમાં પરોવાયા. **ત્રણે ભાઈઓમાં સંઘર્ષયુક્ત જીવને શીખવેલી સમજ હતી. રાત દિવસ કામ કરીને સમૃધ્ધ થવાની લગન હતી. પરસ્પર સંપીલી હુંફ હતી.** પરિણામે સિધ્ધિના શિખરો એક પછી એક સર કર્યા. આજે આ પરિવારની માલીકીની ચાર ફર્મો છે. બે નાના ભાઈઓ ઉપરાંત એમના સુપુત્રો આ ફર્મોનો કારોબાર કુશળતાપૂર્વક સંભાળે છે. મથુરાદાસભાઈએ દસેક વર્ષ પહેલાં, એમના માતુશ્રીનું અવસાન થયું ત્યારથી વ્યવસાય ક્ષેત્રે પૂર્ણપણે નિવૃત્તિ લઈ, પ્રભુ અને પરિવાર સેવામાં મન પરોવ્યું.

એમના સમગ્ર જીવનની સૌથી મોટી ઉપલબ્ધિ એમના ભાઈઓ સાથેનો સંયુક્ત એકરાગી પરિવાર. એમના ટુંકા લગ્ન જીવનને 'નિયતિ' માનીને, એમણે ક્યારેય પુનઃ લગ્નનો વિચાર સુદ્ધાં ન કર્યો. બલકે બંને નાના ભાઈઓને યોગ્ય ઠેકાણા શોધી હોંશથી પરણાવ્યા. તેમજ પરિવારના પ્રત્યેક સભ્યને જીવનની અંત ઘડી સુધી ભરપૂર વાત્સલ્યની લ્હાણી કરી. આ તૃષ્ણામુક્ત તપસ્વીએ નિયતિ દ્વારા નિશ્ચિત, સ્વ-જીવનને ભાઈઓના પરિવાર માટે સમર્પિત કરી જીવન જીરવી અને ખુદ્દારીપૂર્વક જીવી જાણ્યું. ધન્ય છે આવા વિવેકી વડલાને, જેનું પ્રેરક જીવન, સંયુક્ત પરિવારની આપણી ભાવનાને આજ પણ પ્રબળ બનાવે છે.

**મીતા'સ કોર્નર**

## વ્હોટ ઈઝ "સુખ"

**મીતા એન. સોલંકી - ભુજ**

***સુજ્ઞ વાચક મિત્રો, નમસ્કાર! ગત અંકમાં આપેલા મારા લેખ 'લગ્નજીવનની સમસ્યાઓ અને તેનો ઉપાય' વિશે ફોનથી કે રૂબરૂ અપાયેલા હુંફાળા પ્રતિસાદનો હું આભાર માનુ છું. આ વખતે નવા વિચાર સાથે આગળ વધીએ!***

મનુષ્યની દરેક પ્રવૃત્તિનું આખરી કારણ શું હોય છે! શું મેળવવા રાત દિવસ દોડધામ કરે છે? આનો જવાબ માત્ર બે જ અક્ષરમાં આવે છે 'સુખ'! આ 'સુખ' શું છે? ક્યાંથી મળે છે?

સુખ અને ખુશ એ જોડિયા બાળકો જેવા છે. સુખ મેળવવું હોય તો ખુશ રહેવાની કળા જાણી લેવી પડશે! કઇ જગ્યાએથી મને આનંદનો અનુભવ થાય છે? શું કરવાથી દુઃખી થવાય છે? એ વિચારો. નાના કાર્ય પણ જો રસપુર્વક અને તન્મયતાથી કરવામાં આવે તો પ્રસન્નતા મળે છે!

મનપસંદ પ્રવૃત્તિ કરવી માનસિક સ્વાસ્થ્ય માટે જરૂરી છે, આવી પ્રવૃત્તિ બિન આર્થિક પ્રવૃત્તિ પણ હોઇ શકે છે. ગીત-સંગીત સાંભળવું, ચિત્ર-ગેમ, જનસંપર્ક ડાન્સ-મેળાવડા-પાર્ટીઓ, વાંચન-ભજન કીર્તન વગેરે પ્રવૃત્તિ મનને તરોતાજા રાખે છે! અને જીવન માં 'ટોનીક' જેવું કાર્ય કરે છે.

સુખના સ્વપ્નો જોનારે સૌપ્રથમ એ વિચારવું રહ્યું કે 'સુખ' માત્ર પોતાને માટે સુખી થવું નથી હોતું. જો આપણો ઉદ્દેશ માત્ર બીજા કરતાં વધુ સુખી થવાનો હોય તો તે આપણા દુઃખનું મૂળ બની જાય છે!

મેળવવા કરતા આપવામાં વધુ સુખનો અહેસાસ છુપાયેલો છે. તે અનુભવ કરવા જેવો છે. ગરીબ બાળકને જરૂરીયાતની વસ્તુ મળવાથી જે ખુશીનો અહેસાસ થાય છે તેજ ખુશી શ્રીમંત બાળકોને નથી મળતી હોતી કારણકે તેમને તો પાણી માંગતા દુધ હાજર થતું હોય છે.

આપણામાંથી ઘણાને દુઃખી થવાની આદત થઇ ગઇ હોય છે. તેઓ ભૂતકાળ વાગોળીને વર્તમાનને કલુષિત કરે છે. ખરેખર તો આપણે જીંદગીની નાની નાની ખુશીને ભુલી જતા હોઇએ છીએ.

ઈર્ષ્યા, અદેખાઇ-બળતરા, ઝેર આ બધુ મનમાંથી નીકળી જાય અને જે મારી પાસે છે, તેમાં સંતોષ મળે, તેમજ આસપાસનું વાતાવરણ હળવું કરવામાં સક્ષમ બની શકુ 'તો આનંદ હી આનંદ.'

અતિ આધુનિક ઉપભોગના સાધનોથી તમારી સગવડોમાં વધારો ચોક્કસ થયો છે! પણ એ સગવડ છે, સુખ નથી. સુખ તો ભીતરથી ઉપજતી પ્રક્રિયા છે. કૃત્રિમ સાધનોથી મળેલું સુખ અલ્પજીવી હોય છે.

સામાન્ય રીતે દ્વેષભાવ વગરના લોકો મજાનું આનંદીત જીવન જીવતા હોય છે. તેઓ લોકોમાં વધુ લોકપ્રિય હોય છે. મિત્રોથી ઘેરાયેલા રહે છે, ખોટી સ્પર્ધામાં પડતા નથી. રોજબરોજના કામમાં જાતને ડુબાડી રાખે છે, બીજાને સહેલાઇથી માફ કરી શકે છે. ખરાબ અનુભવોમાંથી પણ તેઓ સારૂં શીખે છે.

ખરેખર, જો વ્યક્તિ સુખી રહેવા માંગતી હોય તો એ જવાબદારી પોતાની છે. સંબંધો પાસેથી વધુ પડતી અપેક્ષા ન રાખવી, ખુશ રહેવાની પ્રક્રિયા કરવાની તારીખો ન પાડવી. જરૂરીયાતને અમર્યાદિત ન થવા દો. અવાસ્તવિક અપેક્ષાઓ જ દુઃખનું મૂળ છે.

'ઢુંઢને સે તો ખુદા ભી મિલતા હૈ' એ ઉક્તિ અનુસાર આનંદ ભીતરથી શોધો. બહાર ભટકવાની જરૂર નથી. ખુશી તો તમારી અંદરથી પ્રગટે છે.

શક્ય હોય તો કારણ વગર અને વાતવાતમાં દુઃખી થઇ નકારાત્મક પ્રેશરમાં આવી જતા લોકોથી દૂર રહેવું. પ્રસન્નચિત્ત લોકો સાથે વધુ સમય વીતાવવો! હસે તેનું ઘર વસે.

***DONT WORRY, BE HAPPY!***
***SMILE PLEASE !!***

# પ્રાણગિરી પી. ગોસ્વામી


**લતા સોલંકી - ભુજ**

કચ્છીમાં પંક્તિ છે "હિકડા લખ દીધે ન જુડે ને બ્યાં તાંભિયેજા તેરો" "શ્રી પ્રાણગિરી બાપુ લાખે દેતાં ન મળે એવા અમુલખ વ્યક્તિ હતા." આ શબ્દો છે કચ્છ ઈતિહાસ પરિષદ ભુજના પ્રમુખ શ્રી સાવજસિંહ વખતસિંહ જાડેજા સાહેબના.

શ્રી પ્રાણગિરી પી. ગોસ્વામીનો જન્મ તા. ૨૫-૪-૧૯૨૭ના રોજ કચ્છ ભજનિકશ્રી પુરુષોત્તમગિરીજીને ઘેર થયો હતો. શ્રી પ્રાણગિરીજીએ બે વર્ષની ઉંમરમાં જ માતાનું છત્ર ગુમાવ્યું. અપર માતા આવ્યા પરંતુ આઠ વર્ષની ઉંમરે પિતા પણ કૈલાસવાસી થયા અને ઘરની જવાબદારી આ બાળક પર આવી પડી. આર્થિક સંકડામણ તરફ ધ્યાન ન દેતાં અભ્યાસ ચાલુ રાખ્યો. રાજ તરફથી સ્કોલરશીપ મેળવી મેટ્રીક સુધી અભ્યાસ કર્યો. અભ્યાસ સાથે ઈતર પ્રવૃત્તિઓમાં સાંસ્કૃતિક રમતગમત, સ્ટેજ નાટક, કવિતા અને વાર્તા લેખન આદિ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. શાળાના મિત્રોની સંસ્થા 'મૈત્રી'ની સ્થાપનામાં પાયાના પથ્થર હતા.

અભ્યાસ પૂર્ણ થતાં શિક્ષકની નોકરી મળી. જે ગામમાં બદલી થતી ત્યાં દિવસે બાળકોને અને રાત્રીના મોટેરાઓને પણ વિદ્યાધન આપતા. શાળાંતના વર્ગો ચલાવતા. શિક્ષકોના પ્રશ્નોને વાચા આપવા "અખિલ કચ્છ શિક્ષક સંઘ"ની સ્થાપના કરી જે આજે પણ કાર્યરત છે. શિક્ષક તરીકે કારકીર્દિની શરૂઆત કરનાર પ્રાણગિરીજી આજીવન શિક્ષક રહ્યા અને એમના વિદ્યાર્થીઓમાં સંસ્કારોનું સિંચન કર્યું. પોતાના વિદ્યાર્થીઓની સુખદ જીવન યાત્રા જોઇ ગર્વ અનુભવતા અને કહેતા, "મારા જીવનની સાચી કમાણી મારા વિદ્યાર્થીઓનું સુખદ જીવન છે."

ખમીસ, પાટલુન અને કોટ જેવા વસ્ત્રોનો તેમણે વહેલો ત્યાગ કર્યો હતો અને સંતના વ્યક્તિત્વ જેવું તેમનું વ્યક્તિત્વ હતું. લાંબી સફેદ દાઢી, ખભા સુધી વાળ, સફેદ ઝભ્ભો અને જાડા કાપડનું ધોતિયું ખભે વૈરાગ્ય સૂચક શિવનામી એમને સંતની કક્ષામાં મૂકી દેતી એવું વરિષ્ઠ ઈતિહાસવિદ્ શ્રી ઉમિયાશંકર અજાણી કહે છે.



સાવજસિંહ વખતસિંહ જાડેજા, કચ્છ ઈતિહાસ પરિષદ ભુજ જણાવે છે કે એક વાર ટ્વીન સીટી ભુજમાં કચ્છ ઈતિહાસ પરિષદના કાર્યક્રમમાં ગયો ત્યાં પ્રતિભાસંપન્ન શ્રી પ્રાણગિરીના પ્રભાવશાળી વ્યક્તિત્વથી પ્રભાવિત થઇ પ્રણામ કર્યા. પાછળથી જાણવા મળ્યું કે "કચ્છ ઈતિહાસ પરિષદ"ના સ્થાપક, ઈતિહાસવિદ્, લોક સાહિત્યકાર, કવિ શ્રી પ્રાણગિરીજી સ્વયં બિરાજમાન છે. એમને લાગ્યું કે જાણે એ ટાગોર કે કવિરાજ શ્રી દુલાભાયા કાગ - કાગ બાપુ સમક્ષ બેઠા હોય! જાડેજા સાહેબ કચ્છ ઈતિહાસ પરિષદના પ્રમુખપદે હતા ત્યારે એમને જ્ઞાનસત્ર, પ્રવાસ, સંમેલનો આદિમાં ગોસ્વામીજીનો ખૂબજ સાથ, સહકાર, હૂંફ અને આશીર્વાદ મળતા.

ઉમિયાશંકર અજાણી જણાવે છે કે કચ્છ ઈતિહાસ પરિષદનાં તેઓ ૧૧ થી ૧૨ વરસ સુધી પ્રમુખ રહ્યા અને પરિષદનો ખૂબ વિકાસ થયો. આટલા લાંબા ગાળા સુધી પ્રમુખપદે રહેવું એ એમની વિષય પરત્વેની વિદ્વતા અને પરિષદના સભ્યોની લાગણીનું પ્રતિબિંબ છે અને આ સમય દરમિયાન તેમણે આખા કચ્છને આવરી લે તે રીતે જ્ઞાનસત્ર અને શિબિરોનું આયોજન કરેલ અને લોકોને ઈતિહાસ જેવા વિષયોમાં રસ લેતા કરેલા.

પોરબંદરના વિદ્વાન મણીભાઇ વોરા, નરોત્તમ પલણ મોહનપુરી જેવા ઊંચા ગજાનાં વિદ્વાનો કચ્છ ઈતિહાસ પરિષદની પ્રવૃત્તિઓ પ્રત્યે માન ધરાવતા હતા. કે.કા. શાસ્ત્રીજી પણ પ્રસંગોપાત હાજર રહેતા. જુદા જુદા વિદ્વાનોના આખ્યાનો ગોઠવી લોકોમાં ઈતિહાસ પ્રત્યે રસવૃત્તિ જગાવવાના એમના પ્રયાસો સફળ રહ્યા હતા.

એમના પહાડી અવાજમાં ભજન, લોકગીત, લગ્નગીત દુહા, છંદ સાંભળવા એ લ્હાવો હતો. દારૂબંધીના પ્રચાર માટેના લોકડાયરાઓ ઘણા પ્રભાવક હતા. તેઓ શ્રી એક સારા વ્યાખ્યાનકાર પણ હતા. તેમનું પ્રેમાબાઈનું આખ્યાન, કથાકાર ગિરિજાશંકર મહારાજ એમની કથા દરમિયાન કથામાં વણી લેતા હતા.

અભ્યાસકાળથી કવિતા, દુહા, છંદ લખતા. એમનો પ્રથમ લેખ ૧૯૫૦માં 'શારદા' મેગેઝીનમાં છપાયો ત્યારથી મૃત્યુ પર્યંત આ પ્રવૃત્તિ ચાલતી રહી, એમના અનેક લેખો, વાર્તાઓ, નાટકો, ગરબા છપાતા રહ્યા. પીએચ.ડી.ના અનેક વિદ્યાર્થીઓએ તેમના માર્ગદર્શન હેઠળ કચ્છ વિશેના લેખો લખ્યા છે. કચ્છી ભાષાની 'કચ્છી સાહિત્ય અકાદમી'ની સ્થાપના માટે એમણે કચ્છી લેખકો સાથે મળી જોરદાર રજુઆતો કરી હતી. આકાશવાણી ભુજની સ્થાપના ઇ.સ. ૧૯૬૦માં થઇ ત્યારથી જ તેઓ આકાશવાણીના માન્ય કલાકાર બન્યા. નાટક, ગરબા, ભજનો સાથે 'ગામ જો ચોરો' કાર્યક્રમમાં પણ ભાગ લેતા હતા.

એમના અક્ષરદેહમાં એમનું વ્યક્તિત્વ ઝળાહળા થાય એવા આઠ પુસ્તકોનું પ્રકાશન થયું છે. (૧) કચ્છના યાત્રાધામ (૨) કચ્છના લોકમેળાઓ (૩) કચ્છના જૈન તીર્થ ધામો (૪) દાદા મેકરણ રચિત ભજનો (૫) ધન્ય ધરા ખોભડી (૬) આશાપુરા ગરબાવલી (૭) આશાપુરાનો ટૂંકો ઈતિહાસ (૮) કચ્છની પાટ પરંપરા ઉપરાંત ભજન અને રાસની પુસ્તિકાનું સંપાદન કરેલ. દશનામ જ્ઞાતિ માટે 'ગોસ્વામી કચ્છ' સામયિક શરૂ કરેલ જે ભૂકંપ બાદ બંધ પડેલ.

ભુજના 'દશ નામ ગોસ્વામી સમાજ' અને 'મહાગુજરાત ગોસ્વામી મહામંડળ'ની સ્થાપના કરી ૪૦ વર્ષ સુધી મંત્રી તેમજ પ્રમુખ તરીકેની સેવા આપેલ. આજે જે દશ

નામ ગોસ્વામી સમાજની વાડી છે તે તેમના પ્રયત્નોથી છાત્રાલય માટે દાનમાં મળેલ, પાછળથી ત્યાં સમાજવાડીનું નિર્માણ થયું.

આવી બહુમુખી પ્રતિભાના સ્વામી શ્રી પ્રાણગીરી ગોસ્વામી શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ભુજના શ્રી જાગનાથ મહાદેવજીના મંદિરની પૂજા તેઓશ્રીના હસ્તક હતી અને 'વેલા બાવાજી'ના હુલામણા નામે તેઓ સમાજમાં જાણીતા હતા. સમાજમાં 'શક્તિ પાટ' 'દશા પાટ' 'ગળા ઢોળ' રામદેવપીર પાટ (પંજો પાટ) ના આચાર્ય પદ શોભાવ્યું હતું આ બધી ધાર્મિક ક્રિયાઓ ભૂકંપ પહેલા વાઘેશ્વરી માતાજીના મંદિરમાં તેમના માર્ગદર્શન હેઠળ થતી. આસો નવરાત્રી અને ચૈત્ર નવરાત્રીમાં વિશેષ આયોજન થતા.

પ્રાણગિરી પી. ગોસ્વામીની કાયમી સ્મૃતિ જાળવવા ભુજ નગર પાલિકાએ ન્યુ સ્ટેશન રોડને "પી.પી. ગોસ્વામી માર્ગ" નું નામકરણ કરી તેમના કાર્યોને જીવંત રાખ્યા છે. તા. ૨૫-૪-૨૦૧૦ના તાત્કાલીન નગરપાલિકા પ્રમુખશ્રી દેવરાજ ગઢવીના માર્ગદર્શન તળે અગ્રણીઓની હાજરીમાં તકતી મુકવામાં આવેલ.

આવા સ્નેહી સ્વજનશ્રી પ્રાણગિરીજી ગોસ્વામીએ તા. ૩-૧૧-૨૦૦૧ ના દેહલીલા સંકેલી કૈલાસધામ સિધાવ્યા. શિક્ષણ, સાહિત્ય, ઇતિહાસ, કલમના કસબી લોકગાયકને આત્મિય વંદન અને તેઓશ્રી રચિત વિશ્વ પ્રસિધ્ધ ગરબો –

*હાં.... રે ધન્ય કચ્છની આ ધરતી*
*રણમાં રવેચીમાં રમતી*
*મઢમાં આશાપુરા મઢવાળી*

જ્યાં સુધી કચ્છની ધરા પર આઇ શ્રી આશાપુરા ની આણ વર્તાશે ત્યાં સુધી આવા અનેક ગરબાના શબ્દો ગગનમાં ગુંજતા રહેશે અને શ્રી પ્રાણગિરી ગોસ્વામીનો અવાજ ગુંજતો રહેશે.

શ્રી પ્રાણગિરિ પી. ગોસ્વામીને શત... શત..... વંદન.....

જય મા આશાપુરા. ■

## કોમ્પ્યુટરનો કક્કો

**(અનુસંધાન : પાના નં.-૨૫ ઉપરથી ચાલુ)**

સગવડ કારક રહે છે તે અલગ વાત છે.

***મુખ્ય કામના વિષય ઉપર ધ્યાન કેન્દ્રિત*** - ઇન્ફોર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ એક સાધન તરીકે થવાથી મુખ્ય કામના વિષય ઉપર ધ્યાન કેન્દ્રિત રહે છે અને સાધન બાબતની ચિંતા બીજી કંપની (ક્લાઉડ કમ્પ્યુટીંગ સર્વિસ પ્રોવાઇડર) કરે છે, જેને કારણે એ બાબતની છેલ્લામાં છેલ્લી, અધ્યતન ટેકનોલોજી સહજમાં પ્રાપ્ય બને છે, જેથી સમય અને સંસાધનોની બચત થાય છે.

આ ટેકનોલોજી દ્વારા ધંધો કરનારાઓને બીઝનેસ મોડેલ તરીકે તેનો વપરાશ કરવામાં શંકાઓ રહે છે, કારણકે તેના સર્વિસ પ્રોવાઇડરો દ્વારા ખર્ચના ધોરણો નક્કી ન હોવાથી ખર્ચનો અંદાજ આવતો નથી. વળી, ડેટાની સિક્રસી અને સિક્યોરીટી બાબત પણ એક મોટો સવાલ રહે છે. ડેટા અન્ય જગ્યાએ રહેતો હોવાથી તેના ઉપર કંટ્રોલ ન હોવાનો અહેસાસ પણ થયા કરતો હોય છે. આમાં મોટા ભાગના ગેરફાયદાઓ તો સાયકોલોજીકલ છે અને બાકીના સમય જતાં, ધારા-ધોરણો નક્કી થતાં અનુકૂળતા આવી જશે. હા, સૌથી મોટો ગેરફાયદો જ્યારે સર્વિસ પ્રોવાઇડર બદલવાના થાય ત્યારે થાય છે, કારણ કે એક ક્લાઉડ પર કામ કરતા સ્ટાફને અન્ય જગ્યા ઉપર કામ કરવાનું થાય ત્યારે ટેવાનું પડે, કારણ કે દરેક સર્વિસ પ્રોવાઇડરો ના એપ્લિકેશનો અને તેના વપરાશ માટેની ગોઠવણીઓ અલગ અલગ રહેવાની.

- **માઇક્રોસોફ્ટ ઓફિસના વપરાશકર્તાઓ માટે કમ્પ્યુટર કી બોર્ડના કેટલાક ઉપયોગી ટૂંકા રસ્તાઓ :**

Start + M: Minimzes all open windows - તમે એક કરતા વધારે વિન્ડો ખોલી ને એક સાથે તેના ઉપર કામ કરતા હો, અને તમારે કોઇ અગત્યનું કામ કરવા માટે તે બધીજ વિન્ડો બંધ કરવાની - મિનીમાઇસ કરવાની જરૂરત ઉભી થાય તો, સ્ટાર્ટ કી હાથથી દબાવી રાખી એમ (M) ઉપર માઉસ ક્લિક કરશો, એટલે તમે જેટલી વિન્ડો ખોલી હશે, તે બધીજ એક સાથે મિનીમાઇસ થઇને તમારા કમ્પ્યુટરના સ્ક્રીન ઉપર નીચેના બારમાં આવી જશે. આ એકજ કમાન્ડથી, તમારો સમય બચશે અને તમારે એક એક વિન્ડો ઉપર જઇને તેના મિનિમાઇસ (-) બટન ઉપર ક્લિકો નહિં કરવી પડે. અને હવે જો તમારે તે બધીજ વિન્ડો ને એક સાતે ખોલવી હોય તો તેજ સ્ટાર્ટ બટનની સાથે સીફ્ટ કી દબાવો અને ક્લિક કરો એમ (M), બધીજ વિન્ડો, જ્યાં તમે અગાઉ કામ કરતા હતા તે ખૂલી જશે. આવીજ રીતે સ્ટાર્ટ બટન સાથે સંકળાયેલ અન્ય શોર્ટ કટ્સ નીચે આપેલ છે અને તે સિવાયની માહિતી માટેની સાઇટ નીચે આપેલ છે.

Start + E: Runs Windows Explorer

Start + R : Open the RUN Dialog Box

Start + F: Open the Search Results Dialog Box

Start + CTRL + F: Opens the Search Results-Computer Dialog Box (if the computer is connected to a network)

Start + Pause (Break): Opens the system Properties Dialog Box

http://www.microsoft.com/athome/organization/comshorcuts.aspx

- **એક એસ.એમ.એસ. :**


Treat your password like your toothbrush. Don't let anybody else use it, and get a new one every six months.

*- Clifford Stoll*

**ઉપરોક્ત શ્રેણી અંગે ગત માસે પૂછેલા પ્રશ્નોના જવાબ આપવાની અંતિમ તારીખ તા. ૩૦-૯-૨૦૧૧ છે.**

# કોમ્પ્યુટરનો કક્કો – ૧૮

તુલસીદાસ એલ. કંસારા




## ક્લાઉડ કમ્પ્યુટીંગ શું છે?

છેલ્લા એકાદ વરસમાં આ શબ્દે કમ્પ્યુટરની દુનિયામાં ધૂમ મચાવેલ છે, અને દરેક વ્યક્તિ તેનો પોતાની કલ્પના અનુસાર અર્થ કરે છે. તમે આ શબ્દના જાણતા હો તો કંઇ વાંધો નહિં, આજે આપણે તેના વિશે જ જાણવા પ્રયત્ન કરીએ છીએ.

તારી હાર્ડ ડિસ્કમાં જે એપ્લિકેશનો છે, દા.ત. માઇક્રોસોફ્ટ ઓફીસ કે ઓપન ઓફિસ, તે જો તમને ઇન્ટરનેટ ઉપર મળી રહે, તો તમે ત્યાંજ સીધું જોડાણ સાધીને તમારે જે કામ કરવાનું હોય, દા.ત. વર્ડ પ્રોસેસરમાં કોઇ પત્ર ટાઇપ કરવાનો હોય કે, પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન બનાવવાનું હોય, તે તમે આ ક્લાઉડના સર્વર ઉપર જ બનાવી શકો છો અને ઇચ્છો તો ત્યાંજ તમારા ફોલ્ડર બનાવીને તેમાં તમારી ફાઇલોનો સંગ્રહ કરી શકો છો. આમ જે સર્વેને શુલભ્ય છે, સર્વવ્યાપક છે, સગવડદાયક છે, ધારો ત્યારે તમને જોઇતી ગોઠવણી કરી શકાય તેવા તેના કમ્પ્યુટરને લગતા એકત્રિત કરેલા સંસાધનો દા.ત. નેટવર્કસ, સર્વર્સ, સંગ્રહ કરવાની સગવડ, એપ્લિકેશનો અને સેવાઓને સંપર્ક કરી શકો, તે બધુંજ ઓછામાં ઓછા સમયમાં અને ઓછામાં ઓછા વ્યવસ્થાકિય પ્રયત્ને કે સર્વિસ પ્રોવાઇડર સાથેના ઓછામાં ઓછા વાર્તાલાપ થી મળી શકે તેવા મોડેલનું નામ છે ક્લાઉડ કમ્પ્યુટીંગ.

પહેલાં તમે ડેસ્કટોપ કમ્પ્યુટર ખરીદો એટલે તમારે તેમાં વિન્ડોસ ઓપરેટીંગ સિસ્ટમનું લાયસન્સ વર્ઝન ખરીદવું પડે અને તમારા કમ્પ્યુટરમાં તે ઇન્સ્ટોલ કરવું પડે. ત્યાર બાદ લોકલ એરિયા નેટવર્કીંગ (LAN)ની શોધ થતાં તમારી ઓફીસમાં તમે જો એક કરતાં વધારે કમ્પ્યુટરોને (LAN) વડે જોડીને કામ કરો તો તમારે મલ્ટીયુઝર્સ વર્ઝન સિસ્ટમ લાઇસન્સ ધરાવતી મોંઘી સિસ્ટમ ખરીદવી પડે. અને તે સિસ્ટમમાં સુધારા-વધારા થાય ત્યારે તેને અપ-ગ્રેડ કરવી પડે. હવે, આજ ક્લાયન્ટ સર્વર અને તેને એક્સેસ કરતા કમ્પ્યુટરોના કન્સેપ્ટ ને આગળ વધારીને લોકલ એરિયાની બદલે વાઇડ એરિયામાં લઇ જઇએ એટલે તે દૂરના સર્વરને કનેક્ટ કરવા માટે તમારે ઇન્ટરનેટની જરૂર પડે. અને આ દૂરના સર્વર ઉપર વિન્ડોસ, લિનક્ષ, વિગેરે ઓપરેટીંગ સિસ્ટમો આપીને દરેક એકાઉન્ટ ખોલાવનારને તેમનો ડેટા રાખવાની સગવડ આપી દેવાય તે થયું ક્લાઉડ કમ્પ્યુટીંગ. ક્લાઉડના આગમન સાથે તમારે કોઇજ સિસ્ટમ તમારા કમ્પ્યુટરમાં રાખવાની જરૂર નથી. એ બધીજ સિસ્ટમો, એપ્લિકેશનો, તમારા ક્લાઉડના સર્વિસ પ્રોવાઇડર તમને તમારા બ્રાઉઝર મારફતે પહોંચાડશે. તમારે તમારા કમ્પ્યુટરના ડાટા ને ફેરવવાની કે તેની પેનડ્રાઇવમાં કોપી કરવાની કે તેને ઇ-મેઇલ મારફતે મોકલવાની કડાકૂટમાં પડવાની બિલ્કુલ જરૂર નથી. તમે તમારા ગામમાં હો કે બીજા શહેરમાં, તમારા દેશમાં હો કે કોઇ ફોરેન કન્ટ્રીમાં, તમે ગમે ત્યાં હો, તમને કનેક્ટીવીટી મળે, ઇન્ટરનેટની સગવડ મળે, પછી તે તમારા લેપટોપથી હોય કે તમારા સ્માર્ટ (મોબાઇલ) ફોન મારફતે હોય, નેટબુક કે ટેબલેટ મારફતે હોય, કે કોઇ સાયબર કાફે ના કમ્પ્યુટર દ્વારા, તમારે માત્ર તમારા સર્વિસ પ્રોવાઇડરના ક્લાઉડ ને કનેક્ટ કરવાનું અને તમારા ફોલ્ડરમાં જઇને તમને જોઇતી ફાઇલ ખોલવાની ને ડેટાનો ઉપયોગ કરવાનો.

## ક્લાઉડ કમ્પ્યુટીંગના ફાયદાઓ :

ઇન્ફોર્મેશન ટેકનોલોજીમાં, ખાસ કરીને સરકારી તેમજ કોર્પોરેટ સેક્ટર આ પદ્ધતિના નીચે મુજબના ફાયદાઓ ઊઠાવવાનું ચોક્કસ વિચારી શકે.

***એકંદર ખર્ચમાં ઘટાડો*** - ક્લાઉડ ટેકનોલોજીને કારણે, સિસ્ટમ રોકાણ તેમજ તેના આધુનિકરણના ખર્ચમાં પુરી બચત થતાં, એકંદર ખર્ચમાં ઘટાડો થાય છે.

***સંગ્રહ શક્તિમાં વધારો*** - તમારો બધોજ ડેટા અન્ય સર્વર ઉપર રહેવાથી, સંગ્રહ કરવા માટે હાર્ડ ડિસ્કો કે અન્ય મિડિયમનો ખર્ચ કરવો પડતો નથી, અને ગમે તેટલો ડેટા હોય, જગ્યાની ચિંતા કર્યા સિવાય સંગ્રહી શકાય છે.

***અતિ સ્વયંસંચાલિત*** - તમારા આઇટી વિભાગમાં કામ કરતાં એન્જીનિયરોને સિસ્ટમ અપ-ડેટ કરવામાં સમય અને શક્તિનો વ્યય કરવો પડતો નથી, કારણ કે તેની કાળજી ક્લાઉડ કોમ્પ્યુટીંગ સર્વિસ પ્રોવાઇડર લે છે. કામની ઝડપ પણ વધે છે અને અમૂક પ્રકારના કામો માટે માણસોની જરૂરિયાત ન રહેતાં, મેન-પાવરમાં પણ બચત થાય છે.

***ફ્લેક્સિબલ કે લવચીક, નરમ*** - તમે જે સિસ્ટમ ઉપર કામ કરતા હો તે સિવાયના એપ્લિકેશનો ને લગતું કામ હોય તો તમારે તે માટે નવા કમ્પ્યુટર વસાવવા પડે અથવા તો તમારા કમ્પ્યુટરમાં તેવી એપ્લિકેશનો ઇન્સ્ટોલ કરવી પડે, પરંતુ જો તમે ક્લાઉડ કોમ્પ્યુટીંગ સર્વિસ પ્રોવાઇડર કંપનીની સેવાઓ લીધેલ હોય તો તમને આ બધીજ સગવડો મળી રહે, આમ તમારી કામ કરવાની લવચીકતા કે ફ્લેક્સિબીલીટી વધી જાય.

વધારે ચૂટથી હરે ફરે એવું, સહેલાઇથી ફેરવી શકાય તેવું, ગતિશીલ - તમે ગમે ત્યાં ફરતા હો, દેશમાં હો કે પરદેશ, તમને કનેક્ટીવીટી મળે એટલે તમે ગમે તે સમયે તમારી ફાઇલો અને ફોલ્ડરોને કનેક્ટ કરીને કામ કરી શકો છો. આ માટે તમારી પાસે તમારૂં પોતાનું લેપટોપ કે અન્ય ડિવાઇસ પણ હોવી જરૂરી નથી, અલબત્ત તે હોય તો વધારે

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૪ ઉપર)


# રામરામીનો ઝગમગાટ

**પી. જી. સોની 'દાસ'**

કચ્છના ગ્રામ્ય વિસ્તારના લોકજીવનમાં ભાતીગળ પહેરવેશ, એનાં રીત-રિવાજો, રહેણીકરણી, લગ્ન વિવાહ જેવા શુભ પ્રસંગો, વાર-તહેવારો, જ્ઞાતિવાર બોલાતી બળકટ તળપદી બોલી, આગવી પરંપરાઓ એની રૂઢિગત ખાસિયતો વગેરેમાં ભાતભાતની વિશેષતાઓ જોવા મળે છે. આવી જ એક પેઢી દર પેઢીથી ચાલી આવતી ઉત્તમ પરંપરા - રીતરિવાજ પ્રમાણે જુદી જુદી જ્ઞાતિની ગ્રામ્ય નારીઓ ખાસ પ્રકારના કલાત્મક સોનાના આભૂષણો પહેરે છે અને આવા વિવિધ પ્રકારની કલા-કારીગરી અને કસબના બેનમૂન આભૂષણો બનાવવા માટે જીલ્લાનું પાટનગર ભુજ વિશ્વવિખ્યાત છે.









આજે વાત કરવી છે આહીર જ્ઞાતિની બહેનો માટે બનતા (અપવાદરૂપ ભાઈઓ પણ પહેરતા હોય છે) મુખ્યત્વે સોનાના રામરામી (રામનામી) ઝરમર અને ઝુમરો (પાંદડાજોડ)ના કલાત્મક અને સુંદર આભૂષણોની. સામાન્ય રીતે પ્રસંગોપાત જ પહેરવામાં આવતા હોવાથી એના ઓછા વપરાશના કારણે અને ઘસારો લાગતો ન હોવાથી આ દાગીના જૂના થતા નથી. એટલે સહેજે પચાસેક વર્ષથી ઉપર ચાલે છે. બીજું આ દાગીના જૂના થાય તો પણ જૂના દાગીના તરીકે વેચાતા હોય છે અને લેનારને સસ્તા પડે છે. અન્ય દાગીનાની જેમ જૂના થતા એને ઓગાળવા પડતા નથી. ક્યારેક એને સાધારણ રીતે રિપેરિંગ કરવા પડતા હોય છે અને બહુ જ જૂના થાય તો એન્ટીક પીસ તરીકે કામ આવે છે.

રામરામી આભૂષણ વિશે એક રસપ્રદ વાત એ જાણવા મળી કે, એનું નામ રામરામી કે રામનામી કેમ પડ્યું? એનાં પ્રત્યુત્તરમાં આ દાગીનાઓના જૂના અને અનુભવી કારીગર સોની હિંમતલાલ કાનજી ઢોરીવાળાએ જણાવ્યું કે, એક પ્રાચીન માન્યતા પ્રમાણે રામાયણ કાળમાં રામ અને સીતાજી આ આભૂષણો પહેરતા હતા અને તમે રામ-સીતાના જૂના ફોટાઓ જોશો તો ખ્યાલ આવશે. જો કે કાળક્રમે એની ડિઝાઈનમાં સાધારણ ફેરફાર જોવા મળે છે.

સોનામાં સુગંધ સમા આ કલાત્મક અને બારીક અલંકારોના કારીગરો ભુજમાં માંડ કદાચ ૫-૭ હશે. અંજારમાં પણ આના કારીગરો છે. જૂની પેઢીના તસવીરકાર ચમન કંસારાના સુપુત્રો આનંદ તથા કમલ સોલંકી (સોની) એ ગળાની શોભારૂપ આ અનૂઠા આભૂષણો વિશે જણાવ્યું હતું કે આ કામ એટલું બધું જટીલ અને બારીક છે કે આ કામ હાથમાં લઈએ એટલે પૂરું કરે જ છૂટકો. એક તો કામનો ભરાવો. બીજું ગણ્યા-ગાંઠ્યા કારીગરો એટલે કામ પૂરું કરવું જ પડે. અમારો ઘેરથી દુકાને આવવાનો ટાઈમ નક્કી હોય પણ ઘેર પરત ફરવાનો સમય નક્કી ન હોય. પૂરું કરીને જ ઉઠવું પડે. આ દાગીના બનાવવાનું શીખતાં અંદાજે ત્રણેક વર્ષ લાગે અને તે પણ ખંત, મહેનત અને એકાગ્રતા ખૂબ જ માંગી લે. અમો બંને ભાઈઓ વીસેક વર્ષથી ફક્ત આ જ કામ કરીએ છીએ. આ આભૂષણો ભુજ બુલિયન મર્ચન્ટ એસો.ના પ્રમુખ પ્રાણલાલ નરભેરામ સોની દ્વારા અમોએ એક્ઝિબિશન માટે અમદાવાદ વિ. સ્થળોએ મોકલ્યા છે.

સામાન્ય રીતે રામરામીનું વજન ૩૦થી ૩૫ ગ્રામ હોય છે. ઝુમરાનું વજન ૬૫થી ૮૫ ગ્રામ હોય છે અને ઝરમરનું વજન ૫૦થી ૫૫ ગ્રામ હોય છે. એક આભૂષણને બનાવતાં અંદાજે ૨-૩ દિવસનો સમય લાગે છે. નવરાત્રિ જેવા પ્રસંગોએ ફેશન તરીકે અન્ય જ્ઞાતિની બહેનો પણ આ દાગીનાઓ પહેરે છે. જે ચાંદીના બનાવેલા અને સોનાનો ઢોળ ચડાવેલા હોય છે. ■

# ચાંદીકામને ગૃહ ઉદ્યોગનો દરજ્જો આપો

**બુલિયન મર્ચન્ટ એસોસિએશનની અપીલ, પ્રેષક : 'સેતુ' સહયોગી શ્રી પી.જી. સોની 'દાસ'**

ખાદી તેમજ અન્ય નાના મોટા ગૃહ ઉદ્યોગની જેમ ચાંદીકામનો પણ ગૃહ ઉદ્યોગમાં સમાવેશ કરવો જોઈએ એવી માંગ બુલિયન મર્ચન્ટ એસોસિએશન - ભુજે ખાદી ગ્રામોદ્યોગ કમિશન - અમદાવાદ પાસે કરી છે. ચાંદીકામ તેની રૂપેરી કોર સમાન અનેક કારીગરો પરિવારોનાં હાથમાંથી પસાર થઈને વિવિધ પ્રક્રિયા દ્વારા દાગીના સ્વરૂપે તૈયાર થાય છે. ચાંદીના આભૂષણોને હાથ-પગ કે ગળાની શોભામાં અભિવૃદ્ધિ કરવા માટે શોરૂમમાં પહોંચતા પહેલાં લાંબી મજલ કાપવી પડે છે.

બુલિયન મર્ચન્ટ એસો.ના અધ્યક્ષ પ્રાણલાલ નરભેરામ સોનીના જણાવ્યા મુજબ જેમ ખાદીના ક્ષેત્રમાં ખાદીનું કાપડ તૈયાર થતાં પૂર્વે પીંજાઈને પૂણી બનાવવાથી માંડીને વણાટકામથી રંગાઈ છપાઈ વગેરે પ્રક્રિયા દ્વારા કાપડ તૈયાર થાય છે અને અનેક પરિવારો રોજી રોટી મેળવે છે એમ ચાંદી કામમાં પણ ચાંદીની જૂની વસ્તુઓને ભઠ્ઠીમાં ઓગાળવાથી રીફાઈન કરીને તેનાં ઢાળ (સળીયા) પાડી તાર બનાવી કળીઓ કાપી જોડી કાચી ચેઈન પર રેણકાર (સોલ્ડરિંગ) કરી તેનાં પર નકશીકામ, મીનાકામ, છોલાઈ - ધોલાઈ - વાઈબ્રેટ વિ. પ્રક્રિયા કર્યા બાદ જ વિવિધ ડિઝાઈનનાં અલંકાર તૈયાર થઈને વેપારી પાસે પહોંચે છે. પણ ત્યાર પહેલાં અનેક કારીગરો ઉપરાંત પરિવારની બહેનો પણ આ કામમાંથી પૂરક રોજીરોટી મેળવે છે.

ચાંદીકામમાં જૂના અને અભ્યાસુ કારીગરો તથા વેપારી વર્તુળોના જણાવ્યા પ્રમાણે ૧૦ વ્યક્તિને રોજગારી આપવી હોય તો એક યુનિટ દ્વારા એક ઉદ્યોગકારને સાધન લોન પેટે રૂપિયા એક લાખ, ફર્નિચર વગેરે માટે એક લાખ, ચાંદીના કાચા માલ માટે અંદાજિત ૨૫ કિ.ગ્રા. એટલે કે આશરે રૂપિયા દસ લાખ એક વ્યક્તિ દ્વારા ૧ યુનિટનાં સ્વરૂપમાં ૧૫ લાખનું રોકાણ કરવામાં આવે તો લગભગ ૧૦ વ્યક્તિને રોજગારી આપી શકાય તેમ છે. સાધનો તથા ઉપકરણોમાં ૩૩ ટકા સબસિડી આપવી જોઈએ. ચાંદીના રોકાણમાં ૩ વર્ષ સુધી વ્યાજમુક્ત લોન આપવી જોઈએ. તેમને સબસિડી આપવાની જરૂર નથી. ૩ વર્ષ પછી ૫ વર્ષની અંદર પૂરેપૂરી લોન ભરપાઈ કરી આપવી જોઈએ એવું ચાંદીકામનાં અનુભવી કારીગરોનું માનવું છે.

ચાંદીકામના વર્તુળોનાં તેમજ આ ક્ષેત્રને નિષ્ણાત ચુનીલાલ પોમલના જણાવ્યા પ્રમાણે ભુજ સહિત સમગ્ર કચ્છમાં અંદાજે બે હજાર ચાંદીકામના કારીગરો કામ કરે છે. સાથે પરિવારની બહેનો પણ પૂરક રોજીરોટી મેળવે છે. આ વ્યવસાય હવે ફક્ત સોની જ્ઞાતિ પૂરતો સીમિત ન રહેતાં અન્ય જ્ઞાતિઓએ પણ આ ધંધામાં ઝંપલાવ્યું છે. ફક્ત ભુજની જ વાત કરીએ તો ગોઝારા ભૂકંપ બાદ સોના-ચાંદીના ધંધાર્થીઓ કંસારા બજાર, શરાફ બજાર કે ધોબી શેરી પૂરતા સીમિત ન રહેતાં છઠ્ઠીબારી રીંગરોડ, હોસ્પિટલ રોડ, સંતોષીમાં મંદિર રોડ વગેરે જગ્યાએ વિસ્તરતા જાય છે. ઉપરાંત ચારેય રિલોકેશન સાઈટોમાં બહોળી સંખ્યામાં કારીગરો વસવાટ કરે છે અને ઘેર બેઠા ચાંદીકામ કરે છે.

અનાદિકાળથી ભારતીય સંસ્કૃતિ, પરંપરા કે રીત રિવાજ પ્રમાણે ધર્મ કે નાતજાતનાં ભેદભાવ વગર સોના-ચાંદીનાં અલંકાર દરેક પરિવારોની અનિવાર્ય જરૂરિયાત અને શોભા બની રહ્યા છે. પછી ભલે ને સોના ચાંદીના ભાવો આસમાનને કાં ન આંબે!! ■

## પુનીત સોનીના સંશોધનને અમેરિકાની યુનિવર્સિટી દ્વારા માન્યતા



અમદાવાદ જ્ઞાતિના હોનહાર યુવક પુનીત સોનીએ હાલમાં અમેરિકાની પ્રતિષ્ઠિત નોર્થ કેરોલીના સ્ટેટ યુનવર્સિટીમાંથી ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન વિષયમાં માસ્ટર્સ ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. અભ્યાસના દ્વિતીય વર્ષમાં પુનીત સોનીએ કરેલ સંશોધન - રીસર્ચને યુનિવર્સિટી દ્વારા માન્ય રાખવામાં આવેલ છે. આ વિશે વિશેષ માહિતી આપતાં અમેરિકાથી પુનીતે જણાવેલ કે **તેઓએ કોમ્પ્યુટર, લેપટોપ, મોબાઈલ જેવા સાધનોમાં વપરાતી ઊર્જા કેવી રીતે બચાવી શકાય તે અંગે સતત એક વરસ રીસર્ચ કરેલ.** જે એક મોટા સંશોધન પ્રોજેક્ટના ભાગરૂપે કરવામાં આવેલ. પુનીત સોનીએ રીસર્ચનું નિષ્ણાતોની પેનલ સમક્ષ પ્રેઝન્ટેશન કરેલ. આ સંશોધન કાર્યને યુનિવર્સિટીની લાઈબ્રેરીમાં કાયમી સ્થાન આપવામાં આવેલ છે. જેથી તે ભવિષ્યમાં ઉપયોગી થઈ શકે. અમેરિકાની શિક્ષણ પદ્ધતિમાં માત્ર મૌલિક કાર્ય સ્વીકાર્ય હોય છે. પ્રોજેક્ટ કાર્યમાં કોઈની નકલ કરી શકાય જ નહિ. અહીંના પ્રોફેસરો ખૂબ વિદ્વાન અને નિષ્ણાત હોય છે. પુનીત સોનીએ આ સમગ્ર કાર્ય તેના માતા-પિતા હંસા સોની અને અતુલ સોનીને સમર્પિત કરેલ છે જેની નોંધ લેવાયેલ છે.

માસ્ટર્સ ડિગ્રીના અભ્યાસ દરમ્યાન જ પુનીતને કોમ્પ્યુટર ક્ષેત્રની પ્રસિદ્ધ આંતરરાષ્ટ્રીય કંપનીઓ તરફથી જોબની ઑફર મળેલ. પુનીત ટુંક સમયમાં અમેરિકાના કેલીફોર્નિયાના સન-ડીયેગો શહેર સ્થિત મોબાઈલ પ્રોસેસર ક્ષેત્રની નંબર વન કંપની "કોલ કોમ" સાથે જોડાશે.

પુનીત સોનીને સફળતા બદલ 'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન અને ભાવિ કારકિર્દી માટે હાર્દિક શુભકામના. ■

# Check-Mate (8)

'Tulsi' - Ahmedabad



**END RESULT :**

The end result in the game. Chess could be win, loss or draw. Let us see, how this game is considered drawn? As you know when there is no winner or looser, then the game is draw. In the chess tournament, there is one point for winning, half point for draw and no point for loss. In fact there are five situations when the game is considered drawn, viz.,

1. Stalemate
2. Insufficient checkmating material
3. Repeating the position three times
4. Using the fifty move rule and
5. Two players agree to draw.

These all may sound curious, hence let us understand them in details.

**STALEMATE :**

when the player, whose turn it is to move, is not in check, but can not make a legal move, then the game ends, which is known as stalemate. Look at the situation given in the picture-1 below. Black to move is in stalemate. Black has no legal move since each square to which the lone king might move is attacked by the white queen or king. Same is the case in situation given in picture-2.

**Insufficient check mating material :**

Here the word "material" is used for pieces on the chess board. When there is not enough material on either side of the board to check mate the opponent, the game is called draw for insufficient mating material. This draw only occurs when there are very few pieces left on the board. Some examples of this of draw are given below.

1. Each player has only a king left on the board.
2. One player has only a king and other player a king and a knight left on the board.
3. One player has only a king and other player a king and a bishop left on the board.

In each of these cases, check mate is not possible.

**Repetition of position :**


If the exact same position is repeated three times or more, then the player whose turn it is to make a move can claim a draw. This is called Repetition of position draw. Chess game can take a long time, but no one wants a game to go on forever! That is what this rule is for. For claiming the draw, you must ensure that ;

1. It is your turn to move. You cannot claim this draw when it is your opponent's turn to move.
2. Both Player's pieces must be in the exact same positions - the same squares at the same time - for it to count as repetition.
3. All of the same legal moves must be available to the pieces for each repetition.


The same move do not have to be made consecutively - that is, from one turn to the next. If the same position occurs at any time during the game then it counts as a repetition. Also, if you are about to repeat the position a third time, you may claim the draw.

**The fifty move rule :**

If fifty moves go by without any piece being




PICTURE-1




PICTURE-2

captured or without any Pawn being moved, the player whose turn it is to move can claim a draw. This is known as the "fifty-move rule" (It is impossible to claim this draw without a written record of the game).

Just like "repetition of the position," this rule prevents a game from going on forever.

Use this rule, for example, if you opponent has only a King and a Rook (or Queen) and you have only your King. Your opponent will then have fifty moves in which to checkmate your King before a draw can be claimed.

**Draw by agreement :**

In tournament games a "draw by agreement" is the most common type of draw. If you want to offer a draw to your opponent you should make the offer immediately after making a move. Your opponent can accept your offer until he touches one of his or her pieces. But a beginning-level player would not learn much by accepting or offering a draw early in the game.

Before we go any further, you need to know how to read and write "chess language" It looks a little like a secret code, but it is easy to learn. Although, we have seen this language last year, in article 4 of this magazine, however, we shall try to understand this language in detail in the coming issue.

**એક એસ.એમ.એસ. :**

***When you are lonely, when you feel yourself an alien in the world, play Chess. This will raise your spirits and be your counselor in war.***

***– Aristotle.***

*"**Let's Play**" શૃંખલામાં 'ચેસ' હવે પૂરી થાય છે. વાચકોમાંના કોઈને બીજી કોઈ ઈન્ડોર કે આઉટડોર ગેમ્સમાં રસ હોય તેમજ એના વિશે આધારભુત માહિતી - શૃંખલારૂપે આપી શકે તેમ હોય તો જણાવવા અનુરોધ છે. ઈન્ડોર ગેમ્સમાં 'રમી' કે 'તીનપત્તી' જેવી નહીં પરંતુ 'બ્રિજ' અને આઉટડોર ગેમ્સમાં નવીન માહિતી આવકાર્ય છે.*

*– મુખ્ય તંત્રી*

## અમદાવાદમાં યાત્રિકોનું આશ્રયસ્થાન : સ્વામિનારાયણ વિશ્રાંતિભવન

રાજાશાહીના જમાનામાં દૂરદૂરના ગામથી આવતાં મુસાફરો માટે ઉતારા કે આરામ કરવા માટે શ્રેષ્ઠીઓ, ધર્મશાળાઓનું માનવ સેવાના કાર્યાર્થે નિર્માણ કરતા હતા. બહારગામથી આવતા યાત્રિકોના સગા સંબંધીના ઘરની ગરજ આ ધર્મશાળાઓ પુરી પાડતી હતી. વર્તમાન યુગમાં ધર્મશાળાઓની જગ્યા-વિશ્રાંતિભવનોનું નિર્માણ હાથ ધરાય છે. આજે વાત કરવી છે. ભુજ સ્વામિનારાયણ નૂતન મંદિર-નરનારાયણ દેવ સંચાલિત, કાલુપુર અમદાવાદમાં આવેલા વિશ્રાંતિ ભવનના હોલની સેવાકિય પ્રવૃત્તિને બિરદાવવાની.

ભારતભરમાં મુંબઈ, ચેન્નાઈ, કોલકાતા, હૈદરાબાદ, બેંગ્લોર, મોટાં શહેરોમાં આપણા અમદાવાદ શહેરની તુલના પણ તે મોટા શહેરો સાથે થવા લાગી છે. ત્યારે કચ્છીઓ પણ આ મેગા શહેરની મુલાકાત કોઈના કોઈ બહાના હેઠળ લેતા હોય છે. સામાજિક, આરોગ્ય, શિક્ષણ, વાણિજ્ય, સાંસ્કૃતિક, રાજકીય કે પ્રવાસન સહિતના કાર્યાર્થે મોટી સંખ્યામાં યાત્રિકો અમદાવાદ આવતાં હોય છે અને તેનો ઉદાહરણ હોય તો ભુજ સહિતના મુંદરાથી ઉપડતી ચાલીસથી પચ્ચાસ લક્ઝરી, એસ.ટી. બસો, ત્રણથી ચાર ટ્રેનો અને ખાનગી વાહનો અલગ. અમદાવાદ જતાં યાત્રિકો માટે રહેવા ભોજન સહિતની સગવડ માટે અતિઉત્તમ, સ્વચ્છ, સુંદર સ્થળ હોય તો કાલુપુરમાં આવેલું સ્વામિનારાયણનું વિશ્રાંતિભવન. આજે મારા વાચકોને આ ભવનમાં આવેલા 'હોલ' વિશે માહિતી રજૂ કરવાની છે.

અમદાવાદ રેલવે સ્ટેશન કાલુપુરની સામે રિલીફ રોડથી પગપાળા પસાર થઈને માંડ દશથી પંદર મિનિટમાં લોધેશ્વર પોળમાંથી કવિ દલપતરામ ચોકની બાજુમાં સ્વામિનારાયણ મંદિરની બાજુમાં વિશ્રાંતિભવન આવેલું છે. ત્રણ માળના ભવનમાં કુલ એકવીસ રૂમ આવેલા છે. ૧૧ એ.સી. અને ૧૦ સાદા બે મોટા ભોંયતળીયે ભાઈઓ અને બહેનો માટે 'હોલ' આવેલા છે. આ હોલમાં એક સીટ ઉપર ગાદલા-તકિયા-ચાદર વગેરે રાખવામાં આવ્યા છે. ન્હાવા ધોવા સહિત ચાર બાથરૂમ આ હોલમાં નિર્માણ કરવામાં આવ્યા છે. સ્વચ્છ સુંદર મારબલથી પથરાયેલા આ હોલમાં ચોવીસ કલાક પાણીની સગવડ, કબાટ, પંખાઓની સગવડ રાખવામાં આવી છે. એક ટાઈમ ચા નાસ્તો, બે ટાઈમ બપોરે અને રાત્રે ભોજન રાત્રીનું ભાડું માત્ર ચોવીસ કલાકના રૂા. ૧૨૫. મોંઘવારીના સમયમાં ૧૨૫માં રહેવા-જમવાની ઉત્તમ સગવડ પૂરી પાડતું હોય તો માત્રને માત્ર સાર્વજનિક સ્થળ વિશ્રાંતિભવનનો હોલ હશે. વળી આપ સવારે ૬ વાગ્યે પહોંચી ગયા પછી. બેથી ત્રણ કલાક બાદ ચા નાસ્તો કરીને ભવન છોડવું હોય તો માત્ર ૫૦ રૂા. લેવામાં આવે છે. આ ભવનમાં કર્મચારી કચ્છ રામપરના ભરતભાઈ ગોરસિયા અને માંડવીના મનસુખભાઈ ભુડિયા ખૂબજ પ્રેમાળ, વિનયમયી સ્વભાવના છે. અહીંના સંત્રી મોહિત યાદવ પણ યાત્રિકો સાથે પ્રેમથી વર્તન કરીને અમદાવાદની માહિતી અંગે માર્ગદર્શક બની રહે છે. વિશ્રાંતિભવનમાં સવારે છ વાગ્યે ગુજરાતી અખબારો વાંચન શોખીન માટે ઉપલબ્ધ કરવામાં આવે છે. ■

# પર્યટન સ્થળમાં ક્યાં ઉતરશો?

સંકલિત

★ **શ્રી દિલ્હી ગુજરાતી સમાજ**
સરદાર વલ્લભભાઈ પટેલ ભવન
૨, રાજનિવાસ માર્ગ, સિવિલ લાઇન્સ, દિલ્હી-૧૧૦૦૫૪
ફોન : (૦૧૧) ૨૩૯૮૧૭૯૬, ૯૭, ૯૮
રહેવાની ઉત્તમ વિશાળ વ્યવસ્થા,
ગુજરાતી ભોજન, કેન્ટીનની પણ વ્યવસ્થા
દિલ્લી દર્શન તેમજ અન્ય શહેરોની ટ્રાવેલ્સની વ્યવસ્થા છે.
જુની દિલ્લી સ્ટેશનથી ૩ કિ.મી.
નવી દિલ્લી સ્ટેશનથી ૮ કિ.મી.
www.gujaratisamaj.com

★ **શ્રી સ્વામિનારાયણ સેવા સદન**
૧૩, બેલા રોડ, રિંગ રોડ, સિવિલ લાઇન્સ,
આંતર રાજ્ય ગેટ (બસ અડ્ડાની પાસે), દિલ્હી-૧૧૦૦૫૪
ફોન (૦૧૧) ૨૨૫૧૫૦૧૩, ૨૩૯૭૪૭૦૩ (મંદિર)
૨૩૯૯૩૭૩૮, ૨૩૯૯૩૮૩૯ (ફેક્સ)
કિફાયતી રહેવાની વ્યવસ્થા અને ગુજરાતી ભોજન ઉપલબ્ધ છે.

● **શ્રી રામેશ્વર લોજ**
મહાલક્ષ્મી મંદિર પાસે, પણજી, ગોવા-૪૦૩૦૦૧
ફોન : (૦૮૩૨) ૨૨૨૪૭૭૬
સીંગલ વ્યક્તિ માટે ડોરમેટરી જેવી વ્યવસ્થા છે.

★ **રેવા પ્રભુ સદન**
દાતાર રોડ, અંબાજી
બુકિંગ માટે : ૧૦૨ પોપ્યુલર હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૭૪૭૯૧

★ **શ્રી ઉમિયા માતા પથિકાશ્રમ**
ગબ્બર રોડ, અંબાજી. ફોન : ૦૨૭૪૯-૨૬૨૧૬૯
બસ સ્ટેન્ડથી ૧ કિ.મી. રહેવા જમવાની વ્યવસ્થા છે.

★ **શ્રી મોદી ભવન ધર્મશાલા (શ્રી જગદીશભાઇ)**
બસ સ્ટેન્ડ સામે, ડી.કે. ત્રિવેદી સર્કલ સામે,
અંબાજી (જીલ્લા : બનાસકાંઠા) (ગુજરાત)
ફોન : (૦૨૭૪૯) ૨૬૨૨૨૨
અતિથિ ગૃહ અને ભોજનની વ્યવસ્થા છે.
અંબાજી મંદિરથી ૫ મિનિટના અંતરે

★ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંત દેરાસરની સામે, ગાંધી વિદ્યાલયની ગલીમાં,
અરિહંત ટાવરની ગલીમાં, રાજસ્થાન હોસ્પિટલ પાસે,
શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪
ફોન : (૦૭૯) ૨૨૮૮૪૫૪૭, ૨૨૮૬૧૫૩૯
રહેવા-જમવાની ઉત્તમ વ્યવસ્થા. એસી-નોન એસી રૂમ છે.

★ **શ્રી રેવાબાઇ હિન્દુ ધર્મશાળા**
રેલ્વે સ્ટેશન પાસે, કાળુપુર, અમદાવાદ-૩૮૦૦૦૨
ફોન : (૦૭૯) ૨૨૧૩૩૪૭૦
રહેવાની વ્યવસ્થા છે. જમવાની પણ વ્યવસ્થા છે.
૧ નંબર પ્લેટફાર્મથી અડધા કિ.મી.ના અંતરે છે.

★ **શ્રી લોહાણા અતિથિ ભવન**
ઢોરના દવાખાના સામે, કોર્ટ રોડ, ડાકોર-૩૮૮૨૨૫
જીલ્લા : ખેડા (ગુજરાત)
ફોન:(૦૨૬૯૯) ૨૪૫૩૪૪,૯૯૨૪૦-૮૯૫૩૬ (નરેન્દ્રભાઇ)
રહેવા માટે ડબલ બેડરૂમો છે. ચા કોફી-નાસ્તાની વ્યવસ્થા છે,જમવાનું ઓર્ડર આપવાથી મળે છે.
રેલ્વે સ્ટેશનથી ૧.૫ કિ.મી. છે. બસ સ્ટેન્ડથી ૧ કિ.મી.
શ્રી રણછોડરાયનું મંદિર ચાલતાં ૫ મિનિટનાં અંતરે છે.

★ **શ્રી લોહાણા અતિથિ ભવન ટ્રસ્ટ**
શ્રીમદ વલ્લભાચાર્ય માર્ગ, નવી હવેલી પાસે,
દ્વારકા-૩૬૧૩૩૫ (ગુજરાત) ફોન : (૦૨૮૯૨) ૨૩૪૪૧૭
ટ્રસ્ટ દ્વારા શ્રી દ્વારકેશ ભોજનાલય પણ ભદ્રકાલી રોડ ઉપર ચલાવાય છે.
(૧) અતિથિ ભવનમાં ૨, ૩, ૪ બેડરૂમ તેમજ ડોરમેટરીની વ્યવસ્થા છે. ચેક-આઉટ સમય સવારે ૧૦ વાગ્યે.
(૨) દ્વારકાધીશનું મંદિર નજીકમાં જ પગપાળા પાંચ મિનીટમાં અંતરે છે.
(૩) સીઝનમાં ટ્રસ્ટની મુંબઇ ઓફિસે (રાધા નિવાસ, પહેલે માળે, એસ.ટે. પાટીલ ઉદ્યાન પાછળ, ૧૦/૧૨, નવરોજી શેઠ લેન, ઠાકોરદ્વાર, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોન : (૦૨૨) ૨૨૦૮૬૩૮૩, ટેલીફેક્ષ : ૨૨૦૭૧૨૩૮.) સંપર્ક કરી બુકીંગ કરાવી લેવું.
(૪) દ્વારકા નગરપાલિકા દ્વારા દ્વારકા-દર્શનની બસ ચાલે છે. સવારે ૮ વાગ્યે, બપોરે ૨ વાગ્યે, ભદ્રકાળી મંદિર પાસેથી ઉપડે છે. ફોન : ૨૩૪૪૨૯, ૨૩૪૦૯૩ (ટિકિટ દર રૂા. ૪૦/-)

★ **શ્રી સંયુક્ત ગુજરાતી સમાજ**
સરદાર પટેલ ભવન, ૧૬, થિમાય્યા રોડ, વસંથનગર, બેંગલોર (કર્ણાટક)
ફોન : (૦૮૦) ૨૨૩૫૦૫૪૯, ૨૨૩૫૦૫૫૦,
સુંદર અતિથિ ગૃહ છે. ડાઇનિંગ હોલ છે. લીફ્ટની સુવિધા છે.

★ **શ્રી ગુજરાતી સમાજ**
શ્રી ગુજરાતી સમાજ માર્ગ, ન્યુ રોડ,
ઉજ્જૈન-૪૫૬૦૦૧ (મ.પ્ર.) ફોન : (૦૭૩૪) ૨૫૫૦૬૮૩,
અતિથિ ગૃહ છે. ચા-નાસ્તાની વ્યવસ્થા છે.
બીજે માળે છે-સીડીની ડાબી બાજુ લિફ્ટ છે.

★ **શ્રી ગુજરાતી સમાજ**
૩૬, મહુદા પારા, કે.કે. રોડ, રાયપુર-૪૯૨૦૦૧ (છત્તીસગઢ) ફોન : (૦૭૭૧) ૨૪૩૯૧૦૧ (સમાજ)
રાયપુર જંક્શનથી દોઢ કિ.મી.ના અંતર છે.

એક ડોરમેટરી છે જેમાં દશેક યાત્રીઓ રહી શકે
બાજુમાં પંડ્યા ગેસ્ટ હાઉસ પણ છે.

★ **શ્રી સ્વામીનારાયણ મંદિર તપોવન બ્રહ્મચર્ય આશ્રમ**
પંચવટી, નાસિક-૪૨૨૦૦૩. ફોન : (૦૨૫૩) ૨૫૧૪૫૭૦
રહેવા-જમવાની સગવડ છે. અગાઉથી સંપર્ક કરવા વિનંતી.

★ **હોટલ સાંઇ લોજ (ટુરિસ્ટ)**
અજય ભુવન, સ્ટેશન રોડ
બિટકો હોસ્પિટલ સામે, મુક્તિ ધામ લિંક રોડ,
ભાજી માર્કેટ સામે, નાશિક રોડ (મહારાષ્ટ્ર)
ફોન : (૦૨૫૩) ૨૪૬૩૯૫૪, ૨૪૬૭૧૩૪
રેલવે/બસ સ્ટેશનથી ૫ મિનિટના અંતરે છે.

★ **શ્રી પ્રો. જે.પી. ત્રિવેદી મેમોરીયલ ટ્રસ્ટ**
૧૧૯૪/૧૦, ઘોલે રોડ, સંત જ્ઞાનેશ્વર પાદુકા ચોક,
શિવાજીનગર, પૂના-૪૧૧૦૦૫ (મહારાષ્ટ્ર)
ફોન : (૦૨૦) ૨૫૫૩૩૪૭૪
સુંદર અતિથિ ગૃહ છે. ફોન કરીને જવું. વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ પણ છે.

★ **શ્રી મુક્તજીવન સ્વામીબાપા સેવાશ્રમ**
ભુલાભાઇ દેસાઇ રોડ, મહાલક્ષ્મી, મુંબઇ-૪૦૦૦૨૬
ફોન : (૦૨૨) ૨૪૯૫૦૬૯૧, ૨૩૫૩૦૬૯૧, ૨૩૫૩૦૬૯૧
કિફાયતી રહેવાની વ્યવસ્થા છે. ચા-નાસ્તાની વ્યવસ્થા છે.

★ **શ્રી અખિલ ભારતીય માહેશ્વરી સેવા સદન**
પુષ્કર, અજમેર-૩૦૫૦૨૨ (રાજસ્થાન)
ફોન : (૦૧૪૫) ૨૭૭૨૦૩૮. રહેવાની વ્યવસ્થા છે.

★ **શ્રી ગુજરાતી સમાજ**
સરદાર પટેલ કોલોની, પારસી ચાલ, અંબાજી રોડ,
આબુ રોડ-૩૦૭૦૨૬ ફોન : ૦૨૯૭૪-૨૨૨૨૫૮.
સ્ટેશનથી ૧/૨ કિ.મી.,
માઉન્ટ આબુ ૨૭ કિ.મી., યાત્રાધામ અંબાજી ૨૨ કિ.મી.
ચા, દૂધ, કોફી, ગરમ પાણીની વ્યવસ્થા છે. કેન્ટીન ચાલે છે.

★ **શ્રી આર્યધર્મ સેવા સંઘ**
બિરલા મંદિર, વૃંદાવન રોડ, મથુરા-૨૮૧૦૦૩
ફોન : (૦૫૬૫) ૨૫૩૦૧૪૯

★ **શ્રી રામગોપાલ માલાણી ધર્મશાળા**
પ્રયાગઘાટ, ઘોલપાડા, મથુરા-૨૮૧૦૦૧
ફોન : (૦૫૬૫) ૨૪૧૧૨૨૧
રહેવાની તેમજ ચા-કોફીની વ્યવસ્થા છે.

★ **શ્રી મથુરા ગુજરાતી સમાજ ટ્રસ્ટ ભવન**
સુરતવાલાની ધર્મશાળા, શ્રી દ્વારકાધીશજીના મોટા મંદિર પાસે, શ્રી યમુના કાંઠે, મથુરા-૨૮૧૦૦૧
ફોન : (૦૫૬૫) ૨૪૦૬૬૨૮, ઘર : (૦૫૬૫) ૨૪૦૪૮૩૪
આધુનિક સગવડતાવાળા રૂમો છે.
હેડ ઓફિસ : શ્રી મથુરા ગુજરાતી સમાજ ટ્રસ્ટ
૨૦૨, રાજશીલા, ૫૯૭, જે.એસ.એસ. રોડ,
મરીન લાઇન્સ, મુંબઇ ૪૦૦૦૦૨
ફોન : (૦૨૨) ૨૨૦૯૧૯૪૭, ૨૨૦૮૭૦૮૯

★ શ્રી વસનજી મોરારજી ભાટિયા ધર્મશાળા
ગોલઘર, મેદાગીન પાસે, વારાણસી-૨૨૧૦૦૧
ફોન : (૦૫૪૨) ૨૩૩૩૨૧૨.
રહેવાની સિમિત વ્યવસ્થા છે.

★ **શ્રી કચ્છી (લાલ રામેશ્વર) અન્નક્ષેત્ર આશ્રમ ટ્રસ્ટ**
સપ્ત સરોવર માર્ગ, ભારત માતા મંદિર પાસે,
હરિદ્વાર-૨૪૯૪૧૦ (ઉત્તરાંચલ) મો. : ૦૯૨૧૯૪૬૦૬૨૧,
રહેવાની ઉત્તમ વિશાળ વ્યવસ્થા છે. ગુજરાતી ભોજન મળશે.

★ **શ્રી આર્ય નિવાસ**
નિરંજન અખાડા રોડ, હરિદ્વાર-૨૪૯૪૦૧ (ઉત્તરાખંડ)
ફોન : (૦૧૩૩૪) ૩૨૫૪૭૪ (ફેક્સ) ૨૨૬૨૭૨
રહેવા-જમવાની વ્યવસ્થા છે. ગંગા કિનારે છે.

★ **શ્રી હરિદ્વાર ગુજરાતી ધર્મશાળા**
શિવ મૂર્તિવાળી ગલીમાં,
આર.બી. જશારામ રોડ, હરિદ્વાર-૨૪૯૪૦૧ (ઉત્તરાંચલ)
ફોન : ૦૧૩૩૪-૨૨૭૧૫૩, ૨૨૪૬૬૮
ઈ મેલ : shgdt_hwr.sancharnet.in
મુંબઇ (રજી) ઓફિસ : શ્રી હરિદ્વાર ગુજરાતી ધર્મશાળા ટ્રસ્ટ
ઈ-૫, તાજ બિલ્ડીંગ (ત્રીજો માળે) ૨૧૦, ડી.એન. રોડ,
મુંબઇ-૪૦૦૦૦૧ ફોન : (૦૨૨) ૨૨૦૧૬૯૬૪

★ **શ્રી વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ**
'શાંતિ-કુંજ', ઋષિકેશ રોડ, હરિદ્વાર (ઉત્તરાંચલ)
ફોન : (૦૧૩૩૪) ૨૬૦૬૦૨
રહેવા માટે બ્લોક ઉપલબ્ધ છે. જમવાની સુંદર વ્યવસ્થા આયુર્વેદ દવાખાનું ઉપલબ્ધ છે. સંસ્કાર વિધિ કરવામાં આવે છે. રેલવે સ્ટેશનથી લગભગ ૭ કિ.મી. ઋષિકેશ રોડ ઉપર.

★ **શ્રી સ્વામિનારાયણ આશ્રમ**
ગંગા કિનારે, શીશમ ઝાડી, મુનીકી રેતી, ઋષિકેશ
(ઉત્તરાંચલ) ફોન : (૦૧૩૫) ૨૪૩૩૨૭૪
મો. : ૯૩૧૯૮૨૫૦૫૦. રહેવા જમવાની સુંદર વ્યવસ્થા છે.

★ **શ્રી સુદ ધર્મશાલા**
રામ મંદિર કોમ્પ્લેક્ષ, સિમલા-૧૭૧૦૦૧
ફોન : (૦૧૭૭) ૨૬૫૭૨૦૨, ૨૬૫૭૨૦૧
રહેવાની કિફાયતી સુંદર વ્યવસ્થા છે.

## સેતુ-સહયોગી આવકાર

### નાગપુર દંપતી





સવિનય જણાવવાનું કે છેલ્લા ૩ દાયકાથી હું મારા કુટુંબ સાથે નાગપુર ખાતે સ્થાયી થયો છું. મેડિકલ રિપ્રેઝન્ટેટીવ તરીકેની લાંબી કારકીર્દીમાં પત્નીએ ટપાલખાતાની બચત યોજનાઓના સલાહકાર રૂપે સાથ આપ્યો. નાગપુર અગાઉ રાયપુર ખાતે લાંબો વસવાટ થયેલ તથા વતન કચ્છને ભૂલ્યા વિના વાર તહેવાર પર જવાનું થતું રહ્યું. તેથી પુત્રીના લગ્ન ભુજ ખાતે સુંદર સધ્ધર પરિવારમાં સુપેરે થયાં. રાયપુર સાથેનો નાતો જરાય વિચ્છેદ થયો નથી. ત્યાં મોટી પુત્રી સહકુટુંબ આનંદમાં રહે છે.

સેતુને સહયોગ બાબત આપની અપીલ ખૂબ ગમી અને અસર કરી ગઇ.

અહીં નાગપુરમાં આપણા મંડળના આશરે ૨૫ ઘર છે તથા રાયપુરમાં ૧૦૦થી વધુ છે. મારો સંપર્ક બન્ને સ્થળે છે.

બનતો સહયોગ આપવામાં મને આનંદ થશે. સેતુનો દરેક અંક જાણે વિશેષાંક હોય તેવો સરસ ભાસે છે. આપને એ બદલ ખૂબ ખૂબ અભિનંદન. શુભકામનાઓ સહિત...

***ભાણજી ચુનીલાલ સોની - નાગપુર***

*આભાર. અમને એ જાણી અત્યંત હર્ષ થયો કે આપે 'જ્ઞાતિ સેતુ'ના સહયોગી તરીકે સાથ આપવા ઉત્સુકતા બતાવી છે.*

*સેતુ પરિવાર આપનું ભાવભર્યું સ્વાગત કરે છે અને આ અંકમાં જ સહયોગી તરીકે આપનું નામ 'સેતુ'માં મૂકવામાં આવશે જેની નોંધ લેશો.*

*આપ 'સેતુ'ને કેવો અને કઈ પ્રકારે સહયોગ આપી શકશો તે ખાસ જણાવશો. અમારી અપેક્ષા એવી છે કે 'જ્ઞાતિ સેતુ' આપના વિસ્તારમાં દરેકે દરેક પરિવારને મળે. તે માટે આપ 'સેતુ'ના સભ્યો બનાવશો. તદ્‌પરાંત આગામી દિવાળી અંક માટે જાહેરાત અપાવશો એવી અપેક્ષા છે, પણ આવશ્યક નથી. 'સેતુ' પ્રત્યેનો આપનો 'સદ્‌ભાવ' અમારા માટે અણમોલ છે.*

***– મુખ્ય તંત્રી***

## પ્રતિભાવ

આપણો સેતુ અંક નિયમિત આવે છે અને અમોને વાંચીને ઘણો જ આનંદ થાય છે. એવો સરસ આપણો જ્ઞાતિ સેતુ વાંચીને મને બહુંજ ગૌરવ થાય છે આ સાથે તંત્રીશ્રીને વિનંતી છે, મારૂં સંકલન મોકલાવું છું જે બની શકે તો સેતુમાં છાપશો. મારી પાસે સારી ચિંતન કણીકાઓ, ઘણી કવિતાઓ પણ છે. ઘણાં સારા ધાર્મિક લેખો છે જેનું હું ઇચ્છું છું કે સદઉપયોગ થાય અને ઘણા વાંચન પ્રેમીઓને આત્મઆનંદ મળે એજ અભિલાષા. આભાર.

***નાનાલાલ એન. સકરીયા - મુંબઇ***

'જ્ઞાતિ સેતુ' ને સાત વર્ષ પૂરા થશે તે બદલ હાર્દિક અભિનંદન

હજુ જાણે કાલની જ વાત લાગે છે જ્યારે પ્રથમ મુખપત્ર સેતુ મારા હાથમાં આવ્યું હતું. અને સાત વર્ષ પૂરા કરવાની તૈયારીમાં જ છે વાહ.... ખુબ જ સારૂં. આવું ભગીરથ કાર્ય કરવા બદલ ખુબજ અભિનંદન - સેતુની પૂરી ટીમને. દરેકે-દરેક અંક ખુબજ સુંદર અને સારા હોય છે. જાણે જમવાની પ્લેટમાં અલગ-અલગ વાનગી પીરસી હોય એજ રીતે 'જ્ઞાતિ સેતુ'ના દરેક અંકમાં માહિતીનો ભંડાર પીરસાય છે, જે સાચવવા યોગ્ય હોય છે. જેટલા ફળ મીઠા લાગે છે તેની પાછળ પુરૂષાર્થ પણ તેટલો જ છુપાયેલો હોય છે તે વાસ્તવિકતા સ્વીકારવી પડે. 'સેતુ'ની પુરી ટીમને ખુબ અને ખુબજ અભિનંદન. આપણું આ 'સેતુ' ઉત્તરોત્તર ઉન્નતિ અને પ્રગતિ કરતું રહે તેવી અંતરની શુભેચ્છા.

***આર.પી. પોમલ - અંજાર (કચ્છ)***

## FUNNY ENGLISH TRANSLATION


| | | |
|---|---|---|
| Large State | - | મહારાષ્ટ્ર |
| Mr. City | - | શ્રીનગર |
| Rythm of eyes | - | નૈનીતાલ |
| Face | - | સુરત |
| Unmarried Girl | - | કન્યાકુમારી |
| God's Gate | - | હરિદ્વાર |
| Saints hair | - | ઋષિકેશ |
| Juice making | - | બનારસ |
| Come in evening | - | આસામ |
| Victory City | - | જયપુર |
| Ear City | - | કાનપુર |
| Snake City | - | નાગપુર |

***સોની જીગર હિંમતલાલ - વિથોણ***

## 'જ્ઞાતિ-સેતુ' સહયોગી બનો

**'જ્ઞાતિસેતુ'ના પ્રસારના આધાર સ્થંભોમાં સહયોગીઓનું યોગદાન મહત્ત્વનું રહે છે. આપણા સમાજના યુવા ભાઈ-બહેનોને અનુરોધ છે કે જો આપની પાસે થોડો સમય હોય, સમાજને ઉપયોગી થવાની ભાવના હોય તો 'સેતુ' આપને અનુકૂળ એવી 'તક' આપી શકે છે. સેતુ કાર્યાલયનો સંપર્ક કરી વધુ વિગતો મેળવી શકો છો.** ***– મુખ્યતંત્રી***


## માધ્યમિક અને પ્રાથમિક શિક્ષણ (K.G. to Std.-9)




પાર્થ
હર્ષદભાઈ સોની
અમદાવાદ
Jr. K.G. : A Gr.



ભવ્યા
નીલેશભાઈ સોની
અમદાવાદ
ધોરણ-૧ : ૯૭.૫%



પ્રિન્સી
હર્ષદભાઈ સોની
અમદાવાદ
ધોરણ-૬ : ૯૫.૧૧%




હેમલ
નીતિનભાઈ સોલંકી
ભુજ
ધોરણ-૮ : ૭૧%




પૂર્વી
રાહુલભાઈ પોમલ
અંજાર
ધોરણ-૯ : ૬૧%


## ઉચ્ચ શિક્ષણ



કૃપેશ
કીર્તિભાઈ સોની
ગાંધીધામ
S.S.C. - 71.84%



પ્રિયંકા
નીતિનભાઈ સોલંકી
H.S.C. (Sc.)
80.34% Percantile Rk.




પારૂલ
મુકેશ પોમલ
H.S.C. - 60%




ધર્મીન
નવીનભાઈ પોમલ
અંજાર
PGDMCA - 77.90%




દિશાંક
મહેશચંદ્ર સોની
T.Y.B.C.A. - 62.5%




રાહુલ
જગદીશભાઈ પોમલ
અંજાર
T.Y.I.T. CA - A+ Gr.



જલ્પા
ડી. મૈચા
વેદા, તા. માણસા (ગાંધીનગર)
MBA (Final) - Distinction



ચિરાગ
આઈ. સોની
માંડવી (કચ્છ)
B.E. Mech. 2nd Yr.-78.1%



★ અંજાર નિવાસી હાલે વાડી (કર્ણાટક)માં સ્થાયી **શ્રી જયેન્દ્ર જયંતીલાલ પોમલ** ના સુપુત્રી **ચિ. રીધ્ધિ** (ઉં.વ.-૨૧) સિરામીક્સ અને સિમેન્ટ ટેકનોલોજી બ્રાંચમાં બી.ઈ. એન્જીનીયરીંગમાં ૮૩ ટકા માર્કસ પ્રાપ્ત કરેલ છે. તાજેતરમાં એ.સી.સી. સિમેન્ટ કંપનીમાં ડેપ્યુટી મેનેજર (કેમિકલ્સ)ના હોદ્દા પર થાણા રીસર્ચ સેન્ટર - મુંબઈમાં નિમણુંક થઈ છે.

જયેન્દ્રભાઈ હાલે મેનેજરના હોદ્દા પર એ.સી.સી. સિમેન્ટ કંપની, વાડી, કર્ણાટકમાં કામ કરે છે.

***કુ. રીધ્ધિને 'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી હાર્દિક અભિનંદન અને ઉત્તરોત્તર પ્રગતિ સાધે તેવી હાર્દિક શુભ કામનાઓ.***

# શતરંજના ખેલ

**હંસરાજ કંસારા - અમદાવાદ**

*ગત અંક સુધી આપણે વાંચ્યું....*

*એક રાજા શતરંજના ખેલમાં એના તરૂણ નોકર સુકાળથી હારી ગયો. આપેલા વચન મુજબ, સુકાળને શતરંજના પ્રથમ કોઠામાં એક પછી પ્રત્યેક કોઠામાં બમણાના હિસાબે અનાજ આપવા હુકમ કર્યો. રાજના અન્નભંડાર ખાલી થઈ જાય એવો આ હુકમ હતો. પાડોશના સામંતની મદદથી રાજસત્તા પોતાના હાથમાં લેવાની વેતરણમાં સફળ થવાની અણી ટાણે, આ રાજ હુકમે દીવાન મૂંઝાયો. કારણ કે રાજ્યના અન્ન ભંડારનું ભોંયરું, જે પડોશી રાજની હદ સુધી જતું હતું ત્યાંથી શસ્ત્રો, આવી ગયા હતા. આવા કટાણે રાજાનો વિશ્વાસુ ચાકર ભંડારમાં ન આવે તે માટે દીવાને તરૂણને એક મહિના પછી સોમવતી અમાસને રોજ અનાજ લેવા આવવાનો આદેશ આપ્યો. સુકાળ રાજમાતાનો પણ વિશ્વાસુ હતો.*

*ગામની પાદરે ટેકરી પર કાલી માતાના મંદિરના વૃદ્ધ પુજારી અને રાજમાતાને દીવાનની હીલચાલની ગંધ હતી પરંતુ એની આગલી ચાલ સમજાતી નહોતી. આગામી સંકટનો સામનો કરવા અને દીવાનની ચાલ નિષ્ફળ કરવાના પૂજારીના આયોજનને અનુસરતાં સુકાળને મહેલ અંદરના ભેદી ભોંયરાઓની ભાળ મળી. એ ભોંયરાના ત્રિભેટે, એક રસ્તો કાલી મંદિરે જતો હતો અને બીજો રસ્તો રાજમાતાના પિયરના ગામ તરફ જતો હશે એવું અનુમાન સુકાળે કર્યું. હવે સુકાળ ત્રિશૂળની વચલી પાંખે જતા રસ્તે આગળ વધ્યો. કાલી માતાની ખંડિત મૂર્તિએ એને રસ્તો સુઝાડ્યો. અનાયાસ એને ભંડારની પછીત ભોંયરામાં પડતી હોવાનું સમજાયું. ત્યાં દીવાન અને ભંડારીને જોઈ એને ભય લાગ્યો. કાલી માંની મૂર્તિની પગથી પર છૂપાવા જતાં એ જમીન ખસકી અને અંધારા કૂવામાં એ ઉતરી ગયો.*

*હવે આગળ વાંચો....*

....સુકાળ સુન્ન થઈ ગયો. થોડીવારે એને કળ વળી. એણે આજુબાજુ ગરદન ઘુમાવી, ઉપર નીચે જોવાનો પણ પ્રયાસ કર્યો. પરંતુ એની આંખે ચોતરફ નકોર અંધારૂં જ અથડાયું. ઘોર અંધકારમાંથી બહાર નીકળવાનો રસ્તો શોધવા એણે એના બંને હાથ આગળ ફેલાવ્યા. એનો જમણો હાથ નીચેની તરફ જતાં એને ખભે લટકતી થેલી પણ સરકીને એના કાંડા આગળ અટકી ગઈ.

"....આ થેલીમાં તને સફરમાં કામ લાગે તેવું ભાથું છે. પણ તું આ થેલી ત્યારે જ ખોલજે જ્યારે તું એકદમ અટવાઈ જાય. તને કોઈ દિશા ન સુઝે. ત્યારે તને આમાંની વસ્તુઓ કામ લાગશે..."

સુકાળને કાલી માતાના મંદિરના પૂજારી બાબાએ, સૂચનો કરતી વખતે એ થેલી આપતાં કહેલા શબ્દો યાદ આવ્યા. એને ધરપત થઈ. એ ત્યાં જ બેસી ગયો. થેલી ખોલી, એમાંની વસ્તુઓ શું છે તે જાણવા એના પર હાથ ફેરવવા લાગ્યો. એને લાગ્યું કે ગોલા જેવા લાગતા બે ખરબચડા પથ્થર હતા. એક બંધ ચપ્પુ જેવું સાધન હતું. એણે એને અડસટ્ટે ખોલ્યું. એની આંગળીએ એની ધારનો ઘસરકો થતાં એ સમજી ગયો કે એ ચપ્પુ જ હતું. બીજું એક ચોસલું હતું. એના પર હાથ ફેરવતાં એણે મનોમન અનુમાન કર્યું કે એ મીણનો ગઠ્ઠો હતો. ચોથી વસ્તુ ઉપરથી નરમ લાગતું ફીંડલું હતું. એણે એ ખોલ્યું. એમાં કપાસ હતું એ સમજતાં સુકાળને વાર ન લાગી.

"ગુરૂજીએ આ વસ્તુઓ આપી છે એટલે જરૂર એનો કંઈક ઉપયોગ હશે જ. પણ મને તો કકડીને ભૂખ લાગી છે. આ બે પથ્થર ગોળ તો છે પણ એનાથી મારી ભૂખ થોડી ભાંગશે? ખરૂં છે આ ગુરૂજીનું ભાતું!" એમ બબડતાં, સુકાળે એ બંને પથ્થર એકબીજા સાથે જોરથી અફાળ્યા. પથ્થર એકબીજા સાથે અફડાતાં એમાંથી ચકમક ઝર્યું. એ ઊભો હતો તેટલામાં વીજળીની માફક થોડી રોશની થઈને અલોપ થઈ ગઈ. પરંતુ એ ક્ષણ માટે થયેલો ઉજાસ સુકાળના મનમાં પણ ઝબકી ગયો. અરે વાહ! આ તો ચકમક પથ્થર. સાથે કપાસ પણ છે અને મીણ પણ છે! એને એ ઊંડો અંધારો કૂવો પ્રકાશમય કરવાનાં સાધન મળી ગયાં. એણે કપાસની ફુલવાટ બનાવી. મીણના ચોસલાને વચ્ચેથી ચપ્પુ વડે ખોતર્યું. એની છાલ ફૂલવાટ પર ચોડી, એને ખોતરેલા મીણના ચોસલા પર વચ્ચોવચ્ચ મૂકી. પછી એણે બંને પથ્થરોને જોરજોરથી એકબીજા સાથે ઘસ્યા. દરેક ઘસારે તણખા ઝર્યા. એમાંના કેટલાક તણખાએ, વાટ સળગી. એ ઊભો હતો એની ચોમેર ઉજાસ થયો.

કૂવા ઘાટના એ સ્થળની આજુબાજુ પથ્થરની દીવાલ ચૂને મઢેલ હતી. ક્યાંય કોઈ બહાર નીકળવાનો સંકેત આપતું છિદ્ર જોવા એણે દીવાલ ફરતા હાથ ફેરવ્યા. એક સ્થળે એને એ દીવાલ કંઈક ઉપસેલી લાગી. એણે ત્યાં બારીકીથી જોયું તો વચ્ચે એક તિરાડ હતી. થોડો વિચાર કરી એણે એ તિરાડમાં ચપ્પુની અણી ભેરવી, દબવી તાળું ખોલવા ચાવી ફેરવે તેમ ચપ્પુને જોરથી ફેરવ્યું. ખટાક અવાજ થયો. દીવાલનો લગભગ માથોડા જેટલો ભાગ થોડો આગળની તરફ સરક્યો. હવે એની સામે દીવાલનો એ હિસ્સો હતો જેની બંને બાજુ ખુલ્લી હતી.

સુકાળે પળવાર કઈ તરફ જવું એનો વિચાર કર્યો. જે ભોંયરામાંથી એ અહીં સુધી પહોંચ્યો હતો તેની ડાબી બાજુની દીવાલે ભંડાર હતો. એટલે અહીં પણ એ બાજુ ભંડારની પછીત જ હશે એમ માની, એ સાવધાનીથી જમણી તરફ આગળ વધ્યો.

મિણબત્તીના પ્રકાશે આગળ ઉપરનો માર્ગ એને સ્પષ્ટ વરતાતો હતો. એ પોલાણમાં ક્યાંય હવાબારૂં નહોતું. છતાં ખુલ્લી વાટેથી આવતો હળવો પવન એનો ઉત્સાહ વધારતો હતો. લગભગ અડધા કલાકની મજલને અંતે, એક બાંકોરા આગળ પૂરો થયો. બાંકોરા વાટેથી આવતા પ્રકાશ

અને પવને એનું મન હળવું કર્યું. બાંકોરા વાટે, જે સ્થળે એ આવ્યો હતો તે જોઈ એને આશ્ચર્ય થયું.

અરે! આ તો કાલી મંદિરનું ગર્ભ ગૃહ! સુકાળ મનોમન હરખાયો. એને હાશ થઈ. મહાકાળીની આદમ કદની મૂર્તિની પાછળથી એ મંદિરના પ્રવેશદ્વાર પાસે આવ્યો. એણે બહાર જોયું. સૂર્ય હવે દક્ષિણ - પૂર્વ આકાશે થોડો ઉપર હતો. એનો ઉષ્માસભર ઉજાસ સીધો એના પૂજારી બાબાની સાધના ચોકી પર પડતો હતો. ત્યાં એ પદ્માસન વાળીને સમાધિમગ્ન બેઠા હતા.

સુકાળ થોડીવાર સુધી એકટક એમને જોઈ રહ્યો. એમના માથા અને દાઢીના સફેદ વાળ મંદ હવામાં લહેરાતા હતા. એમનું ભવ્ય કપાળ ચમકતું હતું. છીપલાંની માફક અર્ધમિંચેલી આંખો, એની વચ્ચોવચથી પસાર થતું સીધું નાક, એની નીચે મરક મરક થતાં પાતળા હોઠ. ગોઠણ સુધી લંબાયેલી બંને માંસલ ભૂજાઓ અને વિશાળ છાતી... બાબાનું ઓજસ્વી અસ્તિત્વ સુકાળને અભિભૂત કરતું રહ્યું. બાબાએ હળવેકથી આંખો ખોલી સુકાળ તરફ જોયું. એમની આંખોમાંથી સુકાળ પ્રત્યેનું એમનું વાત્સલ્ય વરસતું હતું.

“મને વિશ્વાસ હતો સુકાળ, કે તારી ભૂગર્ભ સફરને અંતે તું અહીં જ આવશે...” એમ કહી બાબાએ ઈશારાથી એને પાસે બોલાવી, બેસાડ્યો.

સુકાળે એની સફરની રજેરજ વાત કહી. બાબાજીએ હળવા સ્મિત સાથે સંતોષ વ્યક્ત કર્યો.

“સુકાળ, તારી આ એક જ ચાલે શતરંજની બાજી પલટાઈ ગઈ. હવે તું દીવાનને મહાત્ કરવા શેહ આપી શકશે. હવે એક સાથે ગુફા, અન્ન ભંડાર અને શસ્ત્રાગાર – ત્રણે ચાલ આપણા માટે ખુલ્લી છે.”

“શસ્ત્રાગાર?....”

“હા... શસ્ત્રાગાર....” બાબાએ જવાબ આપ્યો.

“પરંતુ આખી વાટે મેં તો ક્યાંય શસ્ત્રો ન જોયા?” સુકાળે એની શંકા વ્યક્ત કરી.

“એ જોવા માટે પ્રથમ તારે રાજની સંરક્ષણ નીતિ સમજવી પડે. કોઈ પણ રાજ્યને સંરક્ષણ માટે સર્વ પ્રથમ અન્ન, પાણી, શસ્ત્રો અને વખત આવે છૂપે રસ્તેથી ભાગી જવાની વ્યવસ્થા રાખવી પડે. અને એટલે જ એ આવા ભોંયરાઓમાં પોતાને હાથવગી એની વ્યવસ્થા રાખે. જેથી બહારથી કોઈ દુશ્મન ઘેરાવો કરે ત્યારે લાંબા વખત સુધી ટકી શકે.” પુજારી બાબાએ સમજાવ્યું.

ત્રિશુળને ત્રિભેટે જે એક રસ્તો તેં જોયો, તે નાસી છુટવાનો અને પાણીના અખૂટ સ્રોત માટેનો હશે. બીજે છેડે તેં અન્ન ભંડારની પછીત જોઈ. એ જ રીતે, તું જે બાજુ ન ગયો ત્યાં શસ્ત્રાગાર ચોક્કસ હશે.” પૂજારી બાબાએ સ્પષ્ટતા કરી.

*(વધુ આવતા અંકે)*


# Matrimonial



| | | |
|---|---|---|
| Name | : | **NILESH LAXMIKANT KOTADIA** |
| Date of Birth | : | 24th Aug., 1985 |
| Time of Birth | : | 05:45 AM |
| Birth Place | : | Mumbai (Ghatkopar) |
| Hieght | : | 5'11" (175 cms) |
| Blood Group | : | B+ |
| Qualification | : | 2 Yrs In E&Tc, ITI From Kohinoor Institute Mumbai. |
| Work | : | Auto Mobiles Business |
| Income | : | 5 to 6 lacs per annum |
| Hobbies | : | Play Tennis, Listening Music, Reading Books etc. |
| Address | : | C8,C9 Madhu Bldg, Amrut Nagar Co.Op. HSg. Soc. Ltd.<br>Amrut Nagar, Ghatkopar (W)<br>Mumbai - 400 086. |
| Contact No. | : | Resi : 022-25001703,<br>Mob : 09920618501, 9967721214, 9821174111.<br>Email : nileshonline3@yahoo.co.in |

## હાય રે!..... આ પરીક્ષાઓ

આ ગણિત મને ઘડ પડતું નથી,
ને વિજ્ઞાન મારું વંચાતું નથી,
હાય રે આ પરીક્ષાનો ઉપાય મને કોઇ બતાવતું નથી.
આ સામાજિક વિજ્ઞાન મને સમજાતું નથી,
ને અંગ્રેજી મને આવડતું નથી,
હાય રે આ પરીક્ષાનો ઉપાય મને કોઇ બતાવતું નથી.
ગુજરાતીમાં કંઇ ગતાગમ પડતી નથી,
ને સંસ્કૃતનાં શ્લોકો પણ સરળ નથી,
હાય રે આ પરીક્ષાનો ઉપાય મને કોઇ બતાવતું નથી.
પરીક્ષા પાસે આવે, ફીમાં ટેન્શન લાવે,
સાથે-સાથે મારા માટે ઉજાગરા લાવે,
હાય રે આ પરીક્ષાનો ઉપાય મને કોઇ બતાવતું નથી.
એક બાજુ છે, માતા-પિતાનું પ્રેશર,
તો બીજી બાજુ છે, શાળાનું પ્રેશર,
ત્રીજી તરફ છે ટ્યુશનનું ટેન્શન,
તો ચોથી તરફ છે પ્રતિષ્ઠાનો પ્રશ્ન.
હાય રે આ પરીક્ષાનો ઉપાય મને કોઇ બતાવતો નથી,
ગણિતનાં સૂત્રો તો, વિજ્ઞાનનાં સમીકરણો,
ને આ અંગ્રેજીનાં કાળ કોણ જાણે કેમ
મને સમજાતા જ નથી,
અંતે તો આ બધું સહેવાનું જ છે, બાળકોને-વિદ્યાર્થીઓને
તેમ છતાંય કોણ જાણે કેમ?
હાય રે આ પરીક્ષાનો ઉપાય મને કોઇ બતાવતું નથી.
નિરાશા વ્યાપી ગયો પ્રભુ પાસ
અચાનક થયો કંઇક દિલમાં આભાસ
દિનાનાથે આપ્યો મને વિશ્વાસ,
કરીશ જો તું મહેનત, ખાસ આપું છું તને હું આસ,
જા તું થઇશ પાસ.
વાહ રે, આ પરીક્ષાનો ઉપાય મારા નાથ મને બતાવ્યો આજ.

*બારમેડા પ્રવીણા ધર્મેન્દ્રભાઇ - અંજાર*

### બાળ વિભાગ

**ગત અંકમાં આપેલા કોયડાનું પરિણામ અગાઉ જણાવ્યા મુજબ દીપોત્સવી અંકમાં પ્રકાશિત થશે. જુન-જુલાઇ અંકમાં આપેલા કોયડાના ઉત્તરો હજી પણ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૧ સુધી મોકલી શકો છો.**

***– મુખ્ય તંત્રી***

## પ્રાર્થના ચિઠ્ઠી

*રશ્મિન બારમેડા*

શ્રી ભગવાનભાઈ ઈશ્વરભાઈ પરમાત્મા (શંખચક્રવાળા)
સ્વર્ગ લોક, નર્કની સામે,
વાદળાની વચ્ચે, મુ. આકાશ.

*પ્રિય મિત્ર ભગવાન,*

જય ભારત સાથે જણાવવાનું કે હું તારા ભવ્ય મંદિરથી થોડે દૂર આવેલી એક સરકારી શાળાના ૭મા ધોરણમાં ભણું છું. મારા પિતાજી દાણાપીઠમાં મજૂરી કરે છે અને મારી માં રોજ બીજાનાં ઘરકામ કરવા જાય છે. 'હું શું કામ ભણું છું?' એની મારા મા-બાપને ખબર નથી. કદાચ શિષ્યવૃત્તિના પૈસા અને મફત જમવાનું નિશાળમાંથી મળે છે એટલે મારા મા-બાપ મને રોજ નિશાળે ધકેલે છે. ભગવાન, બે-ચાર સવાલો પૂછવા માટે મેં તને પત્ર લખ્યો છે. મારા સાહેબે કીધું'તું કે તું સાચી વાત જરૂર સાંભળે છે...!

*પ્રશ્ન-૧ :* હું રોજ સાંજે તારા મંદિરે આવું છું અને નિયમિત સવારે નિશાળે જાઉં છું. પણ હે ભગવાન! તારી ઉપર આરસપહાણનું મંદિર અને એ.સી. છે અને મારી નિશાળમાં ઉપર છાપરુંય કેમ નથી... દર ચોમાસે પાણી ટપકે છે. આ મને સમજાતું નથી...!

*પ્રશ્ન-૨ :* તને રોજ ૩૨ ભાતનાં પકવાન પીરસાય છે ને તું તો ખાતો'ય નથી. અને હું દરરોજ બપોરે મધ્યાહ્નભોજનના એક મુઠ્ઠી ભાતથી ભૂખ્યો ઘરે જાઉં છું...! આવું કેમ...?

*પ્રશ્ન-૩ :* મારી નાની બેનનાં ફાટેલા ફ્રોક ઉપર કોઈ થીગડુંય મારતું નથી અને તારા પચરંગી નવા નવા વાઘા...! સાચું કહું ભગવાન, હું રોજ તને નહીં, તારા કપડાં જોવા આવું છું...!

*પ્રશ્ન-૪ :* તારા પ્રસંગે લાખો માણસો મંદિરે સમાતા નથી અને ૨૬મી જાન્યુઆરી અને ૧૫મી ઓગસ્ટે જ્યારે હું બે મહિનાથી મહેનત કરેલું દેશભક્તિ ગીત રજૂ કરૂં છું ત્યારે સામે હોય છે માત્ર મારા શિક્ષકો... ને બાળકો... હે ઈશ્વર! તારા મંદિરે જે સમાતા નથી ઈ બધાય 'મારા મંદિરે' કેમ ડોકાતા નથી...?

*પ્રશ્ન-૫ :* તને ખોટું લાગે તો ભલે લાગે પણ મારા ગામમાં એક ફાઈવસ્ટાર હોટલ જેવું મંદિર છે ને એક મંદિર જેવી પ્રાથમિક શાળા છે. પ્રભુ! મેં સાંભળ્યું છે કે તું તો અમારી બનાવેલી મૂર્તિ છો, તો'ય આવી જલજલાટ છો અને અમે તો તારી બનાવેલી મૂર્તિ છીએ, તોય અમારા ચહેરા ઉપર નૂર કેમ નથી...?

શક્ય હોય તો આ પાંચેયના જવાબ આપજે.... મને વાર્ષિક પરીક્ષામાં કામ લાગે... ભગવાન મારે ખૂબ આગળ ભણવું છે, ડોક્ટર થવું છે પણ મારા મા-બાપ પાસે ફી ના કે ટ્યુશનના પૈસા નથી... તું જો તારી એક દિવસની તારી દાનપેટી મને મોકલે ને, તો હું આખી જીંદગી ભણી શકું... વિચારીને કે'જે... હું જાણું છું તારેય ઘણાયને પૂછવું પડે એમ છે.

પરંતુ ૭મા ધોરણની વાર્ષિક પરીક્ષા જો તું મારામાં ધ્યાન નહીં આપે તો મારા બાપુ મને સામે ચાવાળાની હોટલે રોજના રૂા. પાંચના ભવ્ય પગારથી નોકરીએ રાખી દેશે...! ને પછી આખી જીંદગી હું તારા શ્રીમંત ભક્તોને ચા પાઈશ... પણ તારી હારે કિટ્ટા કરી નાખીશ...!

જલ્દી કરજે ભગવાન...! સમય બહું ઓછો છે તારી પાસે... અને મારી પાસે પણ...

*લી. એક સરકારી શાળાનો ગરીબ વિદ્યાર્થી*
*અથવા ભારતના એક ભાવિ મજૂરના વંદે માતરમ્*

## "જ્ઞાતિસેતુ"ના પરત આવેલા અંકોની યાદી

*"જ્ઞાતિસેતુ" એપ્રિલ - મે / જુન - જુલાઈ સંયુક્ત અંકના નીચેના અંકો પરત આવેલ છે. જો તેમના સરનામા ફેરફાર થયાની કોઈને જાણ હોય તો "જ્ઞાતિસેતુ" કાર્યાલયે લેખિત જાણ કરવી.*

| ક્રમ | ગ્રાહક નં. | નામ | સ્થળ |
|---|---|---|---|
| ૧. | ૭૯૨ | સોની મનીષકુમાર વિઠ્ઠલદાસ | મોડાસા (સાબરકાંઠા) |
| ૨. | ૨૮૭ | સોની રસીકલાલ કાનજી પોમલ | ઝરસુખડા, સંબલપુર (ઓરીસ્સા) |
| ૩. | ૩૬ | સોની હિંમતલાલ એલ. પોમલ | થાણા (મહારાષ્ટ્ર) |
| ૪. | ૭૭૯ | સોની પ્રવીણભાઈ ઘેલાભાઈ | નાગપુર |
| ૫. | ૭૧૩ | સોની વસંતભાઈ લાલજી | ભુજ, કચ્છ |
| ૬. | ૯૦૧ | સોની ભૂપેન્દ્ર નાનાલાલ બુધ્ધભટ્ટી | ભુજ, કચ્છ |
| ૭. | ૬૬૯ | સોની કાર્તિક નવીનચંદ્ર | ભુજ, કચ્છ |
| ૮. | ૮૨૭ | રાધિકા જ્વેલર્સ | નખત્રાણા, કચ્છ |
| ૯. | ૩૨૪ | પોમલ નિખિલ પ્રેમજીભાઈ | ભુજ, કચ્છ |
| ૧૦. | ૮૯૬ | કિરણકુમાર એચ. બુધ્ધભટ્ટી | અંજાર, કચ્છ |
| ૧૧. | ૬૬૮ | વિમલકુમાર એમ. બીજલાણી | ભુજ, કચ્છ |
| ૧૨. | ૧૮૧ | છત્રાળા મહેન્દ્ર વિઠ્ઠલદાસ | અંજાર, કચ્છ |
| ૧૩. | ૬૫૫ | ઈંદીરાબેન એમ. પોમલ | અંજાર, કચ્છ |
| ૧૪. | ૮૩ | સોની રામદાસ લખમશી | અંજાર, કચ્છ |
| ૧૫. | ૫૦૯ | શરદ રતિલાલ બુધ્ધભટ્ટી | અમદાવાદ |
| ૧૬. | ૭૨૮ | જેરામભાઈ સોની | જેતપુર, રાજકોટ. |
| ૧૭. | ૩૩૩ | કિશોરભાઈ કલ્યાણજીભાઈ ભુત | જામનગર |
| ૧૮. | ૪૮ | સોની ઈશ્વરલાલ વિશ્રામ | પાટણ (બનાસકાંઠા) |
| ૧૯. | ૯૦૪ | સોની નરેન્દ્રભાઈ | રાણીપ, અમદાવાદ |


**ATTENTION**

## JOB OPPORTUNITY FOR YOUTH OF OUR COMMUNITY

M/s Harilal Lakhamshi Jwellers of Anjar needs young talent of our community to work as Sales Executive or Computer Operator for their showroom and Daily Shopping Mall at Anjar and Gandhidham.

This 'Ad' is exclusive for publication in Gnyati Setu with view to offer the job opportunity to our community.

**INTERESTED YOUTH OF OUR COMMUNITY MAY CONTACT :**

**Haribhai Soni — (M) 9879530853**

**Ankitbhai Soni — (M) 9879530852**

**ISSUED BY:**

**M/s Harilal Lakhamshi Jwellers - Anjar (Kutch)**

# "જ્ઞાતિ સેતુ"

## દિવાળી અંક

"જ્ઞાતિસેતુ"નો આગામી અંક દિવાળી પર્વ નિમિત્તે વિશેષાંક હશે. સમાજના વિવિધ જ્ઞાતિ મંડળો, યુવા મંડળો, મહિલા મંડળો વિગેરેને અનુરોધ છે કે આ અંક માટે તેમની પ્રવૃત્તિઓ / આગામી આયોજનો વિ.ની વિગતો લખી જણાવે.

'જ્ઞાતિસેતુ'ના માનવંતા લેખકોને વિનંતી છે કે તેમના વિચારો, લેખ, વાર્તા, કાવ્ય વિ. સ્પષ્ટ અક્ષરે, પૃષ્ઠની એક બાજુએ લખી, **મોડામાં મોડા તા. ૫-૧૦-૨૦૧૧ સુધીમાં** મળી જાય તે રીતે નીચે દર્શાવેલ સરનામે મોકલાવી આપવા.

લેખની સાથે લેખકનું પૂરૂં નામ, સરનામું, તેમની તસ્વીર તથા ફોન નંબર જરૂરથી જણાવવા વિનંતી છે.

## "જ્ઞાતિસેતુ"ના વિજ્ઞાપન દાતાઓને અપીલ

'જ્ઞાતિસેતુ'ના સુચારૂ, નિયમિત પ્રકાશન માટે શ્રેષ્ઠીઓ / દાતાઓ જાહેરાતો આપી મહત્વનું યોગદાન આપે છે. આશા છે કે આગામી દિવાળી અંક માટે પણ આપનું યોગદાન, જાહેરાત સ્વરૂપે જરૂરથી મળશે.

વિશેષમાં જણાવવાનું કે આપની જાહેરાત મેળવવા અમદાવાદથી જ્ઞાતિસેતુ પરિવારના કોઈ સભ્યનું, આપને રૂબરૂ મળવા આવવાનું શક્ય ન બને તો આપ આપની જાહેરાતની વિગત આ સાથે સામેલ ફોર્મ સાથે નીચે દર્શાવેલ સરનામે મોકલાવી આપવા નમ્ર વિનંતી છે.

**• "જ્ઞાતિસેતુ" અંગે પત્ર વ્યવહારનું સરનામું •**

**અતુલ સોની**

ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે,

રામદેવનગર, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૭૨૫૦ ૩૮૧૪૦

---

## "જ્ઞાતિસેતુ" દિવાળી અંક માટે જાહેરાત અંગેનું ફોર્મ

**સંસ્થા / કંપની / દુકાનનું નામ** : ______________________

**સરનામું** : ______________________

______________________

**સંપર્ક માટે મુખ્ય વ્યક્તિનું નામ** : ______________________

**ફોન / મોબાઈલ નંબર** : ______________________

**ઈ-મેઈલ** : ______________________

**જાહેરાતની વિગત (નીચે પૈકી એક પર ✓ની નિશાની કરવી.)**

| | | |
|---|---|---|
| ☐ | કવર પેઈજ - ૪ (મલ્ટી કલરમાં) | રૂા. ૩,૫૦૦/- |
| ☐ | કવર પેઈજ - ૨ / ૩ (મલ્ટી કલરમાં) | રૂા. ૩,૦૦૦/- |
| ☐ | અંદરનું આખું પાનું (બ્લેક એન્ડ વ્હાઈટમાં) | રૂા. ૧,૫૦૦/- |
| ☐ | અંદરનું અડધું પાનું (બ્લેક એન્ડ વ્હાઈટમાં) | રૂા. ૮૦૦/- |

જાહેરાતના ભાવો એક અંક માટે છે. જાહેરાતની ડિઝાઈન તૈયાર હોય તો સી.ડી.માં મોકલવી. ડિઝાઈન માટે વિઝીટીંગ કાર્ડ મોકલાવી શકાશે. જાહેરાતની રકમ રોકડા / ડિમાન્ડ ડ્રાફ્ટથી ઉપર દર્શાવેલ **"અતુલ સોની"**ના સરનામે મોકલવા. ડ્રાફ્ટ **"શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ"**ના નામનો મોકલવો.